CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૪
તા.૦૯-૦૬-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪   સૂર્યાસ્ત : ૦૭:૨૩

| તાપમાન | | | |
| --- | --- | --- | --- |
| ડીસા | ૪૧.૬ | વડોદરા | ૪૦.૩ |
| અમદાવાદ | ૪૧.૯ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૪૧.૫ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૦૦૦   સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20   RNI No 20508/71   Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# મોદીની હત્યાના કાવતરાનો પર્દાફાશ

**રાજીવ ગાંધીની જેમ જ હત્યા કરવાનું કાવતરુ ઘડાયું હતું : પુણે પોલીસને એક આરોપીના મકાનમાંથી મળી આવેલા પત્રમાં ચોંકાવનારો ખુલાસો : પાંચ લોકોની ધરપકડ બાદ કાવતરા અંગેની વિગતો ખુલી**

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઘાતકી હત્યા કરવા માટેનું કાવતરું ઘડાયું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. માઓવાદીઓ દ્વારા મોદીની રાજીવ ગાંધીની જેમ હત્યા કરવા માટેનું કાવતરું ઘડી કાઢ્યું હતું. ભીમા-કોરેગાંવમાં જાન્યુઆરીમાં થયેલી હિંસામાં પાંચ લોકોની ધરપ-કડ બાદ આ ચોંકાવનારી વિગતો ખુલી છે. પુણે પોલીસને એક આરોપીના ઘરથી એવો પત્ર મળ્યો છે જેમાં રાજીવ ગાંધીની હત્યા જેવી પ્લાનિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પત્રમાં વડાપ્રધાન મોદીને ટાર્ગેટ બનાવવાની વાત કરવામાં આવી છે. પોલીસે બુધવારના દિવસે રોના જેકબ, સુધીર ઢાવલે, સુરેન્દ્ર ગાડલિંગ સહિત પાંચ લોકોની ધરપકડ કરી હતી. જેકબ વિલ્સનની દિલ્હીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ઢાવલેને મુંબઈમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. ગાડલિંગ અને સોમા સેન અને મહેશ રાવતને નાગપુરમાંથી પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસનું કહેવું છે કે, આ પત્ર વિલ્સનના દિલ્હીના મુનેરકા સ્થિત ફ્લેટમાંથી



કબજે કરવામાં આવ્યો હતો. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, મોદી ૧૫ રાજ્યોમાં ભાજપનું શાસન સ્થાપિત કરવામાં સફળ રહ્યા છે જો એમ જ ચાલશે તો તમામ મોરચા પર પાર્ટી માટે પરેશાની ઉભી થઈ જશે. કોમરેડ કિશન અને અન્ય કેટલાક સિનિયર કોમરેડે મોદી રાજને ખતમ કરવા માટે કેટલાક મજબૂત પગલાનું સૂચન કર્યું હતું. રાજીવ ગાંધીની જેમ હત્યા કરવાની યોજના પર કામ કરવામાં આવ્યું હતું. પાર્ટી પ્રસ્તાવને લઈને વિચારણા કરે તેમ પણ વાત કરવામાં આવી હતી. રોડ શો દરમિયાન મોદીને ટાર્ગેટ બનાવવાની નીતિ અસરકારક બની શકે છે. પાર્ટીનું અનુસંધાન પાના નં.૬

## ડીસા લૂંટકેસ તેમજ પાલનપુરના ફાયરિંગ વિથ મર્ડર કેસમાં સંડોવાયેલી યુવતી એક જ હોવાનું ખુલ્યું

ડીસા

તાજેતરમાં જ પાલનપુર ખાતે બનેલી ફાયરિંગ અને મર્ડરની ચોંકાવનારી ઘટનામાં સંડોવાયેલી મનાતી પાલનપુરની યુવતીએ એક સપ્તાહ પૂર્વે જ પોતાના સાગરીતો સાથે મળી માવસરી ખાતે નર્મદા યોજનાનું કામ કરતા કોન્ટ્રાક્ટરને ડીસા બોલાવી લૂંટી લીધો હોવાની વિગતો તપાસ દરમ્યાન બહાર આવી છે અને ડીસાના લૂંટ કેસ તેમજ પાલનપુરના ફાયરિંગ વિથ મર્ડર કેસમાં સંડોવાયેલી યુવતી એક જ હોવાની સોગંદનામું પણ ડીસા પોલીસે કોર્ટમાં રજૂ કર્યું છે.બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરીના ઉંચકાતા જતા ગ્રાફ વચ્ચે મૂળ કચ્છના વતની અને બનાસકાંઠામાં નર્મદા યોજનાનું કામ કરતા કોન્ટ્રાક્ટરને ડીસા બોલાવ્યા બાદ આ કોન્ટ્રાક્ટરનું અપહરણ કરી તેની ગાડી, તેમના મિત્રનો મોબાઈલ ફોન તેમજ રોકડ રકમ સહિત કુલ ૧૦.૪૪ લાખની મત્તા લૂંટી લેવાયા બાદ કોન્ટ્રાકટરના મિત્રને ભાખર નજીક ફેંકી દેવાયો હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી હતી.આ સનસનીખેજ ઘટનાની વિગતો કઈક એવી છે કે મૂળ કચ્છના અંજાર તાલુકાના મેઘપર ગામના વતની અને હાલ આદિપુર ખાતેની અમનપાર્ક સોસાયટીમાં રહેતા અને બનાસકાંઠાના વાવ તાલુકાના માવસરી ખાતે નર્મદા યોજનામાં કોન્ટ્રાકટર તરીકે કામ કરતા ચેતનભાઈ હીરાભાઈ બલદાણીયાને કેટલાક શખ્સોએ ફોન પર છોકરીની લાલચ આપી પાલનપુરની સંગીતા નામની કોઈ છોકરી સાથે વાત કરાવી ડીસા બોલાવતા ચેતનભાઈ ગત ૨૮મી મે ના રોજ તેમની ગાડી લઈ તેમના મિત્ર પ્રહલાદભાઈ સાથે ડીસા આવ્યા હતા જે દરમ્યાન ચેતનભાઈ આહીર ડીસા હાઈવે પર પોતાને પાલનપુરની સંગીતા તરીકે ઓળખાવતી યુવતી સાથે વાત કરતા હતા એ વખતે ત્યાં ધસી આવેલા પાંચ અજાણ્યા શખ્સોએ ચેતનભાઈ અને તેમના મિત્રને મારપીટ અનુસંધાન પાના નં.૬

## રાધનપુર નજીક ટ્રેલરે જાનૈયા ભરેલા ટ્રેક્ટરને ટક્કર મારતાં બેનાં મોત : ૧૯ ઘાયલ





કમલ ચક્રવર્તી







(તા.પ્રતિ.) રાધનપુર

રાધનપુરથી આઠ કિલોમીટર દૂર જેતલપુર ગામના પાટિયા પાસે શનિવારે વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે જુના અમીરપુરા ગામથી થરા પાસે આવેલા જામપુરા ગામે લગભગ ૩૫ જેટલા જાનૈયા ભરીને ટ્રેક્ટર જઈ રહ્યું હતું એ સમય દરમ્યાન પાછળથી કોલસાની ભુક્કી ભરીને પુરઝડપે પસાર થઈ રહેલા ટ્રેલરે ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતા પાંચ વર્ષીય બાળકની ખોપડીના ફુરચા ઉડી ગયા હતા અને ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત થયું હતું. જયારે મહિલાઓ, બાળકો સહીત અન્ય ૧૯ જાનૈયા ઘાયલ થતા તેમને રાધનપુરની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી પાંચની હાલત ગંભીર જણાતાં પ્રાથમિક સારવાર બાદ ધારપુર ખસેડવામાં આવ્યા હતા. જયારે એક ગંભીર ઘાયલને સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં લઈ જતા તેનું મોત થવા અનુસંધાન પાના નં.૬

### કમનસીબ મૃતકો

| | |
| --- | --- |
| બાબુભાઈ હીરાભાઈ ઠાકોર | ૭૫ |
| વિશ્વાસ પ્રભુભાઈ ઠાકોર | ૫ |

### ઘાયલોની યાદી

| | | | |
| --- | --- | --- | --- |
| સેંધાજી રામસિંહજી ઠાકોર | ૫૭ | શૈલેષભાઈ કરશનભાઈ ઠાકોર | ૧૫ |
| સુંઢા ચતુરજી ઠાકોર | ૫૦ | રામીબેન મેલાભાઈ ઠાકોર | ૫૭ |
| ચંપાબેન ગાંડાભાઈ ઠાકોર | ૫૫ | સુનિલભાઈ વી. ઠાકોર | દોઢ વર્ષ |
| ગોમીબેન અરજણભાઈ ઠાકોર | ૪૦ | હીરાબેન રાજુભાઈ ઠાકોર | ૬૦ |
| હેતીબેન રવાભાઈ ઠાકોર | ૨૫ | સુનિતા ધનાભાઈ ઠાકોર | ૩૧ |
| હેતલબેન બચુભાઈ ઠાકોર | ૧૯ | લક્ષ્મીબેન પ્રભુભાઈ ઠાકોર | ૮૧ |
| સંગીતાબેન મનુભાઈ ઠાકોર | ૨૦ | આશાબેન પશાભાઈ ઠાકોર | ૨૫ |
| વર્ષાબેન વિનોદભાઈ ઠાકોર | ૨૩ | છગનજી ચતુરજી ઠાકોર | ૩૦ |
| રાણાભાઈ રાજાનાભાઈ ઠાકોર | ૫૫ | અગરબેન રસિકભાઈ ઠાકોર | ૨૩ |

### એક કિલોમીટર સુધી ટ્રાફિકજામ



વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે ઉપરથી આંતરરાષ્ટ્રીય માલવહન કરતા અસંખ્ય વાહનો અટવાઈ ગયા હતા અને એક કિલોમીટર સુધી નેશનલ હાઈવેનો એકબાજુનો ભાગ જામ થઈ ગયો હતો. કેટલાક માલવાહક વાહનોના ચાલકોએ વાહનો પાછા વાળીને બીજી સાઈડમાંથી રસ્તો કરીને પસાર થયા હતા. જો કે પોલીસે રોડ વચ્ચે ઊંધા પડેલા ટ્રેલરને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

### ટ્રેલરનું કેબીન બસ્સો મીટર દૂર ગયું



આ અકસ્માત એટલો ભયાનક હતો કે જોરદાર ટક્કરનાં કારણે ટ્રેલરનું આગળનું કેબીન તૂટીને અલગ થઈ ગયું હતું અને રેલિંગ કુદાવીને બીજી સાઈડમાં છેક બસ્સો મીટર દૂર જઈને ઉભું રહી ગયું હતું,જો તેની અડફેટે કોઈ વાહન ચડી ગયું હોત તો વધુ જાનહાની થઈ શકે તેમ હતી.

## વિચાર વૈભવ...

### લગન

જર્મન સંગીતકાર જોહાન્નીસ બ્રાહ્મ (૧૮૩૩-૧૮૯૭) એકવાર હંગેરી દેશમાં સંગીતના કાર્યક્રમો આપવા નીકળેલા. એક દિવસ કાર્યક્રમ શરૂ થવાને થોડી જ વાર હતી ત્યાં મેનેજરે આવીને તેમને જણાવ્યું કે, "આખા રંગભવનમાં માત્ર એક શ્રોતા બેઠેલો છે. તેને ટિકિટના પૈસા પાછા આપીને આજનો કાર્યક્રમ રદ કરીએ તો સારું."

"નહીં, નહીં," બ્રાહ્મે ભાર દઈને કહ્યું, "એ તો પેલા માણસનું અપમાન કહેવાય. સંગીત સાંભળવા માટે તો આવ્યો છે. એની ઈચ્છા પૂરી થવી જ જોઈએ."

નિયત સમયે પડદો ખૂલ્યો અને મંચ પરથી બ્રાહ્મે એવી લગન સાથે સંગીત રજૂ કર્યું કે જાણે રંગભવન આખું ખીચોખીચ ભરેલું હોય!

સુખબીર

## સાર સમાચાર...

### રાહુલ રાજસ્થાનમાં આગામી મહિને પ્રચારનું રણશિંગુ ફૂંકશે

નવીદિલ્હી

કર્ણાટક અને ગુજરાતની જેમ જ રાજસ્થાનમાં પણ કોંગ્રેસ મંદિરની રાજનીતિને આગળ વધારશે. આ ફોર્મ્યુલા કર્ણાટકમાં કોંગ્રેસને કેટલાક અંશે ફાયદો કરાવી ચુકી છે. આજ કારણસર રાહુલ ગાંધી રાજયમાં પણ આ ફોર્મ્યુલા અપનાવશે. એઆઈસીસીને મોકલવામાં આવેલી મંદિરોની યાદીમાં પીસીસીએ કૈલાદેવી મંદિર, તનોટમાતા મંદિર, કર્ણી માતા મંદિર, સાલાસર બાલાજી, બ્રહ્માજી મંદિર પુષ્કર, ગોવિંદ દેવજી, સાવલિયા શેઠ, ત્રિપુરા સુંદરી જેવા મંદિરોની યાદી મોકલવામાં આવી છે. રાહુલ આગામી મહિને ૧૫મી જુલાઈની આસપાસ રાજસ્થાનમાં ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફુંકી શકે છે. રાહુલના રાજસ્થાનના પ્રવાસ નક્કી કરવામાં બહેન પ્રિયંકા વાઢેરાની પણ ભૂમિકા રહેશે. રાજસ્થાનના સંદર્ભમાં પ્રિયંકા વાઢેરા પાસે રાહુલ કરતા વધારે માહિતી રહેલી છે. કોંગ્રેસ પાર્ટીએ રાજસ્થાનમાં લોકપ્રિય મંદિરોની યાદી દિલ્હી મોકલી દીધી છે. વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. બીજી બાજુ જિલ્લાઓમાં ભૌગોલિક સ્થિતિ અને લોકોની માંગને લઈને રિપોર્ટ માંગવામાં આવ્યા છે. સુત્રોના કહેવા મુજબ દિલ્હીમાં રાહુલના રાજસ્થાન પ્રવાસની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. રાજસ્થાનની સાથે સાથે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મિઝોરમમાં પણ વિધાનસભાની ચૂંટણી થશે પરંતુ રાહુલ રાજસ્થાન પર ખાસ ધ્યાન આપશે. પાર્ટીને આશા છે કે, શાસનવિરોધી પરિબળનો સૌથી વધારે લાભ રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીને થશે.

## ગતકડું....

- દેવન વ્યાસ



તમે વિવિધ સ્કીમોમાં નાહી ચૂકયા છો, હવે અધિક માસમાં નદીમાં નાહવાની જરૂર નથી !

## આજે ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી

**ચૂંટણી પૂર્વે ડીસા નગરમાં રાજકીય ઉત્તેજના**

ડીસા

ડીસા નગરપાલિકાના બીજી ટર્મના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની આજે શનિવારે યોજાનાર ચૂંટણીને લઈ શહેરમાં ઉત્તેજનાનો માહોલ છવાયો છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા નગરપાલિકાની અઢી વર્ષ અગાઉ યોજાયેલ ચૂંટણીમાં ૪૪ વોર્ડ બેઠક પૈકી ભાજપને સૌથી વધુ ૨૧, અપક્ષને ૧૭ અને કોંગ્રેસને ૬ બેઠક મળી હતી. જો કે ભાજપને બહુમતિથી બેઠક ઓછી મળી હતી. પરંતુ અપક્ષોએ ભાજપને ટેકો આપતા પ્રમુખ પદે ભાજપના પ્રવિણભાઈ માળી બિરાજમાન થયા હતા. જેમણે દુરદેશી દાખવતા શહેરમાં વિકાસની વણઝાર સર્જાઈ છે. હવે તેમના સફળ સુશાસન બાદ બીજી અઢી વર્ષની ટર્મ માટે મહીલા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી જાહેર થઈ છે તેથી પ્રમુખ અને ઉપપ્રમુખ બનવા ઈચ્છુક ઉમેદવારોએ પ્રદેશ સુધી "લોબીંગ" કરતા ઉત્તેજના છવાઈ છે. જો કે અપક્ષના પાંચ જેટલા સભ્યો ભાજપના સંપર્કમાં છે તેથી ભાજપ મોવડી મંડળ દ્વારા ચૂંટણી બિનહરીફ કરવાની કવાયત હાથ ધરાઈ છે. પરંતુ પ્રમુખ પદે પલ્લવીબેન જોષી અને શિલ્પાબેન માળી તથા ઉપપ્રમુખ પદે રાજુભાઈ ઠાકોર અને કાંતિભાઈ સોનીનું નામ મોખરે ચર્ચાઈ રહ્યું છે. તેથી ચૂંટણીને લઈ ઉત્તેજના છવાઈ છે તેથી આજે સવારે ૧૧ ક. પાલિકાના સભાખંડમાં નાયબ કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળનારી બેઠક ઉપર શહેરીજનોની નજર મંડરાઈ છે.

## પાલનપુર પાલિકામાં ભાજપની બહુમતિ છતાં કોંગ્રેસના સભ્યો સહેલગાહે

પાલનપુર

બનાસકાંઠાની બે નગરપાલિકાઓના નવા સુકાનીઓની ચૂંટણી પૂર્વે સર્જાયેલા રાજકીય ગરમાવા વચ્ચે જિલ્લા મથક પાલનપુર ખાતે કાર્યરત નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આગામી ૧૩ મી જૂનના રોજ યોજાનાર છે. આ ચૂંટણીના પગલે પાલનપુર નગરપાલિકાના કોંગ્રેસ અને ભાજપના નગરસેવકો મોજ માણવા પ્રવાસે ઉપડી ગયા છે. મહત્વની વાત એ છે કે પાલનપુર નગરપાલિકામાં કોંગ્રેસની બહુમતી ના હોવા છતાં કોંગ્રેસના નગરસેવકો પણ પારકા પૈસે મોજમજા કરવા ઉપડી જતા નગરજનો અચરજમાં મુકાયા છે.

### પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર યથાવત

નવીદિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે સતત ૧૦માં દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. એકબાજુ પેટ્રોલની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવા છતાં હજુ જંગી ઘટાડો કરવામાં આવ્યો નથી. ફ્યુઅલ કિંમતો હજુ પણ રેકોર્ડ ઉંચી સપાટીએ છે. ઘટાડાનો દોર રહ્યો હોવા છતાં ફ્યુઅલની કિંમતો વૈશ્વિક આધાર પર ઉલ્લેખનીયરીતે ઘટી નથી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જે અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સદ્ગત બેસણું



સ્વ. મણીબેન સગરામભાઈ પ્રજાપતિ(ઉંઝીયા)
સ્વ.તા. ૮-૬-૨૦૧૮,શુક્રવાર

લિ.

| | |
| --- | --- |
| પ્રજાપતિ વેલાભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ ભરતકુમાર રાજુભાઈ (પૌત્ર) |
| પ્રજાપતિ રાજુભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ સુધીરકુમાર વેલાભાઈ (પૌત્ર) |
| પ્રજાપતિ અણદાભાઈ સગરામભાઈ (પુત્ર) | પ્રજાપતિ સિધ્ધરાજ અણદાભાઈ (પૌત્ર) |

ફર્મ : આનંદ ટ્રેડીંગ કંપની- માર્કેટયાર્ડના નાકે, થરા
ઉદય એન્ટર પ્રાઈઝ-માર્કેટયાર્ડ, થરા
આનંદ વિમા સેવા કેન્દ્ર, મેડા ઉપર, માર્કેટયાર્ડના નાકે, થરા

સ્થળ : પ્રજાપતિ વેલાભાઈ સગરામભાઈ ઠે. પ્રજાપતિ વાસ,
પો. કુંવારવા, તા. કાંકરેજ,જિ.બનાસકાંઠા-૩૮૫૫૫૦
Mo.99255 58762 Andabhai S.Prajapati,
Mo. 98255 23611 Bharat.R.Prajapati

શ્રી રામજી મંદિર અને શ્રી વિશ્વકર્મા મંદિર - કટાવના સેવકો જોગ.....

અમને જાણવા મળેલ માહીતી પ્રમાણે શ્રી રામજી મંદિર - કટાવની ટ્રસ્ટીઓના નામવાળી પાવતી બુકથી કટાવના નામે જે વ્યકિત ફાળો ઉઘરાવે છે તે વર્ષો પહેલાં પગની તકલીફના કારણે કટાવમાં રહેતો હતો. પરંતુ કટાવ મંદિરના નીતિ નિયમો પાળતો ન હતો તેમજ ઉધ્ધત વર્તન કરતો હોઈ તેને કટાવ ધામમાંથી કાઢી મુકવામાં આવેલ છે અને મહંતશ્રીએ તેને શિષ્ય સમુદાયમાંથી દુર કરેલ છે, કટાવ ધામના સેવકોને જણાવવામાં આવે છે કે, કટાવ મંદિરના અધિકૃત સંત કે સેવક દ્વારા જ પાકી પાવતી દ્વારા નિયત કરેલ દાન લેવામાં આવે છે.

બનાવટી પાવતીઓ દ્વારા લેભાગુ માણસો સાધુના વેશમાં કટાવ મંદિરના નામે ફાળો લેવા આવે તો કોઈએ ફાળો આપવો નહી. જો આવો લેભાગુ તમારી પાસે ફાળો લેવા આવે તો નીચે જણાવેલ નંબર ઉપર જાણ કરવી.

લિ.

મહંતશ્રી તેમજ શ્રી રામજી મંદિર - કટાવ ધામના ટ્રસ્ટીશ્રીઓ
મોબાઈલ નંબર ૯૭૮૦૧૫૪૯૦

CMYK

સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૨૩

## તિથિદર્શન
જેઠ વદ-૧૦ શનિવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૩ શુ. | ૨ સુ.લ. | ૧ બુ. |
| ૪ રા. | | ૧૨ ચં. |
| ૫ | | ૧૧ |
| ૬ | ૮ | કે.૧૦ મં. |
| ૭ ગુ. | | ૯ શ. |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :દશમ શનિવાર નક્ષત્ર:રેવતી રાત્રે ૧૧.૧૦ પછી અશ્વિની યોગ :સૌભાગ્ય કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) રાત્રે ૧૧.૧૦ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**અશક્તઃ શક્તિમ્ આત્મીયાં શ્લાઘયન્તેય દુર્જનઃ ।**
**તે ભવજયપહાસાય મહ્તામ્ એવ સન્નિ ધૌ ॥**

ભાવાર્થઃ- જે માણસ જાતે નિર્બળ હોવા છતાં, અને દુર્જનનિર્બળ હોવા છતાં પોતાની શક્તિ અને તાકાત અને બળનાં જાતે જ વખાણ કર્યા કરે એ મહાપુરુષોની પાસે હાંસીપાત્ર થાય છે. આજકાલ નકલી પોલીસ ગોરખધંધા કરી ભોળી નિર્બળ પ્રજાને લૂંટતી હોય છે આવા ગુનેગાર જાતે પરિશ્રમ કરી મહેનતની કમાઈ કરવા અશક્ત છે અને નિર્દોષ પ્રજાને ડરાવી- ધમકાવી- છેતરીને પૈસા મેળવે છે. આવા દુર્બળ- દુર્જન સ્વયં તો ચારિત્ર્ય અને મૂલ્યથી નબળા હોવા છતાં બીજાંની પાસે પોતાના બળના બણગાં ફૂંકે છે. વળી, કેટલાક નેતાઓ, અધિકારીઓ, કર્મચારી પોતાની પાસે કંઈ જ સત્તા ના હોવા છતાં મોટી ડંફાસ મારી પ્રજાની પાસે પોતાનાં બળ તાકાત અને શક્તિની વાતો કરતા હોય છે. જ્ઞાની- અભ્યાસી-જાણકાર માણસને તો એની શક્તિ મર્યાદાઓનું ભાન હોય જ છે, તેથી તેમની પાસે આવા લપોડશંખ હાંસીને પાત્ર થાય છે. સમજુ માણસે પોતાની શક્તિ- તાકાત- સત્તા- મર્યાદા સમજી નિખાલસપણે કબૂલ કરી અશક્તિનો સ્વીકાર કરી લેવો જોઈએ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડાદોડી રહે. આરોગ્ય બાબતે સાવચેતી હિતાવહ.**
**વૃષભ : (બ.વ.ઉ.)ભાગીદાર સાથે મતભેદ સર્જાય. મુંઝવણમાંથી માર્ગ મળે.**
**મિથુન : (ક.છ.ઘ.)નિર્ણયશક્તિ નબળી બની જાય. મનમાં મૂંઝવણ અનુભવાય.**
**કર્ક : (ડ.હ.) આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. અપયશના ભોગ બનવું પડે.**
**સિંહ : (મ.ટ.)આયોજન સફળતા પૂર્વક પાર પાડી શકાય. કાર્યક્ષેત્રનો વિકાસ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)રોકાયેલા નાણાં છૂટા થાય. ધીરજના ફળ મીઠા.**
**તુલા : (ર.ત.)જીવનસાથીથી મતભેદ રહે. સામાજિક કાર્યોમાં સિધ્ધિ મળે.**
**વૃશ્ચિક : (ન.ય.)અપયશના ભોગ બનવું પડે. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.**
**ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.**
**મકર : (ખ.જ.)નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)મનની મુરાદ બર આવે. સાહસિક કાર્યમાં સફળતા મળે..**
**મીન : (દ.ચ.જ.થ.)નવિન સાહસ ન કરવું. જીવનસાથીથી સ્નેહ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ઈંગ્લેન્ડના નામી નવલકથાકાર શ્રી ચાર્લ્સ ડિકન્સની પુણ્યતિથિ છે. ડિકિન્સ વિશે એમ કહેવાય છે કે 'ઈશ્વરે જગતનું નિર્માણ કર્યું અને ડિકન્સે તે વસાવ્યું.' એમની નવલકથાનાં પાત્રો અમર અને અવિસ્મરણીય છે. જન્મ૭/૨/૧૮૧૨.

એક ગરીબ કુટુંબમાં જન્મેલા ડિકન્સ શાળાનું શિક્ષણ પણ પૂરું ન લઈ શક્યા અને કિશોરવયમાં જ તેમને નોકરી કરવાની ફરજ પડી. પણ જીવ સર્જકનો એટલે વાર્તાઓથી એમણે શરૂઆત કરી અને પછી નવલકથાઓનું સર્જન કરી અમર નામના પ્રાપ્ત કરી.

૫૮ વર્ષની વયે આશાસ્પદ જર્મન નવલકથાકાર જમતાં જમતાં ઢળી પડ્યો અને તા.૯/૬/૧૮૭૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૧.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૮.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૩૮ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૩૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૭૧૭ પોઈન્ટ થી ૧૦૭૦૭ પોઈન્ટ, ૧૦૬૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૮.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૩૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૫૦૫ પોઈન્ટ થી ૨૬૫૭૫ પોઈન્ટ, ૨૬૬૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**રામકો સિમેન્ટસ (૭૪૪) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૨૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૧૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૭૬૦ થી રૂ.૭૭૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૭૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ (૨૪૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૨૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૨૫૭ થી રૂ.૨૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**અંબુજા સિમેન્ટ (૨૦૫) :- રૂ.૧૯૦ નો પ્રથમ તેમજ રૂ.૧૮૩ ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૨૧૭ થી રૂ.૨૨૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**પાવર ગ્રીડ કોર્પોરેશન (૧૯૭) :- ઇલેક્ટ્રિક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૦૯ થી રૂ.૨૧૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અદાણી એન્ટરપ્રાઈઝ (૧૨૬) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટ્રેડીંગ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૩૩ થી રૂ.૧૩૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઇન્ડીગો (૧૧૬૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એરલાયન્સ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૧૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૫૩ થી રૂ.૧૧૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ભારત ફાઈનાન્સિયલ (૧૧૫૫) :- રૂ.૧૧૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૩૭ થી રૂ.૧૧૨૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ઈન્ડિયન બેન્ક (૩૬૦) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૩૭૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૪૭ થી રૂ.૩૩૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**વી - ગાર્ડ ઇન્ડસ્ટ્રીઝ (૨૦૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇલેક્ટ્રિક સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૯૬ થી રૂ.૧૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઈક્વિટાસ હોલ્ડિંગ્સ (૧૫૪) :- રૂ.૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૪૦ થી રૂ.૧૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## ગણપત યુનિ.ની એન્જિનિયરિંગ કોલેજના આંગણે ત્રિ-દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો



ગણપત વિદ્યાનગર

ગણપત યુનિવર્સિટીની યુ.વી.પટેલ એન્જિનિયરિંગ કોલેજ અને કેન્દ્રીય શિક્ષણ સંસ્થા એઆઈસીટીઈના સંયુક્ત ઉપક્રમે ગઈ તા.૫ થી ૭ જૂન, ૨૦૧૮ દરમિયાન ત્રણ દિવસ માટે એક ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન થયું હતું.

એઆઈસીઈની માન્યતા ધરાવતા ગુજરાતના ૨૮ સેલ્ફ ફાયનાન્સ-ઈન્સ્ટિટ્યૂટસ અને ૧૦ જેટલાં સરકારી ઈન્સ્ટિટયુટસના કુલ ૧૦૫ જેટલા અધ્યાપકોએ ગણપત યુનિવર્સિટીનો યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના યજમાન પદે યોજાયેલા આ ત્રિ-દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લઈ એઆઈસીટીઈ ના ઉદેશને સાર્થક કર્યો હતો.

વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગના વિષય પરત્વે અભિમુખતા કેળવાય, એના રસ-રૂચિ વધે અને વિષયને અનુરૂપ પરિભાષા પણ તેઓ શીખે એવી ઉદાત ભાવના સથે એઆઈસીટીઈ દ્વારા એની ૧૪ મી માર્ચ,૨૦૧૭ માં મળેલી ૪૯ મી બેઠકમાં એવું નક્કી કર્યુ હતું કે દેશમાં ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા સુધરે એ માટે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ૧૫ દિવસની એક વિશેષ તાલિમ એવી આપવી જેના દ્વારા એમની એન્જિનિયરિંગ વિષયો પરત્વેની અભિમુખતા કેળવાય, એમના રસ-રૂચિ ખીલે અને એન્જિનિયરિંગના અભ્યાસમાં સુગમતા ઉભી થાય તેવી પરિભાષા પણ તેઓ શીખે.

એઆઈસીટીઈના ઉપરોક્ત ઉદેશને અનુસરીને એક પ્રાથમિક કક્ષાનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ગણપત યુનિ.ની એન્જિનિયરિંગ કોલેજના આંગણે ત્રણ દિવસ માટે યોજાઈ ગયો અને હવે આ જ ઉદેશની વિશેષ પરિપૂર્તિ માટે આગામી તા.૩૦ જૂન,૨૦૧૮ થી ૬ જુલાઈ, ૨૦૧૮ દરમિયાન પ્રોગ્રામ ગણપત યુનિ.ની યુ.વી.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના જ યનમાન પદે યોજાશે જેને પણ એઆઈસીટીઈ દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે.

ગણપત યુનિ.દ્વારા સફળતા પૂર્વક આયોજિત થયેલા આ ત્રિ-દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમમાં વિસનગરના સમર્થ ડાયમન્ડ (ઈન્ડસ્ટ્રીઝ) ના ગોવિદભાઈ પટેલ અને મેનેજમેન્ટ ટ્રેઈનર સુરેશભાઈ પટેલ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તો યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો.ડાૅ.મહેન્દ્ર શર્મા, યુનિ.ની ફેકલ્ટી ઓફ ટેકનોલોજીના ડીન પ્રો.ડાૅ.કિરણ અમીત, આ કાર્યક્રમના ડાૅ.ઓર્ડિનેર ડાૅ.અમિત પટેલ (રજિસ્ટ્રાર) સહિત અનેક પ્રાધ્યપકો પણ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## માલણ ગામે ઠાકોર સમાજના છાત્રોનું સન્માન



પાલનપુર

પાલનપુર તાલુકાના માલણ ગામે અગિયાર ગોળ ઠાકોર સમાજ દ્વારા તેજસ્વી વિધાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજ કક્ષાએ પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારા છાત્રોનું સન્માન કરવામાં આવ્યું હતુ. તેમજ સમાજના તમામ છાત્રોને વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે છાત્રો માટે પુસ્તકાલયનું પણ ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ડો. જગદીશભાઈ ઠાકોર, આરટીઓ ઈન્સપેકટર રાજેશભાઈ રામસેના, નાયબ મામલતદાર પ્રિયંકાબેન, ઉષાબેન સહિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતુ.

## માધવ વિશ્વ વિદ્યાલયમાં યોગ દિવસ પ્રસંગે નિબંધ લેખન હરીફાઈ યોજાઈ



આબુરોડ

માધવ વિદ્યાલયમાં એન.એસ.એસ.ના તત્વાધાનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવેલ. કાર્યક્રમનો શુભારંભ કરાવતા વિશ્વ વિદ્યાલયના આયુર્વેદિક વિભાગના અધિષ્ઠાતા ડૉ.ગૌ-રીશંકર ઈંદોરિયાએ જણાવેલ કે યોગમાં પુરી માનવજાતિને એક જુથ કરવાની શક્તિ છે. તેમણે રાજયોગ, જનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, અને હસ્તયોગથી થનારા ફાયદાની જાણકારી આપી હતી.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર નિબંધ લેખન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ. જેનું શિર્ષક ''દૈનિક જીવનમાં યોગનું મહત્વ'' હતું. ડૉ.મહેન્દ્રસિંહ પરમાર, ડૉ.બી.એલ. શર્મા, ડૉ.યોગેશ જોષી, ડૉ.દિપક પંચોલી વગેરેએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ડૉ.વિદુષી આમેટા અને શ્રીમતી રેણુકા નિબંધ લેખન હરીફાઈના નિર્ણાયક સભ્યો હતા. નિબંધ હરીફાઈમાં પ્રથમ પુજા કંવર, દ્વિતીય- વિવેકકુમાર અને કમલેશકુમાર અને તૃતિય અર્જુન ચૌધરી અગ્રેસર રહ્યા હતા.

## ડી.બી.પારેખ હાઈસ્કૂલનું ગૌરવ





તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાની ડી.બી.પારેખ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા મેમણ અરબાજ ખાન, ગુલાનબીએ માર્ચ-૨૦૧૮ માં ધોરણ-૧૨ માં ૮૧.૮૬ ટકા સાથે બીજો નંબર ૫૭૩/૭૦૦ પી.પી. ૯૮.૪૦ ગ્રેડ-એટુ તથા પરવેઝભાઈ રફીકભાઈ મેમણએ ૮૭.૫૭ ટકા, સાથે કેન્દ્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. ધો.૧૨ સી. (કોમર્સ) ૬૧૩/૭૦૦-૮૭.૫૭ ટકા, પી.આર. ૯૯.૬૬, ગ્રેડ એટુ મેળવેલ હોઈ બંન્ને વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી કિર્તીલાલ મોહનલાલે તથા પ્રિન્સીપાલ ચેનજીજીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ભા.વિ.પ.ડીસાની મહિલા પાંખ દ્વારા ચાહત બંગલોઝમાં વૃક્ષારોપણ



ડીસા

અનેકવિધ સમાજ ઉપયોગી કાર્યકરો થકી રાષ્ટ્ર નિર્માણનું કામ કરતી, સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદ ડીસા શાખાની મહિલા પાંખ દ્વારા ચાહત બંગલોઝ ડીસાના બન્ને કોમન પ્લોટમા વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું જતન કરવાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે ભા.વિ.પ.ડીસા શાખાની મહિલા સંયોજિકા રીનાબેન પટેલ, પ્રાંતનાં સંયોજિકા ડાૅ. અમીતાબેન જોશી, નિલાંગીનીબેન અમીન, પૂર્વ સંયોજિકા ગીતાબેન ત્રિવેદી, શિલ્પાબેન ઠક્કર, સંયોજિકા કાશમીરાબેન ત્રિવેદી મંજુલાબેન ઠક્કર, મીતાબેન ઠક્કર, ચાહત બંગલોઝની ઉત્સાહી બહેનો ચારૂબેન ઠક્કર, જયોતિબેન ઠક્કર, મંજુલાબેન ઠક્કર તથા નિવૃતવન અધિકારી ભગવાનદાસ બંધુ, ભા.વિ.પ. ડીસા શાખાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી મહામંત્રી જયેશભાઈ દેસાઈ, પૂર્વ મંત્રી હરેશભાઈ ઠક્કર પૂર્વ ડાૅ.ભૂપેશભાઈ ત્રિવેદી કમલેશભાઈ ઠક્કર,નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, દીપકભાઈ માધવાણી, ભાનુભાઈ જોશી, ભરતભાઈ પરમાર વગેરે પર્યાવરણ પ્રેમી મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## થરાદ ખાતે અધિક માસ નિમિત્તે ભાગવત કથા સેવા સમિતિ દ્વારા 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'

થરાદ

થરાદ નગરની પુણ્યભૂમિ પર પવિત્ર 'પુરુષોત્તમ માસ' નિમિત્તે ટેલિફોન એક્સચેન્જ ની સામે દિપક રેસીડેન્સી પાસે થરાદ ની ધર્મપ્રેમી જનતા તથા શ્રીમદ્ ભાગવત કથા સેવા સમિતિ દ્વારા 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ' કથા સંપન્ન થઈ. જેમાં વ્યાસપીઠ પર વક્તા થરાદ ના જાણીતા કથાકાર 'હિરેનભાઈ શાસ્ત્રી' એ શ્રીમદ ભાગવત કથાનું સાત દિવસ સુધી રસપાન કરાવ્યું. આ કથા અધિક જેઠ વદ ૩ ને શુક્રવાર તા ૦૧/૦૬/૨૦૧૮ થી અધિક જેઠ વદ ૮ ને તા. ૦૭/૦૬/૨૦૧૮ ને ગુરુવાર એમ સાત દિવસ બપોરે ૦૨ થી ૦૬ કલાક સુધી સંગીતના સૂર સાથે ચાલી. તથા તા૦૭/૦૬/૨૦૧૮ ને ગુરુવારે પોથીયાત્રા સાથે બહોળી ધર્મપ્રેમી જનતા વચ્ચે આ કથા દાતાશ્રીઓના સાથ સહયોગથી સંપન્ન થઇ હતી. જેમાં કૃષ્ણ જન્મોત્સવ, તુલસી વિવાહ,પોથી યાત્રા જેવા પ્રસંગોનું સુંદર આયોજન કર્યું તથા કથામાં થરાદ ની ધર્મપ્રેમી જનતા એ બહોળી સંખ્યામાં કથા સાંભળવાનો તથા વિવિધ પ્રસંગોમાં ગરબા રમવાનો લાભ લીધો હતો.

## ૧ડિસે.થી એ.પી.એલ.કાર્ડધારકોને કેરોસીનનો જથ્થો નહીં મળે

પાલનપુર

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા તા.૧૦/૫/૨૦૧૮ના પરિપત્રથી બીજા તબક્કામાં રાજયની ૮ મહાનગરપાલિકા સિવાયના બાકી રહેતા તમામ જિલ્લા મુખ્ય મથકોમાં એ.પી. એલ. કેટેગરીના કેરોસીન કાર્ડધારકોને તા.૧/૧૨/૧૮થી પી.ડી.એસ. કેરોસીનનો જથ્થો બંધ કરવાનો સરકારશ્રીએ નિર્ણય લીધો છે. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના એ.પી.એલ. કેટેગેરીના કાર્ડધારકો કે જેઓ હાલમાં રાહતભાવનું કેરોસીન મેળવે છે

**અનુસંધાન પાના નં.૬**

## પિતામહ ભીષ્મની શ્રી કૃષ્ણ ભક્તિ

પિતામહ ભીષ્મ શ્રી કૃષ્ણનું સાચું સ્વરૂપ જાણી ગયા હતા અને ભગવાન શ્રી કૃષ્ણ અર્જુન અને પાંડવોને પક્ષે હતા. તેથી જ્યારે મહાભારતનું યુધ્ધ થયું ત્યારે કૌરવોની સેનાના સેનાપતિ બનેલા પિતમાહ ભીષ્મ યુધ્ધમાં પાંડવો પ્રત્યે સહાનુભૂતિ રાખતા હતા.

આ બાબતે દુર્યોધન પિતામહ ભીષ્મ પ્રત્યે રોષે ભરાયેલો તેથી તેમણે પિતામહ ભીષ્મને કડવા વેણ કહ્યું ત્યારે તે કડવાવેણથી ઉશ્કેરાયેલા પિતામહ ભીષ્મએ પ્રતિજ્ઞા લીધી કે, કાલે યુધ્ધમાં ''કાં તો હું નહી અથવા આ પાંડવો નહીં.''

આ પ્રતિજ્ઞા વિશે સાંભળી અને પાંડવો ગભરાયા. સૌ પિતામહ ભીષ્મની શક્તિ અને તેમની પ્રતિજ્ઞાની શક્તિને સારી રીતે જાણતા હતા. તેથી કૌરવોની છાવણીમાં આનંદ-ઉલ્લાસ ફેલાઈ ગયો. જ્યારે પાંડવોની છાવણીમાં વાતાવરણ શાંત અને ગંભીર બની ગયું.

આવી પરિસ્થિતિ વચ્ચે ભગવાન શ્રી કૃષ્ણને પાંડવોએ ખરા અંતઃકરણ પૂર્વક યાદ કર્યા અને તેમને આ સ્થિતિમાંથી બચાવવા માટે વિનંતી કરી.

પાંડવોની વિનંતીને ધ્યાને લઈ અને ભગવાન શ્રી કૃષ્ણએ તેમને હૈયા ધારણા આપી દ્રૌપદીજીની યુક્તી વડે પિતામહ ભીષ્મ પાસે''અખંડ સૌભાગ્યવતી ભવઃના આશીર્વાદ મેળવી લીધા. પછી જ્યારે સત્યનું જ્ઞાન થયુ ત્યારે ભીષ્મએ ભગવાન શ્રી કૃષ્ણને કહ્યું, ''તમે પૂર્ણ પુરૂષોત્તમ અને યોગેશ્વર છો તમારી લીલા હું જાણી ગયો છું. યુધ્ધમાં થાકેલા અને દુર્યોધનના વાક બા-ણથી વિધાયેલા એવા મારા સંતાપ સભર સમય દરમ્યાન જાણ્યું કે,'' આ અર્જુનની પત્ની મારા આશીર્વાદ લેવા આવી છે. વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે દ્રૌપદીને તેણે અખંડ સૌભાગ્યવતી ભવઃના આશીર્વાદ આપ્યા. તેમાં તમારી લીલા જ કામ કરી ગઈ છે. હે પ્રભુ ! તમારી લીલાને કારણે જ મેં મારી પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે.''

ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, ''તમે તમારી પ્રતિજ્ઞાનો ક્યારેય ભંગ નહતો કર્યો.. આજે તમે મારા દ્વારા આધિન થઈ અને પ્રતિજ્ઞાનો ભંગ કર્યો તે બદલ સદાય હું તમારો ઋણી રહીશ.''

આમ, વાર્તાલાપ થયા પછી બીજે દિવસે યુધ્ધ થયું અને પિતામહ ભીષ્મ જનુન પૂર્વક લડવા લાગ્યા. અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણ વારંવાર ભીષ્મ પર પ્રહાર કરવા જણાવ્યું પરંતુ અર્જુન પિતામહ લાગણીવશ હતો તેથી તે પ્રહાર કરી શકતો ન હતો આખરે બાણ ભગવાન શ્રી કૃષ્ણ અને અર્જુનને લાગવા લાગ્યા તેથી તેમનું રક્ત વહેવા લાગ્યું આથી, ભગવાન શ્રી કૃષ્ણ ગુસ્સે ભરાયા ગુસ્સામાંને ગુસ્સામાં ભગવાને રથ ઉપરથી ઉતરી હાથમાં ચાબુક લઈ લીધી અને સિંહ ગર્જના સાથે પિતામહ ભીષ્મને મારવા દોડ્યા.

આ દ્રશ્ય જોઈ ત્યાં હાજર રહેવા કૌરવ અને પાંડવ પક્ષના તમામ યોદ્ધાઓ ગભરાયા ભગવાનનું વિકારળ સ્વરૂપ જોઈ અને સૌ પ્રથમ થરથર કાંપવા લાગ્યા. પરંતુ આ વીર સ્વરૂપને જોઈ પિતામહ ભીષ્મ જરા પણ ડર વગર કહ્યું,''હે પ્રભુ, હું આપનો સેવક છું તમે કાયમ ભક્તોની લાજ રાખનારા છો. હે નાથ, તમે હાથમાં ચાબુક લાઈ મારા પર પ્રહાર કરવા આવ્યા તે મારા પ્રત્યે અહર્નિશ પ્રેમ હોઈ તમે યુધ્ધમાં હથીયાર ન લેવાની પ્રતિજ્ઞા લઈ તેનો ભંગ કર્યો છે. હે પ્રભુ! તમારી જય હો. તમે આ રીતે મારા ઉપર પ્રહાર કરવા દોડી અને મારી પ્રતિષ્ઠાને વધારવા માટે. જ આમ કર્યું છે.

આ દશ્ય જોઈ અને અર્જુન પણ ગભરાયો તેણે તરત જ રથમાંથી કુદકો માર્યો તે ભગવાનના પગ પકડી અને શાંત થવા વિનંતી કરતા કહેવા લાગ્યો,''પ્રભુ,ક્ષમા કરો તમે આ શું કરો છો ? યુધ્ધમાં તમે શસ્ત્રો ન લેવા પ્રતિજ્ઞા કરેલી તમે જો હવે આગળ વધશો તો તમારી પ્રતિજ્ઞાને હાનિ પહોંચશે. ત્યારે ભગવાન માન શાંત થયા.

પછી અર્જુને કહ્યું હવે હું નિષ્ઠાપૂર્વક યુધ્ધ કરીશ. બીજે દિવસે પણ યુધ્ધમાં ભીષ્મ સામે અર્જુનનો ગજ ન વાગ્યો ત્યારે ત્રીજે દિવસે યુક્તીથી શિખંડીને આડે રાખી અર્જુનને ભીષ્મ પર હુમલો કરવા ભગવાન શ્રી કૃષ્ણએ આજ્ઞા કરી. તેની આજ્ઞાને માન આપી અર્જુને તેમ કર્યું.

અર્જુનાસહસ્ત્ર બાણોવડે વિંધાયેલ પિતામહ ભીષ્મ બાણશૈય્યા પર પોઢ્યા. જ્યારે પિતામહ ભીષ્મનો દેહ ત્યાગ કરવાનો સમય આવ્યો ત્યારે સૂર્યનારાયણ ભગવાન ઉતરાયણમા પ્રવિષ્ટ થયા હતા. બરાબર આસમયે ધૃતરાષ્ટ્ર, મહર્ષિ નારદજી, વેદવ્યાસજી, યુધિષ્ઠીર, અર્જુન, ભીમ, સહદેવ, નકુલ, ભગવાન શ્રી કૃષ્ણ વગેરે બાણશૈય્યા પર પોઢેલા પિતામહ ભીષ્મ પાસે આવ્યા.

અંતિમ સમય આવ્યો છે. તે જાણી અને પિતામાહ ભીષ્મએ ભગવાન શ્રી કૃષ્ણની ખરા હ્રદયથી સ્તૂતી કરવા માંડી. ''હે સર્વ દેવતાઓના અધિપતિ ભગવાન શ્રી કૃષ્ણ ! તમે પૂર્ણ પુરૂષોત્તમ છો. તમે જ હંમેશને માટે મારી રક્ષા કરી છે. મેં તમારા નીજ સ્વરૂપને ઓળખ્યો છે. દેવતાઓ કે ઋષિઓ પણ તમારા તત્વને જાણી શકવાને શક્તિમાન નથી. સર્વ વેદશાસ્ત્રો વગેરે પણ તમારો મહિમા ગાય છે. તમે ભક્ત વત્સલ અને કરૂણાના સાગર છો. આપ જ ઉપાસવા અને આસરો લેવાને યોગ્ય છો. આપ જ આદિ, મધ્ય અને અંતરહિત છો, આપ અનંત છો, સત્ય, ધર્મ, કામ, ક્ષેત્ર, મોક્ષ,સાંખ્ય સ્વરૂપ પણ આપ જ છો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ આપ જ છો. જે તમારે શરણે જાય છે તે સર્વ પ્રકારના બંધ ન અને દુઃખમાંથી છૂટી જાય છે. તમે આનંદ સ્વરૂપ પણ છો. યુધ્ધમાં હાથમાં શસ્ત્ર ન લેવાની પ્રતિજ્ઞા લેનારા આપે મારા માટે મારી પ્રતિષ્ઠા માટે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો અને મેં ભક્તિભાવે તમારા હાથમાં શસ્ત્ર લેવડાવવા માટે પ્રતિજ્ઞા લીધેલી તે મારી પ્રતિજ્ઞાને તમે પૂરી કરી.

મેં આપના સાથે સાથે વિતાવેલી એક એક પળને યાદ કરૂ છું અને મારા એક એક રૂવાટા આનંદ વિભોર બને છે યુધિષ્ઠિરના રાજસૂર્ય યજ્ઞને યાદ કરૂ કે અર્જુનના સારથી બનેલા તમને યાદ કરૂં. તમે દરેક વખતે અલૌકીક રૂપમાં મને દર્શન આપેલા છે. આપ અજન્મા છો તે હું જાણું છું. મેં મારી જાતને તમને સોંપી છે આમ કહેતા શરીરમાંથી એમ એક બણ છૂટું પડતું ગયું અને તેમના દેહ પર પડેલા ઘા રૂઝાવા લાગ્યા. તે જોઈ ત્યાં હાજર રહેલા સૌ ચકચકિત થઈ ગયા.

આખરે તેમના દેહમાંથી નિકળેલી એક જ્યોતિ ભગવાન શ્રી કૃષ્ણમાં સમાઈ ગઈ. ત્યારે ત્યાં પિતામહ ભીષ્મના માતા એવા ગંગાજી સાક્ષાત પ્રગટ થયેલા અને પુત્ર શોકથી વિલાપ કરવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ ગંગાજીને સાંત્વના આપી અને શોક ન કરવા કહ્યું. તેમજ વધુમાં કહ્યું કે, અષ્ટ વસુમાનાં એક વસુ પિતામહ ભીષ્મ હતા પરતુ વસિષ્ઠ ઋષિના સાપને કારણે તેમનેમનુષ્ય યોનિમાં જન્મ લેવો પડેલ અને તે હવે પોતાના લોકમાં ગયા છે માટે તમે શોક ન કરો.

ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની અલૌકીક ભક્તિને કારણે પિતામહ ભીષ્મ આજે પણ ભારતના ઈતિહાસમાં અમર છે.

**આજનું ભજન**

કઠણ હૈયાનો કાન મને ના બોલાવે,
બાલોવ્યે મારે મંદિરીયે ન આવે. કઠણ..
જ બરવા જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
વગર કહે મારા બેડલા ચડાવે. કઠણ..
વૃંદાવન જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
વગર કહે મને રાસ રમાડે, કઠણ...
રસોઈ કરવા બેસું ત્યારે પાછળ પાછળ આવે,
વગર કહે મારી રસોઈ ચાખે, કઠણ..
ગાય દોવા બેસું ત્યારે પાછળ પાછળ આવે,
વગર કહે મારા વાછરડા ધવરાવે, કઠણ..

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલનઃ શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

ઝેરોક્ષ ભારતમાં વિસ્તાર માટે આગળ,

## ઉદ્યોગમાં પ્રથમ - ઝેરોક્ષ ઈરિડિસ પ્રોડક્શન પ્રેસની સાથે પ્રોડક્શન ક્ષેત્રે ઉત્પાદકોનો વિસ્તાર કર્યો




ઝેરોક્ષના એન્ડ-ટૂ-એન્ડ પ્રોડક્શન સમાધાન પ્રિન્ટ સર્વિસ પ્રોવાઈડર્સને લાભ કમાવવા, પરિવર્તન લાવવા અને વિકાસ કરવાના માધ્યમ પૂરા પાડે છે. પ્રિન્ટ એક્સપો ૨૦૧૮માં ઝેરોક્ષનો ઉદેશ પોતાની અત્યાધુનિક પ્રિન્ટ ટેકનોલોજી, યોગ્ય વર્કફલો સમાધાનનો અને બિઝનેસ ડેવલપમેન્ટના સંસાધનો દ્વારા ગ્રાહકોને વૃદ્ધિ કરવાના નવા માધ્યમ આપવાનો છે. કૉપિયર, લેઝર પ્રિન્ટિંગ અને પ્રિન્ટ-ઑન-ડિમાન્ડનું અન્વેષણ કરનારી કંપનીએ આજે પ્રિન્ટની દુનિયામાં એક વધુ પહેલ કરી અને હાઈસ્પીડ, સિક્સ સ્ટેશન કલર પ્રેસની ઘોષણા કરી, જેમાં એક પ્રિન્ટિંગ પાસમાં બે વિશેષ ડ્રાઈ ઈંક્સની સાથે ફોર-કલર પ્રિન્ટિંગ સામેલ છે. ઝેરોક્ષ ઈરિડિસ પ્રોડક્શન પ્રેસ એકમાત્ર ડિજીટલ પ્રેસ છે, જે સિંગલ પાસમાં સીએમવાઈકે અને સ્પષ્ટ ડ્રાઈ ઈન્ક, મેટાલિક ગોલ્ડ કે સિલ્વર ડ્રાઇ ઈંક પ્રિન્ટ કરી શકે છે અને પ્રિન્ટ પ્રદાતાઓન વિકસિત થતા ડિજીટલ પ્રિન્ટ એન્હેંસમેન્ટ્સ બઝારમાં તાત્કાલિક યોગ્ય ખૂબી આપી શકે છે. પ્રિન્ટએક્સપો '૧૮ માં ઝેરોક્ષ પોતાની નવી લૉન્ચ કરવામાં આવેલી ઈરિડિસ પ્રોડક્શન પ્રેસ ઉપરાંત વર્સેટ ૩૧૦૦, વર્સેટ ૧૮૦, ડી ૧૧૦, કલર સી ૭૦ અને અલ્ટાલિંક સી ૮૦૩૦નું પ્રદર્શન કરશે તથા પર્ફોર્મન્સ પેક દ્વારા પૉવર્ડ લેટેસ્ટ વર્સેટ ૧૮૦ની ઘોષણા કરશે.

# ભીલડીના ગ્રાહકોની એલ.ઈ.ડી. બલ્બ બદલવામાં અખાડા

પ્રતિનિધિ ભીલડી

કેન્દ્ર અને રાજ્ય સરકારે ઉજ્જવલા યોજનાની મસમોટી જાહેરાતો કરી હતી. તેથી ઠેરઠેર ઉભી કરાયેલી એજન્સીઓ દ્વારા લોકોએ એલ.ઈ.ડી. બલ્બની ખરીદી કરી હતી. ભીલડી પંથકના લોકોએ પણ ઉત્તર ગુજરાત વિજ કંપનીની ડીસા ખાતે આવેલી ઓફિસ સામેની એજન્સીમાંથી મોટા પ્રમાણમાં એલ.ઈ.ડી. બલ્બો ખરીદ્યા હતા. પરંતુ પાછળથી લાઈટ બિલ ઓછું આવવું તો દૂર એજન્સીનો સંચાલક ૩ મહિનાની ગેરંટી હોવા છતાં ઉડી ગયેલ બલ્બો બદલવા આનાકાની કરે છે. છેલ્લા બે મહિનાથી અમારે ઉપરથી માલ આવતો નથી. તેવા ઉડાઉ જવાબો આપી જવાબદારી માથેથી ખભે કરે છે. તેથી ભીલડીથી ડીસા રૂા. ૪૪ નું ભાડુ ખર્ચીને આવેલા ગ્રાહકો છેતરાયાની લાગણી અનુભવે છે. એટલું જ નહીં, ચા-પાણી આપનાર ગ્રાહકના બલ્બ તરત બદલી આપી બાકીના ગ્રાહકોને ધરમના ધક્કા ખવડાવાના હોવાના આક્ષેપો થવા લાગ્યા છે. તેથી સરકારની એક સારી યોજના બદનામ થઈ રહી છે. આ બાબતે ઉત્તર ગુજરાત વિજ કંપનીના સત્તાધીશો સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# અંબાજી ખાતે શબવાહિની અર્પણ કાર્યક્રમ તથા સન્માન સમારોહ યોજાયો



પ્રતિનિધિ અંબાજી

યાત્રાધામ અંબાજીમાં બનતા મોત ના બનાવો ને લઈ મૃતદેહને અંબાજી થી ૫ કિલોમીટર દૂર અંતિમધામ લઈ જવા ગ્રામ પંચાયતના કચરાના ટ્રેક્ટરનો પારાવાર ઉપયોગ કરતો હતો એટલુંજ નહી અંબાજી આસપાસ બનતી અકસ્માતની કે પછી કોઈ બીમારીની ઘટનામાં યાત્રિકોના પણ મોત નિપજતા હોય છે ત્યારે તેમના મૃતઃદેહ ને બહાર તેમના વતન લઈ જવા વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે જે તમામ બાબતો ને ધ્યાને લઈ અંબાજી ધાર્મિક ઉત્સાવ સેવા સમિતિ દ્વારા રાજસ્થાનના અનાદરા ગામના એક દાતાને આ બાબતની જાણકારી અપાઈ હતી ત્યારે અનાદરા ગામના દાતા રમેશભાઈ અગ્રવાલે એક શબવાહિની વૈકુન્ઠ રથ આપી એક ઊંડા સેવા કાર્ય કર્યું છે જેને લઈ આજે અંબાજી ખાતે શબવાહિની અર્પણ કાર્યક્રમ તથા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં અંબાજીના તમામ સમાજોના અગ્રણીયો દ્વારા દાતાનું સન્માન કરાયું હતું અને શબવાહનીની ચાવી અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ ટ્રસ્ટના પ્રમુખ સુનિલ અગ્રવાલને અર્પણ કરાઈ હતી.

# થરાદમાં કુંવરબાઇનું મામેરૂ ત્રિ-દિવસીય કથાનો પ્રારંભ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં શ્રી ડોંગેશ્વર ગૌશાળાના લાભાર્થે ભગવાનના પરમ ભક્ત શિરોમણી નરસિંહ મહેતાના જીવન પર આધારિત સત્ય-પ્રેમ-કરુણા થી ભરપૂર કુંવરબાઈનું મામેરુ કથાનું આયોજન સૌપ્રથમ વખત કરવામાં આવ્યું છે. નગરના શિવધારા બેંગલોરમાં સવારે ૧૦ થી બપોરના ૧ વાગ્યા સુધી યોજાઇ રહેલા આ ત્રિ-દિવસીય કથા મહોત્સવમાં વ્યાસપીઠ પર કથાના વક્તા ગૌવત્સ શ્રીભગતબાપુ (ભરતભાઈ અમરતલાલ ત્રિવેદી) કારેલીવાળા બિરાજીને સંગીતમય માહોલમાં નાની બાઈરો માયરો ત્રિદિવસીય કૃષ્ણભક્તિની રસતરબોળ કથાનું શ્રવણ કરાવી રહ્યા છે.નગરમાં સૌપ્રથમ વખત યોજાઈ રહેલી ભગવાનના પરમ ભક્તની અનોખી કથાનું શ્રવણ કરવા પહેલા દિવસથી જ બહોળી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કથાના પ્રારંભ પુર્વે વાજતેગાજતે પોથીયાત્રા યોજાઇ હતી.

કથાનો ભોજન પ્રસાદનો લાભ દિનેશભાઈ રાયમલભાઈ બારોટ (સણવાલ), છાસનો જબ્બરસિંહ જાડેજા, સાઉન્ડનો જીવરાજભાઈ રબારી (આંતરોલ), ફોટોગ્રાફીનો પરેશભાઈ ત્રિવેદી, પાણીનો ભુરાભાઈ રાજપૂત, મામેરાનો કનૈયાલાલ પટેલ તથા ચા અને પત્રિકાના દાતાનો રામભાઈ રાજપુત તથા નરપતલાલ બારોટ ગૃપ દ્વારા લેવામાં આવ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# મુડેઠા ગામની સીમમાંથી દેશી દારૂ તથા વોશ ઝડપાયો



રાહુલસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એ.ચાવડાની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક દિયોદર વિભાગ દિયોદર તથા સર્કલ પો.ઈન્સ શિહોરી માર્ગદર્શન હેઠળ ભીલડી પો.સ.ઈ. એસ.વી.આહીર તથા પો.સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મુડેઠા ગામની સીમમાં પ્રોહી રેઈડ કરતા અજમલજી કાનજી જાતે રાઠોડ રહે. મુડેઠા સીમ તા.ડીસાવાળાઓના ઘરે પ્રોહી રેઈડ કરતાં દેશી દારૂ લીટર-૫૦ કિ.રૂ.૧૦૦૦ તથા દેશી દારૂગાળવાનો વોશ લીટર ૧૦૦ કિ.રૂ.૪૦૦/- નો મળી આવેલ હોઈ તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાંતીવાડા તાલુકા ભાજપની બેઠક મળી



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

પાંથાવાડા માર્કેટયાર્ડ ખાતે તાલુકા ભાજપની બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને આગામી કાર્યક્રમોને અનુલક્ષીને મળી દાંતીવાડા તાલુકા ભાજપના હોદેદારો તેમજ વિવિધ મોર્ચાના પ્રમુખ મહામંત્રી તેમજ શક્તિ કેન્દ્રો શક્તિપીઠના કાર્યોકરો ઉપસ્થિત રહેલ આગામી બુથ સંપર્ક અભિયાન-મનકીબાત જેવા આગામી કાર્યક્રમોને બુથ સુધી સફળ બનાવવા વિસ્તૃત માહીતી કેશાજીએ આપેલ વધુમાં બનાસ ડેરીના વાઈસ ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈની વરણી થતા દાંતીવાડા તાલુકા ભાજપ દ્વારા સ્વાગત કરવામાં આવેલ આ કાર્યક્રમમાં તાલુકા ભાજપના તમામ હોદેદારો તેમજ આગેવાનો હાજર રહેલ.

# વાવ તાલુકા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન પદે વરણી



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૮/૬/૧૮ ના રોજ વાવ તાલુકા પંચાયત કચેરી ખાતેના સભાખંડમાં પ્રમુખ કાંનજીભાઈ રાજપુતના અધ્યક્ષ સ્થાને કારોબારીની બેઠક મળી હતી. જેમાં ન્યાય સમિતિના ચેરમેન પદે વાવ તાલુકાની જોરડીયાળી બેઠકના સદસ્ય દલીબેન જગશીભાઈ ચૌહાણની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. દલીબેનના પતિ જગશીભાઈ દોલાભાઈ ચૌહાણ પાર્ટીના એક કાર્યકુશળ અને પ્રામાણિક કાર્યકર તરીકેની છબી ધરાવે છે. જેમની રાહબરી હેઠળ વાવ તાલુકા પંચાયતનો વહીવટ અને વિકાસ વેગવંતો બનશે. જે પ્રસંગે વાવ તા. પંચાયત પ્રમુખ કાનંજીભાઈ રાજપુત ઈ.ચાર્જ ટી.ડી.ઓ ભરતભાઈ ત્રિવેદી જિ.પં. સદસ્ય- વાવ કલાભાઈ મકવાણા, જિ.પં.સદસ્ય ટડાવ ધેંગાભાઈ વી. પરમાર તેમજ તા.પંચાયત વાવના કારોબારી સદસ્ય મિત્રો અગ્રણીઓ બહોળી સંખ્યામાં હાજર રહી ફુલહાર પહેરાવી મીઠાઈની વહેંચણી કરીને ચેરમેનને શુભકામનાઓ પાઠવી હતી. ન્યાય સમિતિના ચેરમેનની વરણીને સરહદી પંથકમાં ચોમેરથી આવકાર મળી રહ્યો છે.

# થરાદ તાલુકાના રાહ ગામે ગ્રામસભા યોજાઈ



પ્રતિ. રાહ

થરાદ તાલુકાના રાહ ગામે ગતરોજ ગ્રાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંચાયતના વિવિધ વિકસના કામોની ચર્ચા કરવામાં આવી હતી. આ સભામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન સહાયની યાદી તૈયાર કરી તમામ લાભ આપવા તેમજ રસ્તા, લાઈટ તેમજ શૌચાલયની સહાયથી વંચીત લોકોને સહાય આપી કામ ચાલુ કરાવવા વગેરે વિશે ચર્ચા કરાઈ હતી. આ મિટીગમાં આંકડા મદદનીશ પંચાલ, તલાટીકમ મંત્રી કે.વી.ચૌધરી, આરોગ્ય વિભાગમાંથી જે.કે જોષી તથા સરપંચ, ઉપસરપંચ તથા પંચાયતના સદસ્યો અને બહોળી સંખ્યામાં ગામલોકો હાજર રહ્યા હતા.

# હળવા વરસાદની આગાહી વચ્ચે ગરમીનું મોજુ યથાવત

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદની આગાહી હજુ પણ અકબંધ રહી છે. ગુરુવારની સરખામણીમાં શુક્રવારના દિવસે અમદાવાદમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૬ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગે અકબંધ રાખી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૬ ડિગ્રી રહ્યું હતું. સૌથી વધુ તાપમાન આજે વીવીનગરમાં નોંધાયું હતું જ્યાં પારો ૪૧.૯ રહ્યો હતો. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ બે દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૧૦૨ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના બે દિવસના ગાળામાં ૩૦ અને ટાઈફોઈડના ૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના બે દિવસના ગાળામાં ૨૩ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા. જૂન મહિનામાં ઝેરી મેલેરિયાના કોઇ કેસ નોંધાયા નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને હવે કોઈ ચેતવણી જારી કરવામાં આવી રહી નથી જેના લીધે લોકોને રાહત થઈ છે. જો કે, હાલમાં લોકો બિનજરૂરીરીતે બહાર નિકળી રહ્યા નથી. રોગચાળાથી બચવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે.

# પ્લાસ્ટિકના વપરાશ વિરૂદ્ધ તીવ્ર કાર્યવાહીનો દોર જારી

અમદાવાદ

બિટ પ્લાસ્ટિક પોલ્યુશનને સફળ બનાવવા તથા પર્યાવરણ જાળવણી માટે ચા-કોફીની લારીઓમાં વપરાતા પ્લાસ્ટિકના કપ, પાણીના પાઉચ તથા પાનમસાલાના પેકિંગ માટે વપરાતા પ્લાસ્ટિકના રેપર્સના વપરાશ, સંગ્રહ અને ઉત્પાદન સામે આક્રમક કાર્યવાહી આજે પણ યથાવતરીતે જારી રહી હતી. આજે તમામ ઝોનના હેલ્થવિભાગની ટીમ દ્વારા લારીઓમાં વપરાતા જુદા જુદા પ્રકારના પ્લાસ્ટિકના રેપર્સ વેચાણ અને સંગ્રહ અને બનાવટ કરતા ધંધાકીય એકમો સામે દરેક ઝોનમાં સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન ૧૬૮૭ કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સાથે સાથે ૫૧૬૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ૭૫૫ નોટિસો આપવામાં આવી છે. વધુ ૬ ધંધાકીય એકમોને પણ સીલ કરી દેવામાં આવ્યા છે. આની સાથે જ છેલ્લા બે દિવસમાં ૨૦ ધંધાકીય એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે. આજે હેલ્થ વિભાગની ટીમે શહેરના ખાડિયા, શાહપુર, સરસપુર, સરદારનગર, નારણપુરા જેવા વિસ્તારોમાં કાર્યવાહી કરી હતી. કાર્યવાહી હજુ જારી રહે તેવા સંકેત છે. ૫ જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ'થી અમદાવાદ શહેરમાં પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનાં પાઉચ, ૪૦ માઈક્રોનવાળાં ઝભલાં થેલી, પાન મસાલાના લારી-ગલ્લામાં પેકિંગ માટે વપરાતાં પ્લાસ્ટિકનાં રેપર્સ, ચા-કોફીની કીટલીમાં વપરાતાં પ્લાસ્ટિકના કપ વગેરેના વપરાશ, સંગ્રહ અને ઉત્પાદન પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવાયો હતો પરંતુ તેમછતાં શહેરમાં હજુ છાનેછપને ચાની કીટલીઓ અને ગલ્લાં પર પાણીના પાઉચ અને પાન-મસાલાના પ્લાસ્ટિકનો વપરાશ ચાલુ હોવાની ફરિયાદો સામે આવતાં કાર્યવાહીનો દોર શરૂ થયો હતો. આજે નારણપુરામાં પારસનગર ખાતે કાતેશ્વર ડિસ્પોઝલ, નારણપુરા અંકુર કોમ્પ્લેક્ષ ખાતે મહાવીર પ્લાસ્ટિક એન્ડ ડિસ્પોઝેબલ એકમને સીલ કરી દેવામાં આવતા કારોબારીમાં ખળભળાટ મચી ગયો હતો. આ કાર્યવાહી હજુ જારી રહેશે અને કાયદાનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. આરોગ્ય વિભાગ દ્વારા સંબંધિતોને ચેતવણી અપાઈ છે.

# ગુજરાત માળખાગત વિકાસમાં અગ્રેસર : નીતિન પટેલનો મત

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે નાગરિકોના આરોગ્યની સુખાકારી અને સુરક્ષા માટે તેમજ નવી પેઢીને વધુ સુદ્રઢ આરોગ્ય સેવા પૂરી પાડવા ટીમ ગુજરાત તરીકે દેશને નવો રાહ ચીંધવા આહવાન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજે ચિંતન શિબિરના બીજા દિવસે જાહેર આરોગ્ય સુખાકારી સામેના પડકારો અંગેના ચર્ચા સત્રમાં કહ્યું હતું કે, માળખાગત સુવિધાના વિકાસમાં ગુજરાત આગળ છે અને દેશમાં મોખરે રહી છે. તે જ રીતે માનવ વિકાસ સૂચકાંકમાં પણ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે તે માટે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા પડશે અને ક્ષેત્રે પણ દેશને નવો રાહ આપણે જ આપશું તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આરોગ્ય વિભાગની સાથેસાથે સંલગ્ન પંચાયત, શિક્ષણ અને મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા સક્રિય સહયોગ મળી રહ્યો છે. તેઓને એવો સહયોગ મળી રહ્યો છે. એવોને એવો સહયોગ મળશે તો ચોક્કસ વધુ સારા પરિણામો મળશે. તેમણે ઉમેર્યું કે આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓના લાભો અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચે તે માટે તમામ કલેકટરો અને ડીડીઓને ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન કર્યું હતું. તેમણે જ્યારે પણ તેઓ ફિલ્ડ વિઝિટમાં જાય ત્યારે સીએચસી, પીએચસી તેમજ મોટી હોસ્પિટલોની આકસ્મિક મુલાકાત કરવાની સુચના આપી હતી. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ડૉક્ટરની જે ઘટ છે તેમાં પણ કેન્દ્ર સરકાર દ્વારા આયુષ ડૉક્ટરોની સેવાઓ લેવા મંજુરી આપી છે તેનો પણ લાભ લેવાની સાથે વડાપ્રધાન દ્વારા ૨૦૨૨ સુધીમાં ટીબી મુક્ત ભારતના નિર્માણ માટે અભિયાન હાથ ધર્યું છે. તે ક્ષેત્રે પણ ગુજરાત અગ્રીમસ્થાને રહેશે. આ ઉપરાંત ઈન્દ્રધનુષ યોજના હેઠળ બાળકોનું રસીકરણ ઝડપથી થાય અને તેનું યોગ્ય દવાખાના સાથે જોડાણ કરીને યોગ્ય રેકોર્ડ રાખવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજ્ય સરકાર દ્વારા અમલી ચિરંજીવી યોજના, દુધ, સંજીવની યોજના, બાળસંજીવની યોજનાના જે પરિણામો મળ્યા છે તે અંગે સુચનો કરવા જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેને ચાર્જ સંભાળ્યો



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામના જિલ્લા પંચાયત સદસ્ય કમુબા ગોપાળસિંહ સોલંકીએ ગત ગુરુવારે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનનો ચાર્જ સંભાળ્યો હતો. જે બદલ જિલ્લા પંચાયત પ્રમુખ મીનાબેન ધાડીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પી.વી. રાજગોર, પ્રહલાદસિંહ વાઘેલા, કનુભા વાઘેલા, પ્રવિણસિંહ, પૂરણસિંહ વાઘેલા, ભવાનભાઈ ખાનપુરા, અલ્પેશભાઈ શાહ, મંગલદાસ શાહ, દિનેશભાઈ ઠક્કર સહિત કોંગ્રેસના અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

# ખેડૂતોના મુદ્દા ઉપર કોંગ્રેસ રસ્તા પર : ધરણાં પ્રદર્શન

અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના બેનર હેઠળ આજથી ત્રણ દિવસ સુધી ખેડૂતોના મુદ્દાને લઈને કોંગ્રેસ પાર્ટીએ વિરોધ પ્રદર્શનની શરૂઆત કરી હતી. કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતભરમાં આંદોલનની શરૂઆત કરી દીધી છે. આજે ગ્રામિણ વિસ્તાર અને તાલુકા સ્તર પર કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખેડૂતોના મુદ્દા ઉપર આવેદનપત્ર પણ સોંપવામાં આવ્યા હતા. બીજી બાજુ નવમી જૂનના દિવસે ખેડૂતોની માંગને લઈને તેમના સમર્થનમાં ઘંટનાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦મી જૂનના દિવસે રસ્તા રોકો આંદોલન યોજવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

# અમિત શાહ અને જતિન પટેલ વચ્ચે ચેરમેનપદ માટે હુંસાતુંસી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આગામી તા.૧૪ જૂને સવારે ૧૧-૦૦ વાગ્યે મળનારા મ્યુનિસિપલ બોર્ડમાં શહેરના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના બાર સભ્યોની ચૂંટણી યોજાશે. આ વખતે રોટેશન મુજબ અમદાવાદને મહિલા મેયર મળવાનાં હોઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનપદ માટે મ્યુનિસિપલ ભાજપના સિનિયર અને જુનિયર પુરૂષ કોર્પોરેટર વચ્ચે ગળાકાપ સ્પર્ધાત્મક માહોલ જામ્યો છે. ખાસ કરીને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનપદ માટે પૂર્વ મેયર અમિત શાહ અને રોડ એન્ડ બિલ્ડીંગ કમીટીના ચેરમેન જતીન પટેલ વચ્ચે ભારે હુંસાતુંસી અને સીધી સ્પર્ધા મનાઈ રહી છે. અમ્યુકોમાં આજે સવારના દશ વાગ્યાથી સ્ટેન્ડિંગ કમિટીના કુલ બાર સભ્યોની નિમણૂક માટેના ઉમેદવારીપત્ર ભરાવવાની શરૂઆત થઈ ગઈ હતી, જે આગામી તા.૧૦ જૂનની સાંજના પાંચ વાગ્યા સુધી ઉમેદવારીપત્ર ભરવાનાં છે, જો કે, આજે જ ભાજપ-કોંગ્રેસનું ચિત્ર સ્પષ્ટ થઈ જવાનું હોઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનપદ માટે પૂર્વ મેયર અને વાસણાના કોર્પોરેટર અમિત શાહ અને રોડ-બિલ્ડિંગ કમિટીના ચેરમેન અને ઘાટલોડિયા વોર્ડના કોર્પોરેટર જતીન પટેલ વચ્ચે અંતિમ ટક્કર છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શહેરના પ્રથમ નાગરિક તરીકે મેયરનો હોદ્દો ગૌરવભર્યો છે, પરંતુ પ્રજાની સામાન્ય સુખાકારીનાં કામ કહો કે વિકાસલક્ષી પ્રોજેક્ટ ગણો, પરંતુ કરોડો રૂપિયાનાં કામ છેલ્લી મંજૂરી માટે સ્ટેન્ડિંગ કમિટીમાં આવતાં હોઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનો હોદ્દો મેયર કરતાં પણ વધુ શક્તિશાળી છે એટલે ઓક્ટોબર-૨૦૧૫માં આવેલા ભાજપના વર્તમાન શાસકોની પ્રથમ અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતી હોઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનપદ માટે મ્યુનિસિપલ ભાજપના પુરૂષ કોર્પોરેટરોમાં જબરદસ્ત હરીફાઈનો માહોલ છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા સ્ટેન્ડિંગ કમિટીના ૧૨ સભ્ય માટે ૧૫ કોર્પોરેટરનાં નામની જાહેરાત કરાઈ છે, જો કે આ ૧૬ કોર્પોરેટર પૈકી ચાર કોર્પોરેટર 'ડમી' ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઊભા રહેશે અને મતદાનના દિવસે પોતાની ઉમેદવારી પરત ખેંચી લેશે. હાલની સ્ટેન્ડિંગ કમિટીના બાર સભ્ય પૈકી એકમાત્ર સભ્ય ડૉ.ચંદ્રાવતીબહેન ચૌહાણના નામને રિપીટ કરી હાઈકમાન્ડ દ્વારા જાહેરાત કરાઈ છે. બાકીના ગૌતમ પટેલ, ગૌતમ કથીરિયા, ગયાપ્રસાદ કનોજિયા, ગિરીશ પ્રજાપતિ વગેરે સભ્યો પૈકી કોઈને રિપીટ કરાયા નથી. કોંગ્રેસ દ્વારા જમાલપુરના અઝરાજબીન કાદરી, અમરાઈવાડીના જગદીશ રાઠોડ અને ભાઈપુરા-હાટકેશ્વરનાં ઈલાક્ષીબહેન પટેલ એમ ત્રણ સભ્યના નામની જાહેરાત કરાઈ હોઈ સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની નિમણૂક માટે ચૂંટણી યોજવી ફરજિયાત બની છે.

અનુસંધાન પાના નં.૬


ઝવેરી મંગળજી વમળશી ડીસ્પેન્સરી સંચાલિત

**એલ.એલ.પરીખ - સી.એલ.પરીખ હોસ્પિટલ - પાલનપુર**

**સ્ટાફ જોઈએ છે**

૧. **એકાઉન્ટન્ટ**
બી.કોમ, ટેલી., - કોમ્પ્યુટરના ત્રણથી ચાર વર્ષના અનુભવી.

૨. **કોમ્પ્યુટર, ડેટા ઓપેરટર**
ધોરણ ૧૨ પાસ
કોમ્પ્યુટરના જાણકાર, ડેટા - ઓપરેટર તરીકે બે થી ત્રણ વર્ષના અનુભવી.

॥ તાત્કાલીક રૂબરૂ મળો અથવા મેલ કરો. ॥
zmvhospital.palanpur@yahoo.in
Mo.9904128602



**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ સ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૨૨૦ કે.વી. રાધનપુર (સિનાડ) સબ સ્ટેશનમાંથી નીકળતી અને ૪૦૦/૨૨૦ કે.વી. વેલોડા સબસ્ટેશનમાં જતી ૨૨૦ કે.વી. રાધનપુર (સિનાડ) - વેલોડા બેવડી વિદ્યુત લાઈનમાંથી તા.૧૩/૦૬/૨૦૧૮ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ : સરદારપુરા, સીનાડ, પોરાણા, ભાડીયા, વિજયનગર, વડનગર, જેતલપુરા, ધરવડી, માનપુરા (ઉણ), વાલપુરા, ભદ્રેવાડી, સુદ્રાસણ, સોહનપુરા, ધનેરા, રોડા, માસા, દુનાવાડા, બેપાદર, સરીયદ, વડીયા, વેલોડા (નાના - મોટા), રતનપુરા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર, તા.રાધનપુર/કાંકરેજ/હારીજ/સરસ્વતી/પાટણ જિલ્લો - પાટણ/બનાસકાંઠા તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહી. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યકિત - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૮/૦૬/૨૦૧૮

(એન.બી.પઢીયાર)
કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા

# તંત્રી સ્થાનેથી ...

## જડતા નિર્દયતાની જનની છે.

## રમજાન દરમિયાન આતંકી ઘટનાઓને કેન્દ્ર પડકારી શકી નથી

રમજાન માસ એક પવિત્ર માસ તરીકે ગણાય છે. પરંતુ રમજાન માસમાં પણ આતંકી ઘટનાઓ બને એટલે પ્રત્યેકના જીવ તાળવે ચોંટી જાય છે. વર્ષ ૨૦૧૮ માં કાશ્મીરમાં જે બનાવો બન્યાં એ રીતના હિંસાના બનાવો અગાઉ ક્યારેય સાંભળવામાં પણ આવ્યા ન હતા. એક સર્વે અનુસાર ભારત-પાક. બોર્ડર પર ક્રોસ ફાયરિંગના બનાવોમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે.

જમ્મુ- કાશ્મીરમાં ફાયરીંગ અને તોપમારાના બનાવો વધ્યા છે. વર્ષ ૨૦૧૮ માં સેનાના જવાનો અને સ્થાનિક લોકો ભોગ બન્યા છે. એટલે કે ૨૦ સુરક્ષા જવાનો સહિત ૩૮ લોકોના આતંકી ઘટનામાં મોત થયા છે. રમજાન માસમાં આતંકી સંગઠનો વિરૂધ્ધ કોઈપણ જાતની કાર્યવાહી ન કરવા સરકારના આદેશને આતંકી સંગઠનો ઘોળીને પી ગયા હોય તેવું ચોક્કસ લાગી રહ્યું છે. ગત ૧૭ મે ના રોજ કેન્દ્ર સરકારે યુધ્ધ વિરામનું એલાન કર્યું હતું. રમજાન માસમાં શાંતિ અને એખલાસ પૂર્ણ માહોલ બની રહે તે માટે કેન્દ્ર દ્વારા જે પ્રયોગ કરવામાં આવ્યો પરંતુ જે લોકો સમાજ અને પરિવારથી દુર થઈ ચુક્યા છે. તેવા મુસ્લિમો આતંકી સંગઠનમાં જોડાય છે અને તેઓ કાશ્મીરમાં નિર્દોષ જવાનોને અને નાગરિકોને મોતને હવાલે કરી દેતાં હોય છે. ગત ૧૬ મે થી રમજાન માસ શરૂ થયેલ. ત્યારે આતંકીઓનો પ્રથમ હુમલો બાંદાબોરના હાજિન સેક્ટરમાં કર્યો હતો. ચાર જેટલા પાક.આતંકીઓ એક નાગરિકના ઘરમાં ઘુસી ગયા હતા અને ઘરના વડીલનું અપહરણ કર્યા બાદ બીજા દિવસે પિડીત નાગરિકની લાશ મળી આવી હતી. ત્યારે કાશ્મીરના અખનૂર, પુલવા જિલ્લામાં અને દક્ષિણ કાશ્મીરના શોલિયા જિલ્લામાં પોલીસ ટુકડી પર જે હુમલા કરવામાં આવ્યા હતા. તે બાબતને સરકારે ગંભીરતાથી લીધી ન હતી અને તકેદારીના પગલા પણ લીધા ન હતા. જેથી આતંકી સંગઠનોને હવે મોકળુ મેદાન મળી ચુક્યું છે. આ સંગઠનો મનોમન એવું સમજી ચુક્યા છે કે આપણે ગમે તેટલા હુમલા કરીશું છતાં કેન્દ્ર દ્વારા કોઈ જવાબી કાર્યવાહી થશે નહિં.. આવુ માનીને તેઓ વધુને વધુ હુમલા કરતા રહ્યા છે.

યુધ્ધ વિરામના બનાવોનું એલાન કરવા છતાં જમ્મુ - કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં એક ડઝનથી વધુ આતંકી હુમલા કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં જાસુસી સંસ્થાઓએ પણ યુધ્ધ વિરામ દરમ્યાન મોટા આતંકી હુમલાઓ માટે એલર્ટ આપ્યુ હતું. યુધ્ધ વિરામ દરમ્યાન આતંકીઓએ કેટલાક હથિયાર ચોરી લીધા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે, આ બાબતે સરકાર દ્વારા સઘન તપાસ ચલાવવામાં આવે તો ત્રાસવાદી સંગઠનોના અન્ય પ્રયાસોનો પર્દાફાશ થઈ શકે તેમ છે.

છેલ્લા ૨૦ દિવસમાં આતંકીઓએ ત્રણ ડઝનથી વધુ લોકોના જીવ લીધા છે. શ્રીનગરની જુદી જુદી ૧૮ જગ્યાઓ પર ગ્રેનેડ હુમલા કરવામાં આવતા જનજીવન પર તેની ગંભીર અસર વર્તાય છે.

રમજાન માસમાં ખીણ વિસ્તારમાં વધારાની સૈન્ય બટાલિયનો મોકલવા કેન્દ્ર દ્વારા થઈ રહેલા પ્રયાસોથી લોકોને આતંકીઓથી છુટકારો મળી રહેવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. કાશ્મીર બોર્ડર પર ગ્રેનેડ હુમલાઓને રોકવા સરકારે એક ચોક્કસ નીતિ ઘડવી પડશે. જો કે આતંકી ઘટનાઓને કેન્દ્ર પડકારી શકી નથી.

## કાશ્મીર હિંસા અને માઓવાદ

છેલ્લા બે વર્ષથી વચ્ચે થોડા વિરામ સાથે કાશ્મીરમાં અશાંતિનો નવો તબક્કો શરૂ થયો છે--અને કાશ્મીરના અભ્યાસીઓને લાગે છે કે આ તબક્કો ખતરનાક છે. કારણ કે તેમાં કાશ્મીરના ખીણપ્રદેશના લોકો, ખાસ કરીને યુવાનો મોટા પ્રમાણમાં અને સીધી રીતે સંકળાયેલા છે. વધારે ખરાબ સમાચાર એ છે કે તેમને પોલીસની-લશ્કરની, એન્કાઉન્ટરની કે ત્રાસવાદી લેખાવાની કશી બીક રહી હોય તેમ લાગતું નથી. તે બુરહાન વાની જેવા ત્રાસવાદી પ્રત્યે ખુલ્લેઆમ સહાનુભૂતિ પ્રગટ કરે છે, તેને શહીદ ગણે છે અને અંતિમવાદી રસ્તે, ભારતના શાસનની સામે પડી ગયા છે.

કાશ્મીરમાં સૈન્યની છાવણીઓ પર ત્રાસવાદી હુમલા ચાલુ છે--અને દરેક વખતે ભારતના પક્ષે થતી ખુવારી સર્જિકલ સ્ટ્રાઇક વખતે વ્યક્ત થયેલી ભાવનાને શરમાવતી રહે છે. કાશ્મીરની હિંસાની સાથે માઓવાદી હિંસા પણ સંભારવા જેવી છે. કાશ્મીરીઓ અને માઓવાદીઓ વચ્ચેનું એક સામ્ય એ છે કે તે પોતાનો પ્રદેશ ભારતથી અલગ કરવા ઈચ્છે છે. માઓવાદીઓ અત્યાધુનિક હથિયારો સાથે તે અર્ધલશ્કરી દળો પર ઘાતક હુમલા કરે છે અને અદૃશ્ય થઈ જાય છે. તેમની છાપામાર પદ્ધતિની સરખામણીમાં કાશ્મીરના દેખાવકારો ઉઘાડેછોગ પથ્થરબાજી કરે છે. ત્યાં ઘાતક શસ્ત્રો અને ઘાતકી હુમલાનો હવાલો પાકિસ્તાનપ્રેરિત ત્રાસવાદી જૂથોએ સંભાળ્યો છે. ભૂગોળની વિષમતાને લીધે સરહદને અભેદ્ય બનાવી શકાતી નથી. એટલે ત્રાસવાદીઓ સહેલાઈથી સરહદ પાર કરીને ભારતમાં આવી જાય છે. એમ તો, માઓવાદીઓને ચીન તરફથી મદદ મળતી હોવાના ઈશારા ભૂતકાળમાં થયા છે. પરંતુ પાકિસ્તાનની જેમ ચીન સીધી રીતે ક્યાંય ચિત્રમાં આવતું નથી.

માઓવાદગ્રસ્ત છત્તીસગઢ જેવા પ્રદેશો કરતાં કાશ્મીરની સ્થિતિ અનેક રીતે જુદી છે. માઓવાદીઓની જેમ કાશ્મીરમાં ત્રાસવાદી સંગઠનો સ્થાનિક સહાનુભૂતિ ધરાવે છે. પરંતુ કાશ્મીરમાં માઓવાદ કરતાં વધારાની બાબત ધર્મ છે. તેના કારણે અસંતુષ્ટ એવા સ્થાનિક લોકો વધારે સહેલાઈથી ત્રાસવાદીઓ સાથે એકરૂપતા અનુભવી શકે છે. માઓવાદી હિંસાના મામલે માઓવાદીઓ, સ્થાનિક લોકો અને સરકાર એમ ત્રણ મુખ્ય પક્ષો છે. તેમાં વાટાઘાટો માઓવાદીઓ સાથે કરવાની રહે છે, જ્યારે કાશ્મીરસમસ્યાના ભાગીયા (અંગ્રેજીમાં ’સ્ટેકહોલ્ડર્સ’ અને દેશી ગુજરાતીમાં ’અભાગિયા’ પણ કહી શકાય) એવા ઘણા પક્ષ છેઃ કાશ્મીરના લોકો, ભારત સરકાર, ભારતીય સૈન્ય, કાશ્મીરના સત્તાવાર રાજકીય પક્ષો, તેમાં વળી થોડોઘણો અલગતાનો સૂર ધરાવતો પીડીપી જેવો પક્ષ, સંપૂર્ણ અલગતાવાદી હુર્રિયત કોન્ફરન્સ, પાકિસ્તાનપ્રેરિત ત્રાસવાદને કારણે જેમને વતનવિહોણા થવું પડયું એવા કાશ્મીરી પંડિતો, પાકિસ્તાનમાં રહીને કાશ્મીરમાં ત્રાસવાદ ફેલાવતાં જૂથો અને પાકિસ્તાન પોતે. માટે, કાશ્મીરની લડાઈ વ્યવહારિક પ્રશ્નો અને તેના વ્યવહારિક ઉકેલોથી બહુ દૂર- બહુ આગળ નીકળીને, લગભગ ’લડાઈ ખાતર લડાઈ’ના તબક્કે પહોંચી ગઈ છે.

ખુવારી તો બન્ને પક્ષે થાય છે, પણ સામા પક્ષની ખુવારી ગણતરીપૂર્વકની અને ઘણા કિસ્સામાં ધર્મઝનૂનનો નશો ચડાવનારી હોય છે, જ્યારે ભારતના પક્ષે એક પણ સૈનિક કાશ્મીરમાં ત્રાસવાદી હુમલામાં માર્યો જાય, તો તેની ભારતના નૈતિક બળ ઉપર અસર પડી શકે છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ભરૂચમાં ૯-૧૦ જૂન દરમિયાન ડીએચએફએલ ગૃહ ઉત્સવ યોજાશે જે તમારા સ્વપ્નનું ઘર ખરીદી શકશો

ભરૂચ

ભારતની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓમાંની એક ડીએચએફએલ દ્વારા ૯ અને ૧૦ જૂન, ૨૦૧૮ દરમિયાન પ્રોપર્ટી કમ ફાઈનાન્સ એક્ઝિબિશનનું આયોજન શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉમા ભવન, મહાવીર ટર્નીંગ પાસે, અંકલેશ્વર-૩૯૩૦૦૨ ખાતે સવારે ૧૦ વાગ્યાથી ૮ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. ગ્રાહકો અહીં રૂ. ૮ લાખથી વધુની કિંમતના ૫૦૦થી વધુ અફોર્ડેબલ હાઉસિંગ યુનિટ્સમાંથી પસંદગી કરી શકે તેમ છે. ડીએચએફએલ ગૃહ ઉત્સવ એ સરકારના ‘હાઉસિંગ ફોર ઓલ બાય ૨૦૨૨’ વિઝનને યથાર્થ કરતું ઉમદા કદમ છે. આ એક્ઝિબિશનમાં પ્રવેશ નિઃશુલ્ક છે.ડીએચએફએલ ગૃહ ઉત્સવ ભરૂચમાં માત્ર સ્પર્ધાત્મક વ્યાજ દર ઓફર કરતો નથી પણ સાથે તે ગ્રાહકોને તેમની હોમ લોન પણ સ્થળ પર જ મંજૂર કરશે અને સાથે પ્રોસેસિંગ ફીમાં આકર્ષક ડિસ્કાઉન્ટ આપશે. મોટાભાગના હાઉસિંગ યુનિટ્સને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવરી લેવાયા છે જેમાં પ્રથમવાર ઘર ખરીદનારા લોકોને ૨.૬૭ લાખ રૂપિયા સુધીની વ્યાજ સબસિડી મળી શકે છે. જે હોમ લોન માટે યોગ્યતાપ્રાપ્ત ગ્રાહકને પ્રાપ્ત થઈ શકે છે.

## સીઓએઆઈએ એજીએમમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે તેની લીડરશિપ જાહેર કરી

નવી દિલ્હી

ટેલીકોમ, ઈન્ટરનેટ ટેકનોલોજી અને ડિજિટલ સર્વિસીસ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતાં સર્વોચ્ચ ઉદ્યોગ સંગઠન સીઓએઆઈએ નાણાકીય વર્ષ માટે તેની સાધારણ વાર્ષિક સભાની બેઠક ૭ જૂન, ૨૦૧૮નાં રોજ યોજી હતી, જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ની મુદ્દત માટે તેની લીડરશિપની જાહેરાત કરી હતી. છેલ્લાં બે વર્ષથી ઉદ્યોગ સંસ્થાનાં વાઈસ ચેરમેન તરીકે ફરજ બજાવતાં વોડાફોન ઈન્ડિયા લિમિટેડનાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુનિલ સૂદ હવે ચેરમેનનું પદ સંભાળશે, ત્યારે વાઈસ ચેરમેનનું પદ તરીકે ભારતી એરટેલ લિમિટેડનાં ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી અજય પુરી સંભાળશે.

સુનિલ સૂદ એપ્રિલ, ૨૦૧૫થી વોડાફોન ઈન્ડિયા લિમિટેડનાં ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર છે. સૂદ વોડાફોન ઈન્ડિયા લિમિટેડમાં ૩ ફેબ્રુઆરી, ૨૦૧૨થી ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે અને વેસ્ટ ઝોનનાં ડાયરેક્ટર તરીકે સેવા આપતાં હતાં. સૂદ વોડાફોન ઈન્ડિયાનાં સીનિયર લીડરશિપમાં સામેલ છે અને રોજિંદા કામગીરી માટે જવાબદાર છે તથા દેશમાં તમામ સર્કલ માટે પીએન્ડએલ મેનેજમેન્ટ માટે જવાબદાર છે. તેઓ કંપની માટે મોબાઈલ કોમર્સની નવી વ્યાવસાયિક વિકાસલક્ષી પહેલનું નેતૃત્વ પણ કરે છે. તેઓ ટેલીકોમ ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે અને ૧૨ વર્ષથી ઉદ્યોગમાં કાર્યરત છે. ટેલીકોમમાં જોડાયા એ અગાઉ તેઓ ભારત અને વિદેશની અંદર વિવિધ ભૂમિકાઓમાં પેપ્સીમાં લાંબી કારકિર્દી ધરાવે છે. તેઓ બાંગ્લાદેશમાં પેપ્સીમાં ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે કામ કરતાં હતાં. તેમણે નાઈજીરિયામાં ચાર વર્ષ પસાર કર્યા છે, જેમણે દેશમાં નેસ્લેની મિલ્ક અને ઈન્ફન્ટ ફોર્મ્યુલા માટે બજાર ઊભું કરવાની કામગીરી કરી હતી. “આપણે ટેલીકોમ ક્ષેત્રમાં સૌથી વધુ પડકારજનક સમયગાળામાંનાં એક ગાળા દરમિયાન તેમનાં માર્ગદર્શન અને પીઠબળ બદલ આભાર માનીએ છીએ તેમજ એસોસિએશનનું નેતૃત્વ કરવાની તેમની ક્ષમતામાં તથા લાંબા ગાળાની મજબૂત સ્થિતિ અને સ્થિરતા માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ટાટા મોટર્સે ટાટા ગ્રુપની ૧૫૦ વર્ષની ઉજવણી કરવા માટે તેની પ્રવાસી વાહનોની શ્રેણીમાં વિશેષ ઓફર રજૂ કરી




મુંબઈ

ટાટા ગ્રુપનાં ૧૫૦ વર્ષની ઉજવણી કરતાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ બિઝનેસે વિશેષ, લિમિટેડ ઓફરને ૨૫મી જૂન સુધી વિસ્તારી છે. ગ્રુપ-વાર ઉજવણી પ્રદર્શિત કરતાં આ આકર્ષક ઓફરમાં રૂ. ૧ લાખ*સુધી મૂલ્યના લાભો, રૂ. ૧*માં વીમાની જોગવાઈ અને વિશેષ એક્સચેન્જ બોનસ* વગેરે ઘણી બધી આકર્ષક ડીલ્સમાં સમાવેશ થાય છે, જે સાથે આ ચોમાસામાં પહેલી વારના કાર ખરીદદારો માટે આકર્ષક પરિમાણ બને છે.

કંપની બ્લોકબસ્ટર તિયાગો અને તેની લેવલ નેક્સ કોમ્પેક્ટ એસયીવુ- ધ નેક્સન સહિત પ્રવાસી વાહનોની સંપૂર્ણ શ્રેણીમાં આ લાભો આપી રહી છે. ઘરઆંગણાની બજારમાં ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ બિઝનેસની નાણાકીય વર્ષ ૨૦૧૮ના અંતે ૨૨ ટકાની વૃદ્ધિ થઈ હતી, જ્યારે ઉદ્યોગની વૃદ્ધિ ફક્ત ૭ ટકા થઈ છે. મે ૨૦૧૮માં નોંધાવેલા વેચાણમાં ૬૧ ટકા વધાર સાથે મજબૂત વેચાણ કામગીરી સાથે નાણાકીય વર્ષ ૨૦૧૯માં વૃદ્ધિની આ ગતિ ચાલુ રહેશે.

## કલર્સના “ડાન્સ દીવાને”ના મંચ પર ભારતી સિંઘ સેન્સુઅલ ડાન્સ કરે છે!



પોતાના વિલક્ષણ એકટસ તથ ભાગ લેનારાઓએ ડાન્સ માટે જે ઘેલછા દર્શાવેલ છે તેના વડે ડાન્સ દીવાનેએ દર્શકોને રોમાંચિત કરેલા છે. આવી રહેલ એપિસોડ હાસ્યનો ધોધ વરસાવનાર હોવાની ખાતરી છે તથા ટેલિવિઝનની જાણિતી કોમેડિયન ભારતી સિંઘશો પર ગેસ્ટ તરીકે જોવા મળનાર છે. વધુમાં શું છે – તેણી કિશન નામના એક પ્રતિસ્પર્ધી સાથે એક ખાસ સનસનાટીપૂર્ણ પરફોર્મન્સ પણ આપવાની છે. ’લહુ મુહ લગ ગયા’ પર તેઓના પરફોર્મન્સે તમામ નજરોને તેઓના પર ચોંટાડી દીધી

અને સંપૂર્ણ ટીમ અવાક થઈ ગઈ.તમામ જજિસ, ખાસ કરીને માધુરી દિક્ષિત એવું લાગતું હતું જાણે તેણી તેઓન પરફોર્મન્સનો દરેકે દરેક હિસ્સો માણી રહેલ હતી. ભારતી, હંમેશાની જેમ પોતાનું આકર્ષણ પ્રસરાવી અને દરેક જણના ચહેરા પર મલકાટ લાવી ગઈ. વર્તમાન ડાન્સ શોથી અલગ આ અનોખું સ્વરૂપ એવાને પ્રસ્તુત છે

જેઓ ડાન્સ માટે ખૂબ જ ઘેલા છે તેમને પોતાની પ્રતિભા દર્શાવવા મંચ પુરું પાડે છે. બાળકો, યુવાઓ અને વસ્કો એમ ૩ જૂથોની રેન્જ માટે મંચ પુરું પાડે છે – તમામ પ્રતિસ્પર્ધીઓ પોત–પોતાની વર્ગાવલીમાં સ્પર્ધા કરશે. દરેક વર્ગાવલીમાંથી ત્રણ ફાઈનાલિસ્ટસ, ઈન્ડિયાના અલ્ટીમેટ ડાન્સ દીવાનેનું બિરૂદ પામવા સ્પર્ધા કરશે. દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ડાન્સ દીવાને નિહાળો ફક્ત કલર્સ પર.

## શ્રી રાજારામજીને દેવભારતી નામના ગુરુ મળ્યા....

**જ્ઞાન સરિતા**
-મુકેશ આંજણા

સાચા ગુરુ મળવાથી જીવન ધન્ય બની જાય છે. ગુરુ પાસેથી સાચું જ્ઞાન મળેવી શકાય છે. શ્રી રાજારામજી મહારાજ પણ પોતાના જીવનમાં ગુરુની શોધમાં હતા.

શ્રી રાજારામજી મહારાજ પોતાનું જીવન મજૂરી કરીને પસાર કરી રહ્યા હતા. મજૂરીના બદલામાં બાર રોટલા મળતા હતા માંથી અડધો ભાગ દાનમાં આપી દેતા હતા..

સાંજનો સમય હતો. વિક્રમ સંવત ૧૯૪૬ના આસપાસની વાત છે.

દેવભારતી મહારાજ દ્વારકાથી દર્શન કરીને શિકારપુરા પાછા ફર્યા હતા અને પોતાની ભક્તિ કરવાની જગ્યા પર મોટી છત્રી (જે હવે પડીને ખંડેરના રૂપમાં બદલી ગઈ છે ) ની પાસે પશ્ચિમ દિશામાં સ્થાપિત કરી હતી.

સંત શ્રી દેવભારતીએ શંખ વગાડ્યો તેનો અવાજ છેક ગામના ઠાકુરના ખેતરમાં કામ કરી રહેલ શ્રી રાજારામજીને સંભળાયો હતો. દેવભારતીએ સંધ્યા ટાણે આરતી પૂરી કરી હતી. શ્રીરાજારામજી મહારાજે મનોમન દેવભારતી મહારાજના દર્શન કરવાની ઈચ્છા વ્યકત થઈ હતી જ્યારે દેવભારતી વિષે ખબર પડી તરત જ ખેતીનું કાર્ય છોડીને ઉમંગ સાથે ઠાકુરના ત્યાંથી ભોજન માટે આપેલ ત્રણ રોટલા માંથી અડધો ભાગ પશુઓ/ પક્ષીઓને દાન આપીને બાકીનો અડધો ભાગ વધ્યો હતો તે પોતાની સાથે લઈને દેવભારતીને મળવા માટે દોડી ગયા.

દેવભારતીના દર્શન કરીને શ્રી રાજારામજી મહારાજના હૃદયમાં અપાર ખુશી પ્રગટ થઈ હતી.

શ્રી દેવભારતી મહારાજે શ્રી રાજારામજીને પોતાના પરિચય વિશે પૂછવામાં આવ્યું, ત્યારે શ્રી રાજારામજી મહારાજે કહ્યું કે “ હું પરિચય આપવાના યોગ્ય નથી. મારા પિતા શ્રી હરિંગજી- માતા મોતીબાઈ સ્વર્ગસ્થ સિદ્ધ થયેલ છે અને મારા જન્મના નક્ષત્રો પ્રમાણ મારું નામ રાજિયો હતું. હું શિકારપુરા ગામનો નિવાસી છું અને રાવળના સાગડીમાં રહું છું અને રીઝકા વાળા કુવા પર હાળી તરીકેનું કામ કરીને જીવન ગુજરાન કરું છું.’’

શ્રી રાજારામજીએ પોતાનો પરિચય દેવભારતી મહારાજને આપ્યો ત્યારે તમામ વાત સમજમાં આવી ગઈ હતી. દેવભારતી મહારાજે શ્રી રાજારામજી પર પોતાનો હાથ મૂકીને કલ્યાણકારી પ્રાર્થના બોલ્યા પછી રાજારામજીએ કપડામાં બાંધીને રોટલા લાવ્યા હતા તે હાથમાં લઈને દેવભારતી મહારાજને અર્પણ કર્યા.

શ્રી રાજારામજીનું નિવેદન સંભાળીને પુણ્ય માટે લાવેલા રોટલા દેવભારતી મહારાજના હાથોમાં આપી દીધા તે માંથી અડધો ભાગ શ્રી રાજારામજીના હાથમાં પાછો આપી દીધો. રોટલા ગરમ કરવામાં આવ્યા અને દેવ ભારતી માટે જાણે આ રોટલા અમૃત સમાન બની ગયો. દેવ ભારતી મહારાજના પેટમાં વર્ષોથી કબજીયાતની બિમારી રહેતી હતી તે દૂર થઇ ગઈ હતી

(ક્રમશ.)

- મુકેશ આંજણા

## ટેસ્ટી ટ્રીટ સ્વાદિષ્ટ બિસ્કીટ અને કૂકીઝની વિશાળ શ્રેણી લોન્ચ કરે છે




ફયુચર કન્ઝ્યુમર લિમિટેડની રેડી-ટુ-ઈટ સ્નેકિંગ બ્રાન્ડ્સની એક ટેસ્ટી ટ્રીટ, સ્વાદિષ્ટ બિસ્કીટ અને કૂકીઝની વિશાળ શ્રેણી રજૂ કરે છે. નવી રેન્જમાં વિકલ્પોની અનંત યાદી છે, જે તમામ ફૂડ લવર્સ અને હેલ્થ કોન્સિઅસ લોકોને ઉત્સાહી કરશે. આ યાદીમાં ઓલ ટાઈમ ચાઈ સાથે મેરી બિસ્કીટ, કિડ્સ ફેવરીટ ક્રિમ બિસ્કીટ, ચોકલેટી બોરબોર્ન, ફાઈબર રિચ ઓટમેલ કૂકીઝ અને હેલ્થી ડાઈજેસ્ટીવ્સનો સમાવેશ થાય છે.“ટેસ્ટી ટ્રીટ સ્નેકિંગ પ્રોડક્ટ્સની અનંત યાદી આપે છે જે બધા ફૂડીસ માટે સ્વાદિષ્ટ ઉપહાર છે. અમારા બિસ્કીટ અને કૂકીઝની નવી શ્રેણી દરેક માટે સ્ટોરમાં ઉપલબ્ધ છે. ચોકો ચીપ લવર્સ માટે કૂકીઝથી, ઓલ ટાઈમ ચાઈ ફેવરીટ મેરી બિસ્કીટ અને હેલ્થી ડાઈઝેસ્ટીવસ માટે વિવિધ પ્રકારના ટેસ્ટ બડ્સ હશે. આ શ્રેણીમાં બધા પ્રકારના બીસ્કીટ છે અને તેમાં સૌથી વધુ સ્વાદિષ્ટ પાચન ક્રીમનો સમાવેશ થાય છે જે આરોગ્ય અને સ્વાદને એકમાં જોડે છે.” ટેસ્ટી ટ્રીટએ સ્વાદયુક્ત પાચનનો પરિચય આપે છે જે સ્વાદ ફયુલરીક ચોકલેટ ક્રીમ સાથે ફાઈબર સમૃદ્ધ ઘઉં બિસ્કીટને જોડે છે. આ પાચન ક્રીમ, સક્રિય જીવનશૈલીમાં સામેલ થવાની એક સંપૂર્ણ રીત છે, કારણકે તેમાં ૦ ટકા ખાંડ અને નો ટ્રાન્સ ફેટ છે.ટેસ્ટી ટ્રીટ કૂકીઝ ચોકો ચિપ્સ, બટર કાજુ, પીસ્તા, બટર અને ઓટમેલ જેવા સ્વાદોમાં ઉપલબ્ધ છે. માઉથ વોટરીંગ ક્ન્ચી ક્રીમ બિસ્કીટ સ્ટ્રોબેરી, વેનિલા અને ચોકોલેટ ક્રીમથી ભરેલા છે. સ્વાદિષ્ટ ટ્રીટ બોરબોર્ન ઘાનાથી શ્રેષ્ઠ કોકો બીન્સની સાથે બનાવવામાં આવે છે અને ચોકલેટ બિસ્કીટ ચોકલેટ ક્રીમના સ્પ્રેડથી ભરેલા છે.ટેસ્ટી ટ્રીટ બિસ્કીટ અને કૂકીઝની કિંમત રૂ.૫ થી રૂ.૧૫૯ છે. આ પ્રોડક્ટ્સ બિગ બજાર, બિગ બજાર ર્ઈઝ ઢઠ્, ફૂડહોલ, ઈઝીડે ક્લબ, હેરિટેજ ક્લબ, નીલગીરીશ, હાઈપર સિટી અને સામાન્ય સ્ટોરમાંથી ખરીદી શકાય છે.

## શહેરમાં ઈન્ડિયન નેશનલ પેરા સાઈકલિંગ ટીમનું સાઈકલ રાઈડિંગ

અમદાવાદ

૮મી જૂનના રોજ આદિત્ય મહેતા ફાઉન્ડેશન દ્વારા ૮મી જૂન, શુક્રવારે શહેરમાં પરિમલ ગાર્ડન ખાતે પેરા- એથ્લિટ્સ સાઈકલિંગ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન નેશનલ પેરા સાઈકલિંગ ટીમ સાથે સતત બ્રોન્ઝ મેડલ જીતનાર પેરા- એથ્લિટ હરીન્દર સિંઘે પણ આ કાર્યક્રમમાં ભાગ લઈ સાઈકલિંગ કર્યું હતું. આ ૪૦ કિલોમીટરની સાઈકલિંગ રાઈડ હતી જેમાં આપણા ગુજરાતી ફિલ્મ સ્ટાર પ્રેમ ગઢવી પણ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદમાં આદિત્ય મેહતા ફાઉન્ડેશન દ્વારા ચાલી રહેલા આ રોડ શોનો મુખ્ય કાર્યક્રમ પ્રિલ્યુડ ટુ ઈન્ફિનીટી રાઈડ ૧૦મી જૂનના રોજ યોજાવાનો છે.

# વ્યક્તિ દુઃખમાં પોતાના પાર્ટનરનો હાથ પકડે ત્યારે માનસિક તરંગો પરસ્પર મળે છે

તેરે હાથ મે મેરા હાથ હો, સારી જન્નતે મેરે પાસ હો. ફનાનું આ ગીત ખૂબ જ રોમેન્ટિક છે. પણ શું તમે જાણો છો કે આ સાયન્ટિફિકલી સાબિત થયેલું સત્ય છે. લાગી ને નવાઈ. તો ચલો એક પ્રયોગ કરીએ. તમે જ્યારે લો ફીલ કરો, બેચેની અનુભવો, કે અકળામણ કે ગભરામણ થાય ત્યારે તમે તમારા પાર્ટનરનો હાથ પકડી લો. અહીં આ પ્રયોગ કરવા માટે જરુરી નથી કે પાર્ટનર જ જોઈએ. તમે તમારી સૌથી નજીક જે હોય, મિત્ર કે પરિવારના સભ્યો, ભાઈબહેન કોઈ પણ તેનો હાથ પકડી જુઓ. અને પછી જુઓ કે તમારી લાગણીઓ કેવી ડાઉન માંથી અપ થાય છે.વૈજ્ઞાનિકોએ આ પ્રયોગ દંપતિઓ પર કર્યો. જે અનુસાર તેમણે તારણ કાઢ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ દુઃખમાં હોય, અને તે પોતાના પાર્ટનરનો હાથ પકડે છે ત્યારે તેઓની માનસિક તરંગો પરસ્પર મળે છે. અને તેને કારણે દુઃખ ઓછુ અનુભવાય છે. પાર્ટનરનો હાથ પકડવાથી તેની સહાનુભુતિ અને સથવારો અનુભવાતા આરામ લાગે છે. જેટલી માનસિક તરંગો મળે તેટલી જ વધુ રાહત અનુભવાય. અને દુઃખ દર્દ ઓછુ અનુભવાય.

આ પ્રાયોગિક અભ્યાસ યુનિવર્સિટી ઓફ કોલોરાડોમાં કરવામાં આવ્યો હતો. અને આ રિસર્ચ અભ્યાસ બાદ રિસર્ચરે વિચાર માગી લે તેવી વાત કહી. રિસર્ચર પાવેલ ગોલ્ડસ્ટીને કહ્યું કે આપણે લોકોએ આજના આ આધુનિક સમયમાં કોમ્યુનિકેશનના ઘણા માધ્યમ વિકસાવી લીધા છે,

પણ આપણી વચ્ચે સ્પર્શનો સેતુ મર્યાદિત થઈ ગયો છે. આ સ્ટડી કરવાનો હેતુ જ સ્પર્શની શક્તિ અને તેના મહત્વને ઉજાગર કરવાનો હતો.

આ રિસર્ચ માટે રિસર્ચરે ૨૩થી ૩૨ વર્ષની વચ્ચેના ૨૨ દંપતિઓને પસંદ કર્યા. આ તમામ એવા હતા જેઓ એક વર્ષ કરતાં વધુ સમયથી સાથે રહેતા હતા. અભ્યાસમાં આ કપલ્સને અનેક પરિસ્થિતિઓમાંથી પસાર કરી તે સમયે તેમની ઈલેક્ટ્રો એન્સફલોગ્રાફી (ઈઈજી) કરીને તેમની માનસિક તરંગોની એક્ટિવીટી નોટ કરવામાં આવી. આ પ્રયોગ દરમિયાન અલગ અલગ પરિસ્થિતિઓમાં કપલ્સને સાથે રાખીને, તેમને અલગ અલગ રુમમાં બંધ રાખીને તેમજ સાથે હાથ પકડીને રાખીને અનેક પરિસ્થિતિઓમાંથી પસાર કરવામાં આવ્યા અને ત્યાર બાદ આ બધા ડેટા પર એનાલિસીસ કરવામાં આવ્યુ. આ પ્રયોગ દરમિયાન જ્યારે કપલ્સ સાથે બેઠા હતા, તે કંડિશનમાં મહિલાઓમાં થોડી હુંફનો અનુભવ થયો. કપલ્સના સાથે રહેવા પર તેમની માનસિક તરંગો મળી રહી હતી. જ્યારે મહિલાને દુઃખ થતુ અને ત્યારે તેમનો પાર્ટનર તેનો હાથ પકડે તો એ સમયે માનસિક તરંગોનુ મિલન બેગણુ થઈ ગયુ. અને જે સમયે મહિલાને દુઃખ કે પીડા થતી અને તેમના પાર્ટનરે તેમનો હાથ નહીં પકડ્યો ત્યારે માનસિક તરંગો મળવાની બંધ થઈ ગઈ. અહીં ખેલ બધો માનસિક તરંગોના મળવાનો છે. તરંગોના સિંક્રોનાઈઝેશનની આ વેવલેન્થ એ જ વેવલેન્થ છે જે આપણે કોઈ વસ્તુ પર ફોકસ કરીએ ત્યારે હોય છે. અને આ સિંક્રોનાઈઝેશન એટલે કે તરંગોનું મિલન સ્પર્શથી બેવડાઈ જાય છે. અહીં સ્થિતીને સમજીએ તો જ્યારે પ્રોબ્લમ હોય ત્યારે તેને સોલ્વ કરવા માટે આપણે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. એટલે જો દુઃખની ઘડીમાં આ રીતે માનસિક તરંગો મળે છે તો એ સમયે દુઃખ હળવુ થવાની સાથે એ અહેસાસ પણ થાય છે કે, જીત જાયેંગે હમ તુ અગર સંગ હે..

પ્રેમની અનુભુતિ હોય કે પોતિકાપણાનો અહેસાસ, સ્પર્શથી જે વ્યક્ત થાય છે એ ભાવને ભાષાની જરુર નથી પડતી. કદાચ તમારા પાર્ટનર પોતાની લાગણી વ્યક્ત ન પણ કરતાં હોય પણ જો તેમના હાથ પકડવાથી તમને રાહત અને આરામ મહેસુસ થાય તો

સમજી લેજો કે સામેવાળુ વ્યક્તિ દિલ અને દિમાગથી તમારુ છે. પછી તમે જ એ કહી દેજો, કે “જાને ક્યુ દિલ જાનતા હૈ, તુ હૈ તો I’ll be all right.”

(જી.એન.એસ)

## કથાસાગર- ચિંતાનો માર

બે વૈજ્ઞાનિકો વાતચીત કરી રહ્યા હતા. તેમાં એક વૃદ્ધ અને એક યુવાન હતો. વૃદ્ધ વૈજ્ઞાનિકે કહ્યું, ‘ચાહે વિજ્ઞાન કેટલી પણ પ્રગતિ કેમ ન કરી લે, પરંતુ તે હજુ સુધી એવું કોઈ ઉપકરણ નથી શોધી શક્યું, જેનાથી ચિંતા પર લગામ કસી શકાય.’ યુવા વૈજ્ઞાનિક હસતાં હસતાં બોલ્યો, ‘અરે ચિંતા તો મામૂલી વાત છે. વળી તેના માટે ઉપકરણ શોધવામાં સમય શું કામ બગાડવો?’ વૃદ્ધ વૈજ્ઞાનિકે કહ્યું, ‘ચિંતા બહુ ભયાનક હોય છે. તે વ્યક્તિનો સર્વનાશ કરી દે છે.’ પરંતુ યુવા વૈજ્ઞાનિક તેમની સાથે સહમત ન થયો.

વૃદ્ધ વૈજ્ઞાનિક તેને પોતાની સાથે ગાઢ જંગલોમાં લઈ ગયા. એક વિશાળકાય વૃક્ષ આગળ તેઓ ઊભા રહ્યા. યુવા વૈજ્ઞાનિક બોલ્યો, ‘તમે મને અહીં શું કામ લાવ્યા છો?’ વૃદ્ધ વૈજ્ઞાનિકે કહ્યું, ‘જાણે છે, આ વૃક્ષની ઉંમર ચારસો વર્ષ હોવાનું કહેવાય છે.’ યુવા વૈજ્ઞાનિક બોલ્યો, ‘અવશ્ય હશે.’ વૃદ્ધ વૈજ્ઞાનિકે સમજાવતાં આગળ કહ્યું, ‘આ વૃક્ષ પર ચૌદ વખત વીજળી પડી છે. ચારસો વર્ષોથી અનેક તોફાનોનો સામનો કર્યો છે.’ ત્યારે યુવા વૈજ્ઞાનિકે અકળાઈને કહ્યું, ‘તમે સાબિત શું કરવા માગો છો?’ વૃદ્ધ વૈજ્ઞાનિક બોલ્યા, ‘ધીરજ રાખ. અહીં આવ, અને જો કે તેના મૂળમાં ઉધઈ પડી ગઈ છે. ઉધઈએ તેની છાલને કોતરી-કોતરીને તબાહ કરી દીધું છે.’ યુવા વૈજ્ઞાનિકે પૂછ્યું, ‘હવે તો નિષ્કર્ષ શું છે એ કહો.’ વૃદ્ધ વૈજ્ઞાનિક બોલ્યા, ‘જે રીતે આ વિશાળ વૃક્ષ વીજળીથી નષ્ટ નથી થયું, તોફાનથી ધરાશાયી નથી થયું પરંતુ મામૂલી ઉધઈ તેને સફાચટ કરી ગઈ, એ જ રીતે ચિંતાની ઉધઈ પણ એક સુખી-સમૃદ્ધ અને તાકાતવર વ્યક્તિને સફાચટ કરી જાય છે.’






સંતાની ચાની દુકાનમાં એક દિવસ એક શેઠ આવીને બેસી ગયા. શેઠે ચા મંગાવતા કહ્યું કે- તમારી દુકાનમાં માખીઓ ઘણી છે. સંતા બોલ્યો - શુ કરીએ સાહેબ, જ્યાં ગંદકી હોય છે ત્યો બેસી જ જાય છે.

સંતા - ભાઈ, સરકારે એવો કાયદો કેમ બનાવ્યો કે એક પત્નીના હોવાથી બીજુ લગન ન કરી શકાય. બંતા - એ માટે કે કયાંક ઘરમાં જ યુદ્ધ ન થઈ જાય.

સંતા - મારી પ્રેમિકાની માંગ એટલી મોટ ીહતી કે મારે તેની સાથેનો સંબંધ કાપી નાખવો પડયો.

બંતા - શુ વાત કરે છે ! તારી પ્રેમિકાની માંગ શુ હતી ? સંતા - લગ્નની.

૦૦૦૦૦૦

બંધા - જ્યોતિષને પોતાનો હાથ બતાવવા ગયો. જ્યોતિષીએ કહ્યુ - કે આજે તમારી પત્નીને જરૂર ધનનો લાભ થશે. બંધાએ મોઢં બગાડતા કહ્યું - તમે સાચુ કહી રહ્યા છો. આજે હ મારુ પાકીટ ઘરે ભૂલી આવ્યો છ.સંતા - ડોકટરે કહ્યુ કે તમને કોઈ બીમારી નથી બંતા - તો પછી, તુ આટલો ઉદાસ કેમ છે ? સંતા - હું વિચાર કરી રહ્યો છું કે ફી ના ૧૫૦ રૂપિયા બેકાર ગયા.

૦૦૦૦૦૦૦૦

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી, એ જોઈ એના મિત્રએ પુછ્યું : તું દરરોજ આટલી બધી પ્રાર્થના કરે છે?

ના, ના ભગવાનને પ્રાર્થના કરું છુ કે આ બધી વાંચી લે. મને પ્રાર્થના કરવાનો બહું કંટાળો આવે છે.

## મધુવન

**'મુઝે વો છોડ ગયા યે કમાલ હૈ ઉસકા,**
**ઈરાદા મૈંને કિયા થા કિ છોડ દુંગા ઉસે'**

ઘણીવાર અણધાર્યું બને છે, ઉલટું બને છે, આપણને એવું લાગે છે કે આપણે કોઈને છોડી દઈએ પણ એનાથી વિપરીત બને છે. આપણે જેને છોડી દેવાની તૈયારી કરી લીધી હોય ઈ આપણને તરછોડી દેતા હોય છે.

**'તુમ હી વકત થે ન હમ હી થે રાસ્તા કોઈ,**
**જાના થા જબ છોડકર તો આયે હી કયું ?'**

સુરેશ સાંગવન 'સરુ' ના આ શે'ર માં એક રાવ છે. ઘણા લોકો આકસ્મિક રીતે જીવનમાં આવે છે અને જીંદગી બની જાય છે. જીંદગીનો ખુબ સુવર્ણ સમય એમની સાથે ખર્ચાઈ જાય છે અને અચાનક જ એ ચાલ્યા જાય છે. ત્યારે આવી ફરીયાદ ઉભી થાય છે.

**'અપને બદન કે સાથ રહું તો અઝાબ હૈ,**
**મર જાઉંગા મૈં જાઉં અગર ઉસકો છોડકર'**

મોહંમદ અલવીના આ શે'ર માં પ્રિયજનના છોડી જવાથી દિલમાં થતી વ્યથાની વાત છે. જ્યારે સ્વજન છોડી જાય છે ત્યારે અન્યની વાત છોડી વ્યક્તિને પોતાની સાથે રહેવું મુશ્કેલ લાગે છે. એક સજા (અઝાબ)લાગે છે. એવું લાગે છે કે જાણે હવે એનાથી વધારે જીવી શકાશે નહીં.

**'મૈં દેર તરક તુજે, ખુદ હી ન રોકતા લેકીન,**
**તુ જીસ અદા સે ઉઠા હૈ, ઉસી કા રોના હૈ'**

ફિરાક ગોરખપુરીના આ શે'ર માં વિદાય થતા સ્વજનની સ્થિતિનું વર્ણન છે, મળવું, છુટા પડવું એ જીંદગીનો એક હિસ્સો છે પણ જે દિલથી મળી ન શકે એ દિલથી છુટા કેવી રીતે પડી શકે ? 'ઢાઈ અક્ષર પ્રેમ કા' પુસ્તકમાં ગુણવંત શાહ કહે છે કે આપણે દિવસમાં કેટલાંને મળીએ છીએ, સવારે દુધવાળો, ડ્રાઈવર, રસોઈયા, નોકર.. સાચે જ મળીએ છીએ એમને ? જેની સાથે હૃદયપુર્વક મળ્યા ન હોઈએ એના જવા ન જવાથી આપણને કોઈ ફર્ક પડતો નથી. મળવું, મળવું ખુબ ફેર છે બંનેમાં એક મળવું એટલે દુધ અને છાશનું મળવુ એક મળવું એટલે પાણી અને તેલનું મળવુ બંનેમાં તફાવત છે. આપણે છેલ્લે સાચી રીતે કોને મળ્યા હતા ?

**'મુદતો બાદ ભી યે આલમ હૈ,**
**આજ હી તો જુદા હુઆ જૈસે'**

અહમદ ફરાજના આ શે'ર માં વર્ષો પછી એ જ હાલત હોવાની વાત કરવામાં આવી છે. જીવનમાં કેટલીક વ્યક્તિઓનું સ્થાન દિલમાં આગવું અને અનામત હોય છે. એ સ્થાન બીજા કોઈ કયારેય લઈ શકતા નથી. એ ભલે પાસે હોય કે દુર હોય, મળતા હોય કે ન મળતા હોય પણ હૃદયની ધડકનોમાં એ નામ સતત ધબકતું હોય છે. એ વર્ષોથી અલગ રહેવા છતાંય સતત સાથે જ રહેતા હોય છે.

**'અબ કેમ બિછડે તો શાયદ કભી ખ્વાબોં મેં મિલે,**
**જિસ તરહ સુખે હુએ ફુલ કિતાબો મેં મીલે'**

અહમદ ફરાજની આ પ્રખ્યાત શે'ર છે. જીંદગીમાં ઘણાંને વળાવવાનો વિદાય આપવાનો પ્રસંગ આવે છે. એમાં કેટલાક સ્વજનો એવાં હોય છે કે જેનો ચહેરો પછી જીંદગીભર આપણે જોઈ શકતા નથી. આજના ટેકનોલોજીના યુગમાં જોકે ચહેરો જોવાનું ય સુગમ છે પણ કેટલાંક પ્રિય પાત્રો, સ્નેહીજનો આજીવન ફરી કયારેય રૂબરૂ મળતાં નથી. એવાં સ્વજનોને છોડતી વખતે દિલમાં પારાવાર વેદના થાય છે. દિલ એમને કાયમી માટે રોકાઈ જવાનો આગ્રહ રાખે છે. પણ નિયતિ એ કરી શકતી નથી. અંતે જોઈએ આ શબ્દો:

**'જીદ કર હી બૈઠે હો, જાને કી, તો યે ભી સુનલો**
**ખૈરીયત મેરી કભી ગૈરો સે મત પુછના'**

**ધેંગાભાઈ એન'સરહદી'**
ગુરૂકૃપા બંગલોઝ-૨ નાની પાવડ (થરાદ)
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## અકબર બીરબલ - બુદ્ધિની કસોટી

અકબર બાદશાહના દરબારની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે એક દરબારી હાથમાં કાચનો એક વાટકો લઈને ત્યાં આવ્યો. બાદશાહે પુછ્યું, શું છે આની અંદર?

દરબારીએ કહ્યું, આમાં રેતી અને ખાંડ છે.

તે શેને માટે, બાદશાહે પુછ્યું.

માફી માંગુ છુ હુજુર, દરબારી બોલ્યો. પરંતુ અમે બિરબલની બુદ્ધિની કસોટીકરવા માંગીએ છીએ, અમે ઈચ્છીએ છીએ કે બીરબર આ રેતીમાંથી ખાંડને અલગ કરે.

બાદશાહે કહ્યું, જોઈ લે બિરબલ રોજ તારી સામે એક નવી મુશ્કલી મુકવામાં આવે છે, હવે તારે આ રેતીને પાણીમાં ગોળ્યા વિના તેમાંથી ખાંડને અલગ કરવાની છે.

કોઈ વાંધો નહિ જહાઁપનાહ, બીરબલે કહ્યું. આ તો મારા ડાબા હાથનો ખેલ છે, કહીને બીરબલે કાચનો વાટકો હાથમાં લીધો અને દરબારમાંથી બહાર જતો રહ્યો.

બીરબલ બાગમાં જઈને રોકાઈ ગયો અને કાચના વાટકામાંનુ મિશ્રણ એક આંબાની આજુબાજુ વેરી દિધું.

આ તમે શું કરી રહ્યાં છે? એક દરબારીએ પુછ્યું.

આ તને કાલે ખબર પડશે, બીરબલે કહ્યું.

બીજા દિવસે બધા તે આંબા નીચે પહોચ્યાં, જ્યાં હવે માત્ર રેત જ પડી હતી. ખાંડના બધા દાણાને કીડીઓએ લઈને પોતાના દરમાં મુકી દિધા હતાં, અમુક કીડીઓ તો હજી પણ ખાંડના દાણાને ઘસેડીને લઈ જઈ રહી હતી.

પરંતુ બધી ખાંડ ગઈ ક્યાં? એક દરબારીએ પુછ્યું.

રેતીથી અલગ થઈ ગઈ, બીરબલે કહ્યું.

બધા જોરથી હસી પડ્યાં.

બાદશાહે દરબારીને કહ્યું કે, જો હવે તારે ખાંડ જોઈતી હોય તો કીડીઓના દરમાં ઘુસવું પડશે. બધા જોરથી હસ્યાં અને બીરબલની ચતુરાઈના વખાણ કર્યા.

## હાથીનું મોટું પેટ

પાછું વેકેશન પડયું.. છોટીયાના બે ભાણિયાઓએ મામાને ઘેર એમને લઈ જવાની હઠ લીધી.. છોટીયાએ ઘસીને ના પાડી દીધી.. ઉપરથી કહ્યું, તમને લઈ જવામાં કશો સાર નથી તમને લઈ જવામાં ત્યાં તમે એવા કારસ્તાન કરો છો કે મને છાશવારે મારા બોસ એવા વાઘમામા ધમકાવે છે. મારે એમને જવાબ આપવો પડે છે. માટે તમને લઈ જવાનો નથી. તમે વેકેશનમાં અહીં જ રહો.. છોટીયાએ સાફ સાફ જણાવી દીધું પણ રામલો ર અને ભગલો ભ હઠે ભરાણા એક જ રટ લઈને બેઠા.. બસ અમારે તો મામાના ઘેર જવુ ંજ છે. લઈ જાવ.. લઈ જાવ..

ભાણા હઠે ભરાણા.. એટલે છોટીયાને નમવું પડયું.. સાંજના પાંચ વાગે છોટીયો એ બંનેને લઈને એસટીમાં બેઠો.એસ.ટી. ઉપડી ત્યારે છોટીયાએ વધુ એક વાર કહ્યું તમે બે આવો છો તો ભલે પણ સીધા રહેજો..

જી..મામાજી..

રાત્રે સાડા આઠ નવ વાગે બેય ભાણિયાઓને લઈને છોટીયો ઘેર આવ્યો.. એને ન ગમ્યું હતું પણ શું કરે ? તો બીજી તરફ છોટીયાની પત્ની છોટાણીએ બેય એ ભાણીયાઓને આવકાર્યો.. કપાળ ચુમતાં કહ્યું વેકેશનમાં ભાણિયા તો મામાના ઘેર જ જાયને... પણ સીધા રહેજો. કોઈને પણ હેરાન કરતા નહીં..

હા મામી.. એ રાત્રે રામલો ર અને ભગલો ભ.. છોટીયાના ઘરનો ધાબે સુતા.. ધાબાની સામે પીપળાનું મસ મોટું ઝાડ હતું.. ત્યાં અડધી રાત્રે ઘુવડ બોલવા માંડયું.. ખીખીયારી કરવા લાગ્યું. રામલો ર જાગી ગયો એને ડર તો લાગ્યો પણ એ તો ઓઢીને સુઈ ગયો.

પાંચ દિવસ થયા. રામલા ર અને ભગલા ભ એ શાંતિથી પસાર કર્યા. છોટીયાને શાંતિ થઈ.. હાશ આ વખતે કંઈક થોડો ઘણો સુધારો તો થયો છે. જોકે છોટીયો રોજ રાત્રે કહેતો કયાંય ધમાલ કરશો નહીં..

જી મામા...

બેય જણા કહેતા..

હવે એ જંગલમાં ગજાનંદ હાથીરામને એક બચ્ચું હતું મમ્મુ મદનીયું એ વારે ઘડીયે પોતાની માતાને પોતાનું પેટ ફુલી ગયા અંગેની ફરીયાદ કરતું.. મામા જોજો મારૂં પેટ ફુલીને તુંબડતુંબ થઈ ગયું છે.મોટા ઢોલ જેવું થઈ ગયું છે.

ત્યારે મમ્મુ મદનીયાની મા કહેતી, બેટા એ તારો ખોટો ખ્યાલ છે. આપણા હાથીકુળમાં બધાંના પેટ ઢમઢોલ હોય છે. આ મારૂં પેટ જો.. તારા પિતાજી, કાકા મામા સૌના પેટ જો.. કેવા તુંબડતુંબ છે.. છતાંય એ ફરીયાદ કરે છે.. અને આ તું જો જાણે મારો જીવ ખાઈ ગયો..

માએ સમજાવ્યું પણ મમ્મુના ભેજે એ વાત ન ઉતરી તે ન ઉતરી..એ તો રોવા ચઢયું... માએ એને જેમ ધમકાવ્યો એમ એ રોવા લાગ્યું..

આ તરફ રામલો ર અને ભગલો ભ રખડતા રખડતા ત્યાં આવ્યા. એમણે રડતા મદનીયા મમ્મુની સામે જોતાં બધું જાણી લીધું કે મદનીયું એના ફુલી ગયેલા પેટના લીધે નારાજ છે એ એની માતાને એ અંગેની ફરીયાદ કરે છે પણ એની માતા કંઈક બીજી જ વાત કહે છે.

અને એ રીતે રામલો ર અને ભગલો ભ ને જાણે મસ્તી કરવાનું શરારત કરવાનું જાણે એક સાધન મળી ગયું. છ સાત દિન સુધી સીધા રહેલા છોટીયાના બેય ભાણીયા રામલો ર અને ભગલો ભ જાણે મેદાનમાં આવ્યા. એકબીજાને તાળી મારતા બોલી ઉઠયા.. આપણે નાના છોકરાઓ છીએ.. આપણે મસ્તી મજાક નહીં કરીએ તો કોણ કરશે ? સિત્તેર વર્ષના ડોસા ડોસી...

ને મસ્તી કરવાનું નક્કી કર્યું.. એ તો પહોંચ્યા મમ્મુ મદનિયા પાસે અને બોલી ઉઠયા.. અલ્યા મમુડા.. તારૂં ભમરડા જેવું પેટ જોઈને અમને શરમ આવે છે.. આ અમારૂં પેટ જો.. કેવું સીધું સટ છે..તો શું કરૂં ? મમ્મુએ પુછ્યું.

કપાવી નાખ...કોની પાસે ?

અમારી પાસે.. અંદરથી હવા નીકળી જશે એટલે તારૂં પેટ સીધુ સટ થઈ જશે ને તું રૂપાળો લાગીશ..

એમ ?

હાસ્તો વળી..આ વાત ઝાડ પર બેઠેલો જગલો વાંદરો સાંભળી ગયો.. એણે જઈને મમ્મુની માતાને કહ્યું, મમ્મુની મા ચોંકી.. પેટ તે કપાવાતું હશે ? પછી એ ગુસ્સે ભરાણી.. દંડો લઈ છોટીયાના ભાણાઓને બરાબર ઝુડી નાખ્યા.. બીજી તરફ રામલો ર અને ભગલો ભ આખું વેકેશન સીધા રહ્યા..

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

## વાનર ટોળું

જંગલ જંગલ રખડે રાજ વાનર ટોળું
પાને પાને ખખડે રાજ વાનર ટોળું
ઘરના નળીયાં ફોડે રાજ વાનર ટોળું
જાણે ઘરને રોળે રાજ વાનર ટોળું
પુંછડું કરી લાંબુ રાજ વાનર ટોળું
ખાતું મીઠાંજાંબુ રાજ વાનર ટોળું
રમતાં છોકરાં સાથે રાજ વાનર ટોળું
પહેરી ટોપી માથે રાજ વાનર ટોળું
નદીએ નીર ચુસતું રાજ વાનર ટોળું
કદી ના આંસુ લુછતું રાજ વાનર ટોળું
ઢોલ તાલે ડોલતું રાજ વાનર ટોળું
જુદી ભાષા બોલતું રાજ વાનર ટોળું
કયારનું અહીં આવી રાજ વાનર ટોળું
વાવે સપનાં બાંધી રાજ વાનર ટોળું

**મંગળ રાવળ સ્નેહાતુર**

## ધડકન

ધક ધક કરતી ધડકન, મારી સમજે શું વિશ્વને
તારી મારી યાદ નથી ને વાતો કરતી વેળા
મોડું થઈ ગયું મને ભાથું લાવી આપો
સમજે શું વિશ્વને ધક ધક કરતી ધડકન

**કુંભાર સલીમભાઈ (ભીલડી)**

## પ્રેમનું મહત્વ

એક ગામમાં એક સંતાનહીન વૃદ્ધા રહેતી હતી. તે પોતાના ઘરમાં એકલી જ રહેતી હતી. તે ઘરમાં સુતર કાંતવાનું કાર્ય કરતી હતી. સુતર કાંતીને તેને બજારમાં વેચીને જે પૈસા મળે તેમાંથી પોતાનું ભરણપોષણ કરતી હતી.

વૃદ્ધા ભલે સંતાનહીન હતી પરંતુ એને નાના બાળકો પ્રત્યે અપાર પ્રેમ હતો. એના ઘરે કોઈપણ આવે તેને આવકાર આપીને ખુબ જ પ્રેમથી જમવાનું જમાડતી હતી. એના ઘેરથી કોઈપણ ભુખ્યો પાછો જતો નહોતો.

એક દિવસ બપોરના સમયે વૃદ્ધા ઘરમાં સુતર કાંતી રહી હતી. તે સૂતર કાંતતી વખતે કાંઈક ગાતી હતી. ત્યાં જ એના ઘરનો દરવાજો કોઈએ ખખડાવ્યો. વૃદ્ધા ઉભી થઈ અને એણે પોતાના ઘરનો દરવાજો ખોલ્યો, દરવાજો ખોલતાં જ વૃદ્ધાએ જોયું તો બહાર એક હક્કોકટ્ટો યુવાન ઉભો હતો.

યુવક બોલ્યો, માજી ! મને તરસ લાગી છે. થોડુંક પાણી પીવાનું મળશે ? હું ખુબ દુરથી આવું છું એટલે થાકી ગયો છું. પાણી પીશે એટલે..પેલો યુવક એની વાત પુરી કરે એ પહેલાં જ વૃદ્ધા બોલી, અરે બેટા ! બહાર તડકામાં શા માટે ઉભો છું. આવ અંદર ઘરમાં થોડીવાર આરામ કરી લે, સાંજ પડે એટલે ચાલ્યો જજે ! વૃદ્ધાના કહેવા પર પેલો યુવક વૃદ્ધાના ઘરમાં આવ્યો. પેલો યુવક થોડો કચવાતો હતો. આથી વૃદ્ધા બોલી, 'બેટા સહેજ પણ ગભરાઈશ નહીં, આને તારૂં ઘર જ સમજજે. અરે મારૂં તો આ સંસારમાં કોઈ નથી. તું થોડી વાર મારી સાથે રહીશ તો મને ઘણું સારૂં લાગશે.

આટલું બોલીને પેલી વૃદ્ધા રસોઈઘરમાં ગઈ અને થોડી વારમાં ગ્લાસમાં એક શરબત લઈને આવી અને પેલા યુવકને શરબતનો ગ્લાસ આપતાં કહ્યું, લે બેટા, તું આરામથી શરબત પી હું તારા માટે જમવાનું તૈયાર કરૂં છું. સાંજે જમીને જજે ! આટલું કહીને વૃદ્ધા તો રસોઈઘરમાં રસોઈ કરવાને માટે ગઈ. થોડીવાર પછી એક થાળીમાં કેટલીક રોટલી, શાક લઈને બહાર આવી અને પેલા યુવકને આપતાં કહ્યું, લે બેટા તું આરામથી બેસીને ખાવાનું જમી લે..

યુવકે થાળી લીધી અને જમીન પર બેસીને ભરપેટ જમવાનું જમી લીધું. જમ્યા બાદ તેને ઉંઘ આવવા લાગી. એટલે તે એક ખાટલા પર જઈને સુઈ ગયો.

સાંજના સમયે એની આંખ ખુલી, તો તેણે જોયું તો વૃદ્ધા જમીન પર બેઠી બેઠી સુતર કાંતતી હતી. વૃદ્ધાએ જ્યારે યુવકને જાગેલો જોયો, એટલે તે ઉભી થઈ અને રસોઈઘરમાં ચા બનાવવાને માટે ગઈ જેવી વૃદ્ધા ચા લઈને આવી એટલે પેલા યુવકે પોતાની બંદુક કાઢી અને વૃદ્ધાના કપાળ પર તાકીને કહ્યું, તારી પાસે જે કાંઈ સામાન છે તે બધો જ મને આપી દે. નહીંતર હુ ંમને મારી નાખીશ..

પેલી વૃદ્ધા બોલી, બેટા! મેં તને પહેલાં જ કહ્યું હતું કે આ તારૂં જ ઘર છે. તારે જે જોઈએ તે તું લઈ જઈ શકે છે પરંતુ તું પહેલાં આ ચા તો પી લે..મેં તારા માટે પ્રેમપુર્વક બનાવી છે બેટા વૃદ્ધાએ પ્રેમપૂર્વક કહ્યું.

વૃદ્ધાની પ્રેમભરી વાતોએ યુવકનું હૈયું ભીંજવી દીધું. એનું હૃદય ભરાઈ આવ્યું અને આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી. તે સીધો જ વૃદ્ધાના પગમાં પડી ગયો અને પોતાના ખરાબ વ્યવહારની માફી માંગવા લાગ્યો.

ત્યારબાદ એણે વૃદ્ધા પાસે પ્રતિજ્ઞા લીધી કે હવે તે કયારેય પણ કોઈ ખોટું કામ નહીં કરે.

આમ એક પ્રેમપુર્વક વ્યવહારે એક યુવકના હૃદયનું પરિવર્તન કરીને તેને અહિંસાના માર્ગ પર લાવી દીધો.

પ્રેમ દ્વારા કઠોરમાં કઠોર વ્યક્તિનું હૃદય પણ જીતી શકાય છે.

**કમલેશ કંસારા**

## ઝવેરીની પ્રમાણિકતા

કનકપુર નામે એક નગર હતું. ત્યાં કીરણસેન નામે રાજા રાજ કરતો હતો. તેને કલાવતી નામની એક રાણી હતી. તે ખુબ જ રૂપાળી અને ચાલાક હતી. તેને એક નાનકડી રાજકુમારી પણ હતી. તેનું નામ કરિશ્મા. રાજાની કરિશ્મા રાજનાની ખુબ લાડકી હતી, તે ખુબ રૂપાળી અને ચબરાક હતી.

એક દિવસની વાત છે, રાજા અને રાણી મહેલના ઝરૂખામાં બેઠાં હતાં. નાની રાજકુમારી સામે બગીચામાં પતંગીયાઓ સાથે રમતી હતી, અને ફુલો વીણતી હતી. રાજાએ આ જોઈને રાણીને કહ્યું.

'રાણી' જોયુ. જોતજોતામાં આપણી રાજકુમારી કેટલી મોટી થઈ ગઈ..

ખરી વાત છે રાજાજી, તમે આમ તો દીકરીને બહુ લાડ લડાવો છો, પણ આ વખતે તેની વર્ષગાંઠ ક્યારે આવે છે તેનો કંઈ ખ્યાલ છે.

હા વળી પાંચેક દિવસ પછી રાજાજીએ કહ્યું. તો તેની શી તૈયારી કરાવી છે ? રાણીએ પુછ્યું.

રાણી તમે એ બાબતની ચિંતા મારા પર છોડી દો. મારી રાજકુમારીનો જન્મદિવસ આખા નગરમાં ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવશે. તે માટે મેં પ્રધાજીને સુચના આપી દીધી છે. નગરના દ્વારે દ્વારે તોરણો ટીંગાડવામાં આવશે. રાત્રે બધે દીપ માલીકાઓ પ્રગટાવવામાં આવશે. અને બાળકોને સારી સારી મીઠાઈઓ વહેચવામાં આવશે.

રાજાજી આ તો તમે તમારી રાજદ્વારી ઉજવણીની વાત કરી, તેમાં મારી રાજકુમારીનું શું વખે ? રાણી બોલ્યા.

'કેમ બધું રાજકુમારી માટે તો થશે.'

એમ નહી, હું તો તેના પોતાના માટે કંઈક સુચન કરૂ છું.

રાણી આ રાજપાટ ધનદોલત બધું એનું તો છે. રાજાએ કહ્યું.

રાજાજી તમારી એ વાત સાચી પરંતુ વર્ષગાંઠની ભેટ ખૂબ જ મહત્વની હોય છે તેથી હું રાજકુમારી માટે એક સુંદર સાચા હીરાનો હાર ખરીદવા માગું છું.

સાચું તમારૂ સુચન યોગ્ય છે. જો તમારે એવો હાર ખરીદવો હોય તો હું પ્રધાનજીને જણાવું છું તેઓ જુદા જુદા રાજ્યના ઝવેરીઓને સંદેશાઓ મોકલશે અને હીરારત્નોના કિંમતી હાર લઈ તેઓ એક બે દીવસમાં જ આવી જશે.

રાજાજીએ પ્રધાનજીને બોલાવી કહ્યું. પ્રધાનજીને આપણા આસપાસના પ્રદેશના અને દુર દેશાવરના ખ્યાતનામ ઝવેરીઓને જેટલા જલદી બની શકે બોલાવો અને જણાવો કે કિંમતીમા કિંમતી હીરા રત્નોના હાર રાણીની રાજકુમારીને વર્ષગાંઠ નિમીતે આપવા માટે ખરીદવા માગે છે. જેથી તેમની પાસે જે સૌથી વધુ કિંમતી હીરાનો હાર હોય તે લઈ આવી જાય.

પ્રધાનજીએ આ મુજબની ખબર ઝવેરીઓને આપી દીધી.

દીવસો વીતવા લાગ્યા નક્કી થયેલ દીવસે કનકપુરના રાજમહેલના આંગણે સુંદર રેશમી વસ્ત્રોમાં સજ્જ થયેલા ચમચમ મોજડીઓ ચમકાવતા અને સોનેરી ટોપીઓ સુંદર પાઘડીઓ ધારણ કરેલા સોનેરી ફ્રેમના ચશ્માવાળા ઝવેરીઓ આવવા લાગ્યા. રાજ્યના માણસો દ્વારા બધાને માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી. નક્કી થયેલ દીવસોને સમયે રાજદરબારમાં બધા ઝવેરીઓને પોતપોતાના હીરા રત્નોના દાગીના લઈ હાજર થયા અને તે રાજમહેલના મુખ્ય ખંડમાં ગોઠવવામાં આવ્યા.રાજાજીએ આવી તમામ ઝવેરીઓનું સ્વાગત કર્યું. એટલામાં રાણીમાં આવી ગયાં. એક એકથી ચડીયાતા સુંદોર હીરા મોતીને રત્નોના હાર જોઈ રાણી તો ખુશ ખુશ થઈ ગયાં પરંતુ તેમણે વિચાર કર્યો કે આતો હીરાને રત્નોનો મામલો તેથી તેમણે રાજના રાજ ઝવેરીને બોલાવ્યા અને સાથે રહેવા સુચન કર્યું.

રાણી તો એક બે ને બીજો મુકે. એમ દરેક રાહ જુએ છે. તેની કિંમત કરે છે અને પાછો મુકી દે છે. હાર સારો હોય તો પણ કેમ પાલવે છેવટે રાણીની નજર એક હાર ઉપર પડી. સાચાં રત્નોએ હાર ખંભાતનો એક ઝવેરીનો મુનીમ બોલ્યો હતો. રાણીમાંએ પુછ્યું. આની શું કિંમત ?

'રાણીમાં આમ તો અણમોલ હાર છે ઘણા સમયથી ઘણા રાજા રજવાડીઓએ માગ્યા છતાં અમે આપ્યો નથી. પરંતુ તમારે ખરીદવો જ હોય તો પાંચ લાખ સોનામહોરો થશે.

રાણી તો અચંબામાં પડી ગયા. એક હારની કિંમત પાંચ લાખ સોનામહોર તેમણે તેના ઝવેરી તરફ જોયું તો તેણે સંમતીમાં નજર ઝુકાવી રાણીને આ હાર ખુબ જ ગમી ગયો હતો તેમણે બીજા ઝવેરીઓ પસે થોડી ખરીદી કરી અને રજા આપી. આ હારનો સોદો પણ નક્કી થયો, રાજની તીજોરીમાંથી ઝવેરીના મુનીમને સોનામહોરો ગણી દેવામાં આવી.

બીજે દિવસે રાજકુમારીનો જન્મ દિવસ હતો. જન્મદિવસની ઉજવણી ખૂબ ધામધૂમપુર્વક કરવામાં આવી, વિવિધ પ્રકારના પકવાનો બનાવવામાં અવ્યા.બાળકોને સુંદર વસ્ત્રો અને રમકડાં ભેટ આપવામાં આવ્યા અને રાજકુમારી સાથે રાજ્યના નાગરીકોના તમામ બાળકોને રમવા માટે આમંત્રણ અપાયું. બધાં બાળકો ગેલમાં આવી રમતાં હતાં. રાજકુમારી કરશ્મિા પણ ખુશખુશાલ હતી. રાજદરબાર ભરવામાં આવ્યો. તેમાં સુંદર નાચગાનનો કાર્યક્રમ ગોઠવાયો, તે બાદ રાણીમાના હસ્તે રાજકુમારીને પાંચ લાખ સોનામહોરોનો હાર પહેરાવવાનો હતો. આ કિંમતી હાર જોવા માટે આખા નગરમાં નરનારીઓ ઉમટયા હતા. રાજ દરબાર પુરેપુરો ભરાયેલો હતો. પ્રધાનજીએ રાણીમાંને આગળ આવી સિહાસન પર બેઠેલ રાજકુમારીને હાર પહેરાવવા જણાવ્યું. રાજ પુરોહિતે ટીપણાંમાં સારૂ મુહુર્ત જોયુંને રાજકુમારીના દીધાર્યુ માટે શ્લોક બોલ્યા. રાણીમાંએ રાજકુમારી ને હાર પહેરાવ્યો. હાર જોઈ સૌ નગરજનો વખાણ કરતાં હતાં. રાજ ઝવેરીએ પણ ઉભા થઈ આ કિંમતી હારના હીરા રત્નોનું સુંદર વર્ણન કર્યું. અને રાજકુમારી માટે આ હાર ખૂબ જ શુકનવંતો છે તેમ જણાવ્યું.

એટલામાં રાજ દરબારના દ્વારે એક માણસે પ્રવેશ કર્યો તે વેપારી જેવો લાગતો હતો. તેણે પ્રવેશતાં જ કહ્યું. મહારાજ માફ કરી દો માફ કરી દો.

'શું થયું ?' રાજાજીએ પુછ્યું.

'મહારાજ મારી મોટી ભુલ થઈ છે.'

'મહારાજ હું ખંભાતનો વેપારી કુલચંદ છું મેં માર મુનીમને આપની પાસે મોકલ્યો હતો.'

'હા તમે મોકલેલ એ કીંમતી હાર અમે ખરીદી લીધો છે અને તેની પાંચ લાખ સોનામહોરો પણ ચુકવી દીધેલ છે.'

'મહારાજ એ તો બરાબર છે પણ તેમાં એક ભુલ થઈ ગઈ છે.'

'શી ભુલ ? કેવી ભુલ ?' રાજાએ પુછ્યું.

'મહારાજ એ હાર તો ખોટો હતો સાચો હાર તો મારી પાસે છે.'

આ સાંભળી બધા દરબારીઓ સ્તબ્ધ થઈ ગયા. રાજાએ તેમના ઝવેરીને બોલાવીને કહ્યું.

ઝવેરીજી આ વેપારી શું કહે છે, 'આપણે જે હાર ખરીદયો તે ખોટો છે.'

'જી મહારાજ એવું પણ હોય ! પોતાની ચોરી પકડાઈ જતાં ઝવેરીએ કહ્યું.

તો હમણાં તમે વખાણ શા માટે કરતા હતા. આવી ખોટી ખુશામત કરે છે.

મહારાજ મારી ભુલ થઈ ગઈ ઝવેરીએ નતમસ્તક જવાબ આપ્યો.

આવેલ વેપારીએ આથી હાર રાજકુમારી માટે આપ્યો રાજાએ ખુશામત ખોર ઝવેરીને જેલમાં નાખ્યો અને પ્રમાણીકતા બતાવવા બદલ ખંભાતના કુલચંદ ઝવેરીનો ઈનામ આપ્યું તેમજ રાજ્યમાં રહેવા જણાવ્યું. **નટવર હેડાઉ**

## મોદીની હત્યાના...

પાના નં.૧ ચાલુ

અસ્તિત્વ કોઈપણ પ્રકારના ત્યાગથી ઉપર છે. સીપીએમ મહાસચિવ સીતારામ યેચુરીએ આ સંદર્ભમાં કહ્યું છે કે, હજુ સુધી સુરક્ષા સંસ્થાઓ પોતાનું કામ કરી રહી છે. નેતાઓની સુરક્ષાની જવાબદારી તેમની જ રહેલી છે જેથી કોઇ ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ સંજય નિરુપમે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આ રિપોર્ટ સંપૂર્ણપણે ખોટા છે તેમ તેઓ કહેવા માંગતા નથી પરંતુ મોદીની આ જુની યોજના પણ રહેલી છે. જ્યારે પણ તેમની લોકપ્રિયતામાં ઘટાડો થતો હતો ત્યારે તેમની હત્યાના કાવતરાના અહેવાલ પ્રકાશિત કરવામાં આવતા હતા. આ વખતે અહેવાલ કેટલા સાચા છે તેમાં પણ તપાસ થવી જોઇએ. આરોપીઓને ભીમા-કોરેગા-વમાં પહેલી જાન્યુઆરીના દિવસે થયેલી હિંસાથી એક દિવસ પહેલા પકડી પાડવામાં આવ્યા હતા. તેમના ઉપર પ્રતિબંધિત કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી) સાથે જોડાયેલા હોવા, વિવાદાસ્પદ પત્રો વહેંચવા, નફરત ફેલાવવાના ભાષણ આપવાનો આક્ષેપ છે. પોલીસે ગુરુવારના દિવસે તેમને સેશન કોર્ટમાં રજૂ કર્યા હતા જ્યાંથી તેમને ૧૪મી જૂન સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા વકીલ ઉજ્જવલા પરમારે કહ્યું છે કે, વિલ્સનના આવાસથી જે પત્ર મળ્યો છે તેમાં લખવામાં આવ્યું છે કે, એમ-૪ રાયફલ અને હથિયાર ખરીદવા માટે આઠ કરોડ રૂપિયાની જરૂર છે. ગુરુવારના દિવસે જ જોઈન્ટ પોલીસ કમિશનર રવિન્દ્ર કદમે કહ્યું હતું કે, વિલ્સનના આવાસથી મળી આવેલો પત્ર સીપીઆઈએમ સાથે જોડાયેલા મિલિંદ તેલતુમ્બ્ડે દ્વારા મોકલવામાં આવ્યો હતો.

## ડીસા લૂંટકેસ...

પાના નં.૧ ચાલુ

કરી બંને જણને ગાડીમાં નાંખી અપહરણ કરવાની કોશિશ કરી હતી. જો કે ચેતનભાઈએ ગાડીની હેન્ડ બ્રેક ખેંચી દરવાજાને ધક્કો મારતાં દરવાજો ખુલ્લી ગયો હતો જેથી ચેતનભાઈ તેમજ તેમની પાસે બેઠેલો એક આરોપી ગાડીમાંથી નીચે પટકાયા બાદ ગાડીમાં બેઠેલ અન્ય એક આરોપીએ ગાડીમાંથી નીચે ઉતરી ચેતનભાઈનો પિછો કર્યો હતો.જોકે ચેતનભાઈ સંતાઈ જતાં ગાડીમાં બેઠેલા આરોપીઓએ ચેતનભાઈના મિત્ર પ્રહલાદભાઈનું અપહરણ કરી તેમની પાસેથી ૧૯,૦૦૦ રૂપિયાની રોકડ રકમ,૧૫ હજારની કિંમતનો વિવો કંપનીનો મોબાઈલ તેમજ કોન્ટ્રાકટર ચેતનભાઈ આહીરની માલિકીની દસ લાખ રૂપિયાની કિંમતની ગાડી સહિત કુલ ૧૦.૪૪ લાખની મત્તા લૂંટી લીધા બાદ સાહેદ પ્રહલાદભાઈને ભાખર ગામની સીમમાં ફેંકી દઈ અજાણ્યા શખ્સો તેમજ યુવતી છુમંતર થઈ ગયા હતા.ધોળા દિવસે બનેલી આ ઘટનામાં યુવતીને મળવાની લાલચમાં લૂંટનો ભોગ બનેલા કચ્છના વતની અને બનાસકાંઠામાં નર્મદા વિભાગમાં કોન્ટ્રાકટર તરીકે કામ કરતા ચેતનભાઈ આહિરે આ મામલે ડીસા દક્ષીણ પોલીસ મથકમાં એક યુવતી અને પાંચ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ડીસા દક્ષિણ પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. ડી.કે.બ્રહ્મભટ્ટે ગુન્હો દાખલ કરી આ લૂંટારું ટોળકીને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી.જે દરમ્યાન તાજેતરમાં જ પાલનપુર ખાતે ફાયરિંગ વિથ મર્ડરની ઘટના બનતા આ પ્રકરણની તપાસનો રેલો હવે ડીસા સુધી લંબાયો છે.પાલનપુરની આ ચકચારી ઘટનામાં સંડોયેલી સંગીતા નામની યુવતીએ એક સપ્તાહ અગાઉ પોતાના સાગરીતો સાથે મળી ડીસા ખાતે પણ એક કચ્છી કોન્ટ્રાકટરને લૂંટી લીધો હોવાની વિગતો બહાર આવતા ડીસા તાલુકા પોલીસે પાલનપુર અને ડીસાની આ બંને ચકચારી ઘટનાઓમાં સંડોવાયેલી સંગીતા નામની આ યુવતી એક જ હોવાનું સોગંદનામું પણ આજે કોર્ટમાં રજૂ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## રાધનપુર નજીક..

પાના નં.૧ ચાલુ

પામ્યું હતું. બંને લાશો પરિવારજનોને પી.એમ. બાદ સોંપતા વાતાવરણમાં ગમગીની છવાઈ જવા પામી હતી. રાધનપુર તાલુકાના જુના અમીરપુરા ગામના અરજણભાઈ જયંતીભાઈ ઠાકોરના દીકરા ભરતની જાન થરા નજીક આવેલા જોરાપુરા ગામે શનિવારે સવારે છ વાગ્યાથી નવ વાગ્યા સુધી લગનનું મુહૂર્ત હોઈ પાંચ વાગે ઘરેથી અલગ-અલગ વાહનોમાં નીકળી હતી. જેમાં ઈકો ગાડીમાં વરરાજા ભરત અને સ્નેહી-મિત્રો, બે ટ્રેક્ટરોમાં જાનૈયા અને વરરાજાના પિતા અરજણભાઈ સબંધી સાથે બાઈક ઉપર નીકળ્યા હતા. બાકી વાહનો આગળ નીકળી ગયા હતા,અને છેલ્લે એક ટ્રેક્ટરમાં ૩૫ જેટલા જાનૈયા ભરેલા હતા,જે જેતલપુર ગામના પાટિયા પાસે સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે રાધનપુર તરફથી પાછળથી કોલસાની ભૂક્કી ભરીને પુરઝડપે આવી રહેલા ટ્રેલરે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેલરનું આગળનું કેબીન તૂટીને છૂટું પડી ગયું હતું,અને લગભગ બસ્સો મીટર દૂર જઈને ઉભું રહી ગયું હતું,અને ટ્રેલરનો પાછળનો ભાગ નેશનલ હાઈવે ઉપર ઊંધો પડી ગયો હતો. જયારે ટ્રેક્ટર ચોકડીઓમાં જઈ પડ્યું હતું.જેમાં ઘટના સ્થળે પાંચ વર્ષીય વિશ્વાસ પ્રભુભાઈ ઠાકોરનું કમકમાટીભર્યું મોત થયું હતું,૧૯ ઘાયલોને રેફરલમાં ખસેડવામાં આવ્યા હતા.

## પેટ્રોલ અને ડીઝલની ..

પાના નં.૧ ચાલુ

દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની છે તેના દ્વારા દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૨૧ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો જેથી કિંમત ઘટીને ૭૭.૭૨ થઇ છે. જયારે ડીઝલની કિંમતમાં ૧૫ પૈસાનો ઘટાડો કરવામાં આવતા કિંમત ૬૮.૫૫ પ્રતિલીટર થઇ છે. મોટા મેટ્રો શહેરોમાં આઈઓસીએલ દ્વારા રેટમાં ઘટાડો કરવામાં આવી ચુક્યો છે જેના ભાગરુપે મુંબઈમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૫.૮૪ અને ડીઝલની કિંમત ૭૩.૦૨ થઇ છે. ચેન્નાઈમાં પેટ્રોલની કિંમત ૮૦.૩૭ અને ડીઝલની કિંમત ૭૨.૪૦ થઇ છે. કોલકાતામાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૦.૦૭ અને ડીઝલની કિંમત લીટરદીઠ ૭૧.૧૩ થઇ છે. સતત ૧૦ દિવસથી પેટ્રોલ ડીઝલની કિંમત ઘટાડવામાં આવી હોવા છતાં દિલ્હીમાં આ ગાળા દરમિયાન પેટ્રોલની કિંમત માત્ર એક રૂપિયો ઘટી છે જ્યારે ડિઝલની કિંમત ૧૦ દિવસમાં ૮૨ પૈસા ઘટી છે.

## ૧ડિસે.થી એ.પી.એલ....

અનુસંધાન ૨ નુ ચાલુ..

તેઓને તા.૧/૧૨/૨૦૧૮થી કેરોસીનનો જથ્થો આપવાનું બંધ કરવાનો નિર્ણય લીધો હોવાથી તમામ નોનગેસ એ.પી.એલ. કાર્ડધારકોએ સ્વૈચ્છિક રીતે એલ.પી.જી. અથવા પી.એન.જી. કનેકશન સ્વખર્ચે તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં મેળવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી, બનાસકાંઠા, પાલનપુર દ્વારા જણાવાયું છે.

લેખન- રેસુંગ ચૌહાણ
જિલ્લા માહિતી કચેરી,પાલનપુર

## અમિત શાહ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ભાજપ દ્વારા સ્ટેન્ડિંગ કમિટીમાં કોંગ્રેસને પ્રતિનિધિત્વ અપાતું ન હોઈ આ ચૂંટણી માત્ર ઔચારિકતા બની રહેશે, કેમ કે શહેરમાં કુલ ૧૯૨ કોર્પોરેટર હોઇ તે પૈકી ભાજપના ૧૫૧ અને કોંગ્રેસના માત્ર ૪૧ હોઇ બહુમતીના આધારે ભાજપના સભ્યો જ ચૂંટાઇ આવશે.

## ગુજરાત માળખાગત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેના કારણે યોજનાનો વ્યાપ વધારી વધુને વધુ લાભાર્થીઓને લાભાન્વિત કરી શકાય. ભારત સરકારના આરોગ્ય વિભાગના સચિવ પ્રીતિ સુદાને ગુજરાતમાં બાળ અને માતા મૃત્યુદર ઘટાડવામાં આરોગ્ય વિભાગે લીધેલા સર્વગ્રાહી પગલાંની સરાહના કરતાં જણાવ્યું કે ગુ-જરાતમાં માતા મૃત્યુદરમાં ૨૧ પોઈન્ટ અને બાળ મૃત્યુદરમાં ૬ પોઈન્ટનો ઘટાડો થયો છે. રાજ્યમાં સંસ્થાકીય પ્રસુતિનો દર ૮૮ ટકા છે. જેને ૧૦૦ ટકા સુધી લઈ જવા પર તેમણે ભાર મુક્યો હતો. મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ હેઠળ રાજ્યમાં ત્રણ વર્ષથી નીચેના બાળકોનું ૧૦૦ ટકા રસીકરણ કરવા સુદાને જણાવ્યું હતું કે, આયુષ્યમાન ભારત યોજના હેઠળ રાજ્યમાં હેલ્થ એન્ડ વેલનેશ સ્થાપના તેમણે સુચન કર્યું હતું.

## ખેડૂતોના મુદ્દા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેલભરો આંદોલનની સાથે સાથે ગામોથી લઇને ગાંધીનગર સુધી માર્ગો ઉપર પ્રદર્શન કરવામાં આવનાર છે. વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ધરણા પ્રદર્શન દરમિયાન આજે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ખેડૂતોની હાલત ખુબ જ કફોડી બનેલી છે તેમને પેદાશના પુરતા નાણા મળી રહ્યા નથી. આ ઉપરાંત દેવાના કારણે તેમની હાલત કફોડી બનેલી છે. પરેશ ધાનાણીએ વહેલી તકે દેવા માફીની ફરી એકવાર માંગ કરી હતી. કોંગ્રેસના નેતાઓએ કહ્યું છે કે, આંદોલનનો હેતુ ખેડૂતોના દેવા માફીના મુદ્દે દબાણ લાવવા માટેનું છે. સાથે સાથે પક માટે પુરતા નાણા ખેડૂતોને મળે તેનો પણ હેતુ રહેલો છે. આ ઉપરાંત પાક વિમાન યોજનાની ચુકવણી સમયસર અને યોગ્યરીતે થાય તેવી પણ અમારી માંગ રહેલી છે. આંકડાઓ રજૂ કરતા ધાનાણીએ કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષના ગાળા દરમિયાન ૧૫૩૮૮૩ ખેડૂતો દ્વારા વિજળી કનેક્શન માટે અરજી કરવામાં આવી છે જે પૈકી ૧૮૯૮૯ને જ વિજ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. રાજ્યમાં ૭૫૧૨૯૭૨ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યું નથી. ખેડૂતોને ભારે નુકસાન થઇ રહ્યું છે. ખેડૂતોના મુદ્દાને લઈને જોરદાર રજુઆતો કરવામાં આવી હતી. બીજી બાજુ નારાજ ખેડૂતોનું વિરોધ પ્રદર્શન જારી રહ્યું છે. આજે પણ અનેક જગ્યાઓએ જાહેર રસ્તા પર શાકભાજી અને દૂધ ફેંકી દેવામાં આવ્યા હતા. ખેડૂતો ૧૦ દિવસના ગામડા બંધના આંદોલન પર છે જેના ભાગરુપે ખેડૂતો શહેરી વિસ્તારો સુધી તેમની પેદાશો પહોંચાડી રહ્યા નથી.

ખેડૂતોની નારાજગી પુરતા પૈસા પાકના નહીં મળવાને લઇને રહી છે. કોંગ્રેસ પાર્ટીના ખેડૂતોના મુદ્દા ઉપર કાર્યક્રમ કાર્યક્રમો હજુ જારી રહેનાર છે જેથી ભાજપ સરકાર અને કેન્દ્ર સરકાર ઉપર દબાણ વધે તેવી શક્યતા છે. પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતા ધરણા પ્રદર્શન માટે મેદાનમાં ઉતર્યા છે. ખેડૂતોને પણ આંદોલનમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. ધાનાણીના કહેવા મુજબ તેમના આંદોલનમાં ખેડૂતો અને બિનસરકારી સંગઠનોને જોડવામાં આવ્યા છે. સરકાર ઉપર તીવ્ર દબાણ લાવવામાં આવનાર છે.

## થરાદમાં કુંવરબાઇનું...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે શ્રીમાળી બ્રાહ્મણ સમાજના કુળગુરુ ગુરુવર્ય પૂજ્ય બ્રહ્મચારી લાલજી મહારાજ (રાંટીલા)એ ઉપસ્થિત રહીને આશિર્વચન પાઠવ્યા હતા. રાજપૂત સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ ડીડી રાજપુત, ભુરાલાલ ઓઝા, પાલિકાના પુર્વ પ્રમુખ અજય ઓઝા,પ્રકાશભાઈ ઓઝા, સુરેશભાઈ દવે ચીનુભાઇ ત્રિવેદી તથા બહોળી સંખ્યામાં અગ્રણઓ ઉપસ્થિત રહ્યા હતા. નગરને આંગણે ગૌશાળાના લાભાર્થે યોજાઇ રહેલી કથામાં બહોળી સંખ્યામાં દાતાઓએ દાનની સરવાણી વહાવી હતી.કાર્યક્રમ નું સ્ટેજ સંચાલન મહેશભાઈ બારોટ(માડકા)તથા વ્યવસ્થાપન દિનેશભાઈ ત્રિવેદી (કારેલી) દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં સંગીતની સૂરાવલીઓ જમડા ગામના અને હાલ અમદાવાદ રહેતા નરેન્દ્ર દવે અને ગ્રુપ દ્વારા રેલાવાઈ રહી છે.

## ભાભર તાલુકાના...

પાના નં.૮ ચાલુ

એકાએક આગ ફાટી નીકળતા આગની ઝપેટમાં ૫૦૦ જેટલા પૂળા, અન્ય ઘાસચારો, ટ્રેક્ટર અને ઢાળીયું વગેરેમાં આગ ફેલાતા રોયટા ગામમાં દોડધામ મચી હતી. ગામલોકો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. પરંતુ આગ એટલી વિકરાળ હતી. કે વાડામાં રહેલ ઘાસચારો, ટ્રેક્ટર, ઢાળીયું સળગી ગયા હતા. ભાભર પાલિકાના ફાયર ફાઈટરે આગ માંડ બુઝાવી હતી. વહીવટીતંત્ર પણ ઘટના સ્થળે પહોંચી ગયુ હતુ. પરંતુ આગ બુઝાય તે પહેલા ઘાસચારો, ટ્રેક્ટર અને ઢાળીયુ સળગી ગયા હતા. ખેડુતને કપરા સમયમાં લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે.

## દાંતીવાડા ખાતેની...

પાના નં.૮ ચાલુ

એડમીશન ન મળતા દાંતીવાડા તાલુકાના વિદ્યાર્થીઓએ મોડલ સ્કુલ ખાતે હંગામો મચાવેલ. જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ તાલુકા કોંગ્રેસના આગેવાનો દ્વારા આચાર્ય સમક્ષ ઉગ્ર રજુઆત કરેલ. આગામી સમયમાં ધો.૯ નો નવો રૂમ ચાલુ કરવા ધારદાર રજુઆત કરેલ. નવીન ક્લાસ ચાલુ કરવામાં નહીં આવે તો સ્કુલ પટાંગણમાં આમરણાંત ઉપવાસ તેમજ સ્કુલને તાળાબ-ંધી કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તાલુકા કોંગ્રેસના આગેવાનો નયનભાઈ જોષી, રાજુભાઈ રબારી, જિલ્લા ડેલીગેટ જેન્તીભાઈ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ.

## હિંમતનગર નજીક...

પાના નં.૮ ચાલુ

કિ.રૂા.૪૨,૦૦૦ તથા બીયર ટીન નંગ- ૨૧૬ કિ.રુ.૨૧,૬૦૦ સાથે વિનોદભાઇ ચંદુભાઈ ડામોર રહે.ઝાઝરી તા.ખેરવાડ જિ.ઉદેપુર ( રાજસ્થાન) તથા સંજયભાઈ સોહનલાલ નાયક રહે.કે./૩-૩૯૧, નોબલ નાગર ટેનામેન્ટ નિકિતા સોસાયટી નરોડા અમદાવાદ વાળાને કુલ કિંમત રૂ ૨,૬૪,૬૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## ડીસામાં વિશ્વ...

પાના નં.૮ ચાલુ

સોનેશ્વર મહાદેવના સાનિધ્યમાં બીજુ પંચાગ્નીની તપ શરૂ કર્યું હતું. જ્યારે ૨૩ વર્ષની વયે ડીસા ખાતેની સાંઈબાબા કુટીરના સાનિધ્યમાં જેઠમાસમાં ત્રીજું, રામેશ્વર મહાદવ,ભોયણ ખાતે ચોથું તેમજ ઉકરડા બાલારામ સ્થિત મકુનપુરી મહારાજની ધુણીની જગ્યામાં ચીનુ ભારતીજી મહારાજના પ્રાંગણમાં ૨૫ વર્ષ ની વયે ૨૦૧૭ માં વૈશાખી તાપમાં પાંચમું જ્યારે બાલુદ્રા ખાતેના આશ્રમમાં વર્ષ ૨૦૧૭માં ૨૫ વર્ષની વયે જેઠમાસમાં છઠ્ઠું અને આ વર્ષે સાતમું પંચાગ્નીની તપ આ કર્મકાંડી બ્રાહ્મણ દ્વારા કરાઈ રહ્યું છે. અત્યારે ગરમીના ઉકળાટમાં પાંચ મિનિટ પણ પંખા, એ.સી.કુલર વિના માનવી રહી શકતો નથી ત્યારે આ મહારાજ સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી ધોમધખતા તાપમાં આવું આકરું પંચાગ્નિતપ કરી રહ્યા છે.

## બનાસકાંઠામાં...

પાના નં.૮ ચાલુ

શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશસિંહ રાઠોડ, તા.પં.ડેલીગેટ કોંગ્રસના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈ ભાજપ સરકાર વિરોધ જોરદાર વિરૂધ્ધ સુત્રો કર્યા, શાકભાજી ફેકીને વિરોધ દર્શાવ્યો હતો. બાદમાં ધારાસભ્ય સહિત ઉંટલારીમાં બેસીને અને કોંગ્રેસના અગ્રણીઓએ સાઈકલ ચલાવી રેલી યોજીને ભાભર મામલતદારને મોંઘવારી દુર કરવા માટે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### ધાનેરા

સમગ્ર રાજ્યમાં સરકારની ખેડુતો પ્રત્યેની નિતિઓથી ખેડુતોની હાલત ખરાબ હોવાનું જણાવી કોંગ્રેસ દ્વારા ગુજરાતના ખેડુતોના હિતમાં સરકારની નિતિઓ વિરૂધ્ધ આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે. જે અનુસંધાને ધાનેરા ખાતે પણ કોંગ્રેસના આગેવાનો દ્વારા મામલતદારને ખેડુતોના હિતમાં વિવિધ માંગણીઓ સામેનું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મેહદાભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ બળવંતસિંગ રાવ, ડામરાજી રાજગોર સહિત કોંગ્રસના આગેવાનો દ્વારા ખેડુતોના હિતમાં વિવિધ માંગણી સાથેનું આવેદનપત્ર ધાનેરા મામલતદારને સુપ્રત કરવામાં આવ્યું હતું.

### દાંતીવાડા

દાંતીવાડા તાલુકા કોંગ્રેસ દ્વારા મોટી સંખ્યામાં ખેડુતોને સાથે લઈ મામલતદાર આઈ.એમ. ઠાકોરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જમીન સંપાદન ૨૦૧૩ કાયદા પ્રમાણે કરવામાં આવે તેમજ જમીન માપણી પ્રમોલેગશન રદ કરવામાં આવે. વીજળી ખેડુતોને બાર કલાક મળવી જોઈએ. પાક વિમાની સત્વરે ચુકવણુ કરવામાં આવે ખેડુતોના ઉપર લગાવવામાં આવેલ કેસો પાછા ખેંચવામાં આવે ખેડુતોને યોગ્ય પોષણક્ષમ ભાવ મળી રહે વગેરે માંગણીઓ કરાઈ હતી. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ધાડીયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નટવરસિંહ વાઘેલા, જિલ્લા ડેલીગેટ-જેન્તીભાઈ ઠાકોર, વક્તાભાઈ રબારી,નયનભાઈ જોષી, બાબુભાઈ રબારી, અશોકભાઈ ભોજણી, ચંપુસિંહ વાઘેલા, આબાદનખાન ઘાસુરા મોટી સંખ્યામાં ખેડુતો તેમજ કોંગ્રેસના આગેવાનો હાજર રહેલ.

### વડગામ

ગુજરાતના ખેડૂતોના પ્રશ્નોના તાકીદે નિવારણ બાબતે ગઈકાલ તારીખ ૮/૬/૨૦૧૮ શુક્રવારે તા.કો.પ્રમુખ દેવુંસિંહ ડાભીની અધ્યક્ષતામાં તાલુકા મથક વડગામ ખાતે રેલીયોજી મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું.

ગુજરાતમાં ખેડૂતોની પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળતી જાય છે જે સંદર્ભે વડગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ દેવુસિંહ ડાભીની અધ્યક્ષતામાં ગઈકાલ શુક્રવારે બસસ્ટેન્ડથી રેલી યોજી કોંગ્રેસના કાર્યકરો મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. જ્યા મામલતદાર આર.એલ.ઠાકોરને આવેદનપત્ર આપી ખેડૂતોના પ્રશ્ને રજુઆત કરાઈ હતી. જેમાં ઉપપ્રમુખ ડી.એમ.પટેલ (સલેમકોટ) પૂર્વ પ્રમુખ માનસંગભાઈ જે.ઉપલાણા (મગરવાડા) તા.પં.ઉપપ્રમુખ બળદેવજી ઠાકોર (નિઝામપુરા) પ્રદેશ યુવા મહામંત્રી કલ્પેશભાઈ ચૌધરી, જિ.પં.પૂર્વ ડેલિગેટ અજીતસિંહ હડીયોલ જિ.કો.ઉપપ્રમુખ પી.એમ.પટેલ (ધોતા) રતિલાલ ચૌહાણ, રફીખાન પઠાણ, ભિખાભાઈ ચૌધરી (ચંગવાડા) ગોપાલસિંહ સોલંકી સહિત તાલુકા પંચાયત પદાધિકારીઓ ડેલિગેટો અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ક્રાઇમબ્રાંચની ટીમ ઉપર ફાયરીંગ કરનારા ગુનેગારો આખરે પકડાયા

અમદાવાદ

શહેરના છેવાડે કઠવાડા- ભેડા હાઈવે પર આવેલી નિલકંઠ રેસિડેન્સીમાં લૂંટારૂઓને પકડવા ગયેલી શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર ફાયરિંગ કરનારા આરોપીઓ આખરે ઝડપાઈ ગયા છે. લૂંટારૂઓને પકડવા ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ પર લૂંટારૂ ગેંગના સભ્યોએ ફ્લેટની અંદરથી પોલીસ પર ૧૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ સમગ્ર મામલે કુલ પાંચ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓ પાસેથી દેશી તમંચો અને ૮ જીવતા કારતૂસ પણ પોલીસે જપ્ત કર્યા હતા, જ્યારે ઘરમાંથી બે બુલેટ પણ મળી આવી હતી. પોલીસ પર ફાયરીંગના ચકચાર ભર્યા કેસમાં ખુદ પીએસઆઇ વાય.એમ.ગોહિલ ફરિયાદી બન્યા છે. પોલીસ પર ફાયરિંગ કરવા મામલે આરોપીઓ સામે હત્યાનો પ્રયાસ, પોલીસ ફરજમાં રૂકાવટ અને આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પકડાયેલા પાંચ આરોપીમાં પ્રતાપસિંહ રાજપૂત, અરવિંદસિંહ ઉર્ફે પપ્પુ, દિનેશગીરી ઉર્ફે બાપજી, ગોવર્ધનસિંહ ઉર્ફે પિન્ટુસિંહ અને વિનોદ માળીનો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક તપાસમાં તમામ આરોપીઓનો ઈતિહાસ ગુનાહીત છે અને અલગ-અલગ લૂંટ સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાની ચોંકાવનારી હકીકત પણ સામે આવી છે. જેના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ અમરસિંહ ઉર્ફે અમૃતસિંહ રાજપૂત નામના આરોપીની પૂછપરછ બાદ ગોવર્ધનસિંઘ ઉર્ફે પિન્ટુસિંહને પકડવા કઠવાડા ગઈ હતી. આ દરમિયાન પોલીસને ડરાવવા માટે આરોપીઓએ ઘરમાંથી જ વળતું ફાયરીગ કર્યું હતું. તો, અરવિંદસિંહ, દિનેશગીરી અને ગોવર્ધનસિંઘ ઉર્ફે પિન્ટુસિંઘે પાઈપ પરથી નીચે ઉતરી ફાયરિંગ કર્યું હતું. ત્યાર બાદ તેઓ જીજે-૧-કેપી-૭૬૪૯ નંબરની વોકસવેગન કારમાં નાસી છૂટ્યા હતા. પરંતુ પોલીસે પ્રતાપસિંહને ઝડપી લીધો હતો.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે નવીનભાઈ



પિતા:અમૃતલાલ દોશી
માતા:સ્વ.જાસુદબેન દોશી
ભાઈ: હસમુખલાલ દોશી
પત્ની :અરૂણાબેન દોશી
પુત્ર: યશ દોશી
પુત્રી: લક્કી દોશી
જન્મ તા: ૯/૦૬/૧૯૭૪
ઉ.વ.૪૪
ગામ: મીઠી પાલડી (બ.કાં.)

## વહેચતું રહ્યો

હરદમ ગુલાબો છાબ ભરી વહેંચતો રહ્યો
પળપળ સુવાસ ખુબ હું વીખેરતોરહ્યો
શાયદ કે કોઈ દર્દનો માર્યો મળે મને
એક એક ગામ શહેર ભણી દોડતો રહ્યો
આ કેવા લોક છે અને કેવો વિવેક છે
પ્રેમી દિલોમાં ઘાવ સદા શોધતો રહ્યો
કોણે નિભાવી પ્રીત દગો કોણ દઈ ગયું
મળતો રહ્યો બધાને ઘણું પુછતો રહ્યો
માન્યું કે આજ માનવી કોરો દીસે છતાં
હું માનવીમાં માનવી ફંફોળતો રહ્યો
ફોરમ ગુલાબની લઈ સૌંદર્ય ફુલનું
યુસુફ દિલોના ઘાવ ઘણા પુરતો રહ્યો

યુસુફ ગુંજાવી

## બાપા બાવની

મામા માસી ફઈ સૌ રડયા બાપાએ તો બાવા કર્યા
વિશ્વાસે ડુબાડયું વહાણ બાપા તમને સો સો પ્રણામ
છોને દુ:ખ ના આવે પુર, બાપા તો મદમાં ચકચુર
છો ધોળામાં પડતી ધુળ મીઠા ઝાડનાં કાઢો મુળ
દર્દ નિહાળી ડૉકટર થયા સમજ્યા વિણ દવા દઈ ગયા
મરીઝ બીચારો રોયા કરે, આવીને પીડા કો હરે
પેટ ચોળ્યું ને ઉપડયું શુળ છો ધોળામાં પડતી ધુળ

પ્રા.શરદ વકીલ

## અંતર પટ

મારા જીવન સંકલ્પનો મર્મ હજુ સમજાય
ત્યાં તો સ્વપ્નોની વણઝાર મને વિંટળાઈ વળી
હૈયાના ધસમસતા પ્રવાહમાં તણાયો હું
મારા હૃદય ધ્વનીએ મને ઢંઢોળ્યો તો
સાફલ્યમય સ્વર ધ્વનીની સુરાવલીના
સંગીતના સુરોમાં ભાવોનો ઉભરો મારી
જીવન સંગીનીના કરકમળના સ્પર્શનો
મધુરો ભાવ મારા અંતરપટને કોરી ખાય છે

સુભાષભાઈ વ્યાસ (સીસરાણા)

## ગંગોતરી ગઝલની

કોઈ મને ન પુછો પ્રશ્નોત્તરી ગઝલની
મારા હૃદયમાંથી નીકળે છે ફોતરી ગઝલની
અંતર પ્રયાગમાંથી નીસરી છે ટીપે ટીપે
રેલાઈ શબ્દે શબ્દે ગંગોતરી ગઝલની
મહેમાન થાવા માટે આંસુના સંમેલનમાં
ઝખ્મોએ મોકલી છે કંકોતરી ગઝલની
સુકો છે મારો ચહેરો સુકું છેમારૂં જીવન
છે મારા માયલામાં લીલોતરી ગઝલની
કંપે છે અંગ આખું નિ:શ્વાસ સ્તબ્ધ જાણે
એંધાણી છે આ સાંઈ આગોતરી ગઝલની..

સાંઈરામ દવે

## અભિનંદન

ફુલોની શૈયા પર પોઢનારા અગણીત લોકો છે અહી
જે કંટકો પર સુવા હંમેશા તેમને મારા એક વંદન
આગ લગાડે જે પાણીમાં એ યુવાનીને અભિનંદન
ગોળી બોમ્બની વચ્ચે લડે જે એ જાંબાઝને વંદન
માતૃભૂમિ પર શીશ ચઢાવે શત્રુઓની છાતી ફાટે
શત્રુનું ગરમ લોહી પીએ વીરોને અભિનંદન
સાગરને જે વલોવી નાખે, પર્વત ચકનાચુર કરે જે
આંધી તુફાન રોકી શકે જે નિડર નરોને અભિનંદન
પ્રદીપ અમર શહીદ નરોનાં ઈતિહાસમાં અમર નામ છે
ભારત મૈયાના ચરણે જેઓ સઘળું કરી દેતા સમર્પણ

એન.એ.મોઢ (પાંચડા)

## બેવફાપ્રેમીકા

કભી તો કી હોગી સુરજને ચાંદ સે મહોબ્બત
ઈસલીયે ચાંદ મેં દાગ હૈ ઔર
કભી તો કી હોગી ચાંદને સુરજ સે બેવફાઈ
ઈસલીયે તો સુરજ મેં ભી આગ હૈ
પીના ચાહો તો ઝહર નહીં હૈ
ડુબના ચાહા તો લહર નહીં હૈ
મરના ચાહા જબ ઉસકી યાદ મેં
તો મૌત હસકર બોલી જા અભી નહીં હૈ
દીલ રોયા પર આંખો કો રોને ના દિયા
સારી રાત જાગે, ખુદ કો સોને ના દિયા
કીતના પ્યાર કરતે હૈ આપ કો, હમ ઈસ બાત કા
અહેસાસ આપ કો હોના ના દિયા

સંકલન :રબારી પ્રવીણકુમાર વેલાભાઈ
(નાનાકાપરા)

# અભિષેક અને એશની જોડી ફરીવાર સાથે નજરે પડી શકે

ફિલ્મ ગુરૂમાં રિયલ લાઈફ કપલ અભિષેક બચ્ચન અને એશ્વર્યા રાય બચ્ચનની જોરદાર કેમિસ્ટ્રી જોવા મળી હતી. ચાહકો ભારે પ્રભાવિત પણ થયા હતા. હવે તેમના ચાહકો માટે સારા સમાચાર આવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બન્નેની જોડીને ફરી એકવાર સાથે ચમકાવવાની તૈયારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૦માં મણિરત્નમની ફિલ્મ રાવણમાં બન્નેની જોડી છેલ્લી વખત એક સાથે નજરે પડી હતી. ત્યારબાદ તેમની જોડી સાથે ક્યારય નજરે પડી નથી. મીડિયા અહેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો અભિષેક અને એશ બન્ને લાંબા ગાળા બાદ ફરી એક સાથે નજરે પડનાર છે. આ પ્રોજેક્ટનુ નામ ગુલાબ જામુન રાખવામા આવનાર છે. એમ કહેવામાં આવે છે કે આ ફિલ્મનુ નિર્માણ અનુરાગ કશ્યપની ફિલ્મ કંપની ફેન્ટમ દ્વારા કરવામાં આવનાર છે. જ્યારે નિર્દેશક તરીકે કોઈ નવા નામની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે. જો બન્ને એક સાથે પ્રોજેક્ટ સાઈન કરે છે તો તેમના લાખો ચાહકો માટે મોટા સમાચાર તરીકે રહેશે. સાથે સાથે ચાહકોને ઉત્સુકતાપૂર્વક ઈન્તજાર પણ રહેનાર છે. અ અગાઉ અભિષેક અને એશની જોડી સાત ફિલ્મોમાં સાથે કામ કરી ચુક્યા છે. જેમાં ઢાઈ અક્ષર પ્રેમ કે, કુછ ન કહો, ઉમરાવ જાન, ધુમ-૨, ગુરૂ, સરકાર રાજ અને રાવણનો સમાવેશ થાય છે. અભિષેક બોલિવુડમાં ઘણા સમયથી છે પરંતુ તે કોઈ મોટી ફિલ્મમાં કામ કરી રહ્યો નથી.

અભિષેક બચ્ચન એકલા હાથે કોઈ ફિલ્મને હિટ કરવામાં પણ નિષ્ફળ રહ્યો છે. તેની ફિલ્મો હવે ઓછી આવી રહી છે. બીજી બાજુ એશ બોલિવુડમાં બીજી ઈનિગ્સમાં કેટલીક ફિલ્મો કરી ચુકી છે. જેમાં છેલ્લે કરણ જોહરની ફિલ્મ યે દિલ હે મુશ્કિલનો સમાવેશ થાય છે.

## પાટણમાં પ્રમુખની અધ્યક્ષતામાં પાલિકાએ પર્યાવરણ દિને સ્વચ્છતાના શપથ લીધા

પાટણ

પાટણ ભારત સ્વચ્છતા મિશન અંતર્ગત પાટણ પાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે શહેરના બગવાડા દરવાજા ખાતે સ્વચ્છતાના શપથ લેવડાવાયા હતા. ભારતને આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના જીવનમંત્રને ચરિતાર્થ કરવા અને દર વર્ષે સો કલાક એટલે કે અઠવાડિયામાં બે કલાક શ્રમદાન કરી સ્વચ્છતાનો સંકલપો પૂર્ણ કરવા ગંદકી

દૂર કરી સ્વચ્છતા રાખવા તેમજ શહેરની ગલીએ ગલી અને ગામેગામ સત્યનો પ્રચાર કરવા સાથે ગાંધીજીના સપનાનું ભારત બનાવવા હાજર સૌએ પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે પાટણ પાલિકાના પ્રમુખ ઉષાબેન પટેલ, ચીફ ઓફિસર આર.એસ.પટેલ, પાલિકાના એસ.આઈ દિનેશ સોલંકી સહિતના કોર્પોરેટર તેમજ સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુરમાં ગંદકી બાબતે કોપોરેટરનું પણ કોઈ સાંભળતું નથી

કમલ ચક્રવર્તી



રાધનપુર

રાધનપુર શહેરમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.જયાં જુઓ ત્યાં ગટરો તૂટેલી અને ગટરનું પાણી જાહેર માર્ગો ઉપર રેલાયેલું જોવા મળે છે તો શહેરના અનેક વિસ્તારોમાં ગંદકીના ઢગલા જોવા મળે છે.લોકો નગરપાલિકાના વોટ્સએપ ગ્રુપમાં અવાર-નવાર રજૂઆતો કરે છે,પરંતુ પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા ધ્યાન આપવામાં આવતું ના હોવાથી લોકોએ હવે ફરીયાદો કરવાનું પણ બંધ કરી દીધું છે. જો કે શુક્રવારે નગરપાલિકાના ગ્રુપમાં પાલિકાના સત્તાધારી પક્ષ કોંગ્રેસના જ કોર્પોરેટરે ભિલોટી દરવાજાથી દેસાઈ દરવાજા સુધીના માર્ગ ઉપર ગંદકીના ઢગલાના ફોટા મૂકીને ચીફ ઓફિસરને રજુઆત કરી હતી કે સેનેટરી ઈન્સ્પેક્ટર સોનીને ક્યાં સુધી માથે ચડાવીને ચાલશો..હવે હદ થઇ ગઈ છે,સેનેટરી ઈન્સ્પેક્ટર વિરુદ્ધ પગલાં લો,જો કે કોર્પોરેટર સુભાષભાઈ મકવાણાની આ રજુઆત કોઈએ સાંભળી હોય તેવું લાગતું નથી. જો કે ગંદકીથી શહેરના લોકો સાચા અર્થમાં ત્રાહિમામ પોકારી ગયા છે,પાલિકાના સત્તાધીશો ખરેખર કોઈનું સાંભળતા નથી.

## મીરાદાતારની દરગાહે આવેલા દર્શનાર્થીના પાકીટની ચોરી

ઉંઝા

ઉંઝા નજીકના મીરાદાતાર દરગાહમાં ગત મગળવારે સાંજે જુનાગઢથી આવેલા એક દર્શનાર્થીના પેન્ટના પાછળના ખિસ્સામાથી પાકીટ ચોરી રૂા.૧૬.૪૫૦ ની હાથ સફાઈ કરી કોઈ ગઠીયો ફરાર થઈ ગયો હતો.

જુનાગઢના માંગરોળના આલમખાન અહમદખાન બેલીમ ગત મંગળવારની સાંજે આઠેક વાગે મીરાદાતાર દરગાહમાં લોબાન સમયે હાજર હતા ત્યારે ભારે ભીડમાં કોઈ ગઠીયાએ તેમના પેન્ટના પાછળના ગજવામાંથી પાકિટ કાઢી લીધું હતું. જેમાં રૂ.૧૬.૪૫૦ તથા પરિવારના આધાર કાર્ડ અને અગત્યના કાગળો હતા.આમ યાત્રાધામમાં ચોરીના બનાવો બનતા પોલીસે તકેદારી રાખવી જોઈએ.

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| **પીલૂડા** | | | ઘઉં | ૩૨૩-૩૫૦ |
| જીરું = ૨૭૦૦ - ૩૧૦૦ | | | બાજરી | ૨૪૨-૨૮૦ |
| રાયડો= ૭૧૮ - ૭૪૮ | | | જુવાર | ૫૯૬-૮૪૫ |
| એરંડા = ૭૫૦- ૭૬૮ | | | રજકો | ૧૪૦૦-૨૫૪૬ |
| ઈસબગુલ= ૧૨૫૦ - ૧૫૦૦ | | | **સિધ્ધપુર** | |
| ચીકુડી = ૧૨૦૦ - ૧૫૭૦ | | | જીરૂ | ૨૬૦૫ |
| બાજરી = ૨૬૬ - ૨૬૫ | | | વરીયાળી | ૧૧૬૨-૧૩૪૯ |
| અજમો = ૧૨૦૦ - ૧૩૬૦ | | | રાયડો | ૬૯૦-૭૩૫ |
| **ડીસા** | | | એરંડા | ૭૩૬-૭૭૦ |
| ઘઉં | ૩૨૦-૩૪૦ | | ચોળા | ૮૭૦ |
| બાજરી | ૨૪૨-૨૮૯ | | મેથી | ૪૮૧ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૩૩ | | ગવાર | ૫૭૪-૬૪૫ |
| મગફળી | ૭૪૦-૮૪૦ | | ઘઉં | ૩૧૨-૪૨૦ |
| એરંડા | ૭૬૦-૭૬૯ | | જુવાર | ૫૩૫-૮૭૦ |
| રાયડો | ૭૦૦-૭૨૨ | | બાજરી | ૨૨૦-૨૫૧ |
| **પાંથાવાડા** | | | સવા | ૮૦૧-૯૧૩ |
| બાજરી - | ૨૩૦/- | ૨૪૦/- | જવ | ૨૯૧ |
| રાજગરો- | ૧૦૯૫/- | ૧૦૯૫/- | **પાટણ** | |
| એરંડા- | ૭૫૦/- | ૭૬૬/- | જીરૂ | ૨૨૭૬-૨૯૨૦ |
| રાયડો - | ૭૩૦/- | ૭૪૧/- | વરીયાળી | ૧૨૫૦-૧૭૪૦ |
| મગફળી - | ૭૪૦/- | ૮૦૩/- | મેથી | ૫૦૦-૫૪૦ |
| **ધાનેરા** | | | સુવા | ૬૯૦-૯૯૪ |
| ઘઉં | ૩૧૫-૩૫૦ | | રાયડો | ૬૮૦-૭૭૬ |
| બાજરી | ૨૪૨-૨૫૫ | | એરંડા | ૭૫૭-૭૭૩ |
| જુવાર | ૬૫૩-૬૯૧ | | ઈસ. | ૮૦૫-૧૧૮૬ |
| ગવાર | ૬૮૦-૭૦૦ | | અજમો | ૫૦૦-૮૦૦ |
| રાયડો | ૬૭૦-૭૪૬ | | ઘઉં | ૩૨૬-૩૬૧ |
| એરંડા | ૭૫૧-૭૬૯ | | બાજરી | ૨૩૦-૨૬૪ |
| રજકો | ૧૯૫૦-૨૫૨૫ | | ગવાર | ૬૫૦-૬૭૨ |
| સુવા | ૮૦૦-૯૪૯ | | જુવાર | ૫૦૦-૬૭૫ |
| વરી. | ૧૨૪૧-૧૨૪૫ | | બંટી | ૩૪૫ |
| ઈસ. | ૧૦૦૦-૧૩૨૬ | | રજકાબાજરી | ૩૫૦-૪૪૪ |
| તલ | ૧૩૫૦ | | રજકો | ૧૩૨૫-૨૬૬૦ |
| જીરૂ | ૨૭૫૧-૨૯૨૯ | | ચીકુડી | ૧૩૫૦-૧૫૬૦ |
| રાજગરો | ૧૦૧૧-૧૦૫૫ | | **થરાદ** | |
| અસાળીયો | ૮૦૫ | | રાયડો | ૭૨૩-૭૬૨ |
| તારામીરા | ૭૮૦-૭૮૯ | | એરંડા | ૭૫૧-૭૭૦ |
| અજમો | ૯૦૦-૧૫૭૫ | | બાજરી | ૨૫૫-૨૬૮ |
| ચીકુડી | ૧૫૧૧-૧૬૦૦ | | ચિકુડી | ૧૪૮૧-૧૬૦૧ |
| ૨.બાજરી | ૩૯૦-૪૧૧ | | ગવાર | ૬૪૫-૬૭૨ |
| મેથી | ૬૧૫ | | મેથી | ૬૦૫-૬૪૦ |
| **ભીલડી** | | | સોવા | ૭૮૦-૯૦૬ |
| એરંડા | ૭૫૦-૭૬૩ | | વરીયાળી | ૧૩૦૦-૧૩૫૦ |
| રાયડો | ૭૦૦-૭૧૬ | | જીરુ | ૨૫૦૦-૩૦૫૦ |
| બાજરી | ૨૪૦-૨૫૮ | | અજમો | ૧૧૦૦-૧૫૦૦ |
| જીરૂ | ૨૬૭૦ | | ઈસબગુલ | ૧૨૦૦-૧૪૬૦ |
| ગવાર | ૬૫૦-૬૭૦ | | રજકો | ૨૨૦૦-૨૬૦૦ |
| ઘઉં | ૩૧૧-૩૨૧ | | **રાહ** | |
| મગફળી | ૭૨૫-૭૮૦ | | રાયડો | ૭૨૫-૭૪૦ |
| **થરા** | | | એરંડા | ૭૫૫-૭૬૫ |
| જીરૂ | ૨૬૫૦-૩૨૧૭ | | બાજરી | ૨૩૦-૨૫૧ |
| એરંડા | ૭૫૦-૭૭૫ | | ચિકુડી | ૧૪૦૦-૧૫૮૦ |
| રાયડો | ૭૧૦-૭૪૦ | | સોવા | ૮૫૦-૮૭૦ |

# મહેસાણા તાલુકાના દેલોલી ગામે પંચાયતની ચૂંટણી થઈ જ નથીઃ ગ્રામજનો દ્વારા જ ગામનો વિકાસ



ચાણસ્મા

આજે સત્તાની ખુરશી માટે ભાઈ- ભાઈ ઝઘડી પડતા હોય છે. ત્યારે મહેસાણા તાલુકાના દેલોલી ગામે અનોખી મિશાલ કાયમ કરી છે. ગામ પંચાયતી રાજના અમલ પછી આજદિન સુધી સરપંચ અને સભ્યોની ચૂંટણી થઈ નથી. દર પાંચ વર્ષે સર્વ સંમતિથી વરણી કરવામાં આવે છે. જેનો લાભ ગ્રામ વિકાસને પૂરેપુરો મળી રહ્યો છે. ગામને જોડતા તમામ રસ્તાથી લઈને પાણી અને શિક્ષણ સુધીની તમામ સુવિધા આ ગામમાં ઉપલબ્ધ છે.

મહેસાણાથી આશરે ૧૬ કિમી દૂર આવેલા દેલોલી ગામની જનસંખ્યા આશરે ૩૦૦૦ ની છે. જેમાં ૬૦ ટકા સવર્ણો અને ૪૦ ટકા અન્ય વર્ગોનો ભાઈચારા સાથેનો વસવાટ છે. ગામના સરપંચ પરેશભાઈ પટેલના જણાવ્યા મુજબ, ગામમાં આજદિન સુધી સરપંચની બિનહરીફ વરણી થાય છે. જેનો લાભ ગામલોકોને મળે છે. રાજ્યની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનો એક લાખનો પુરસ્કાર ગત વર્ષે મળ્યો હતો. ઓએનજીસીના ૨૫ થી ૩૦ જેટલા તેલક્ષેત્રો ગામમાં આવેલા હોઈ

જેમાંથી વર્ષે પાંચેક લાખની ગ્રાન્ટ વિકાસ માટે ઓએનજીસીમાંથી મળે છે. પરિણામે આજે ગામના તમામ મહોલ્લા- ચોકમાં આરસીસી રોડ, સ્ટ્રીટલાઈટ, ઘેર- ઘેર પાણી, ગટર વ્યવસ્થા સહિતની સુવિધા ઉભી કરાઈ છે. ગામમાં પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, આંગણવાડી સહિતની તમામ શિક્ષણ સંસ્થાઓ છે. ગામના યુવા અગ્રણી તીમીરભાઈ પટેલના જણાવ્યા મુજબ, ગ્રામ પંચાયતની મુદ્દત પુરી થવાની હોય ત્યારે આખુ ગામ રાત્રે ભેગું થાય છે. જેમાં પાટીદારોના જેટલા ટોડા છે. તેમાંથી એક- એક વ્યક્તિ ઉભા થાય છે અને પાટીદાર સિવાયની અન્ય કોમો કહે તે વ્યક્તિની સરપંચ તરીકે પસંદગી કરવામાં આવે છે. તેમણે ગામની વિશિષ્ટતા અંગે જણાવ્યું કે, ગ્રામ પંચાયત સમરસ બન્યા પછી કોઈ વાદ- વિવાદ થાય તો તેના નિકાલ માટે સમાધાન સમિતિ બનાવાઈ છે. જેમાં દરેક જ્ઞાતિના લોકોનો સમાવેશ કરાય છે. ગામનો કોઈ વિવાદ ઊભો થાય તો ગામમાં જ ઉકેલ લાવવામાં આવે છે. જેનાથી કોર્ટ કચેરીમાં સમય અને નાણાંનો વ્યય ન થાય.

**ગામની એકતા- ભાઈચારો અનોખો**

ગામની એકતા અને ભાઈચારો સમગ્ર પંથકમાં જાણીતો છે. ગામમાં સૌપ્રથમવાર સરપંચની ચૂંટણી થઈ ત્યારે ગામમાં માત્ર જૈન પરિવારનું એક જ ઘર હોવા છતાં કાળિદાસ મોહનદાસ શાહની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ગત ટર્મમાં એસ.ટી.ના નિવૃત્ત ડ્રાઈવરને ગામની વિકાસ ધૂરા સોંપવામાં આવી હતી. તો ગામની સહકારી મંડળી, દૂધ મંડળી સહિતમાં પણ હોદ્દેદારોની બિનહરીફ વરણી થાય છે. દર વર્ષે નવરાત્રિમાં યુવક મંડળ દ્વારા યોજાતા ગરબા મહોત્સવમાં ૧૦૦ થી વધુ ગરબા નીકળે છે. ભાદરવા સુદ નોમના દિવસે ગામ ઉજાણી નીકળે છે.

**અધિકારીનો ગામ સાથે અનોખો નાતો**

ગ્રામજનો સાથે અધિકારીઓના નાતા અંગે વાત કરતાં તીમીરભાઈ પટેલે જણાવ્યું કે, ડૉ. તરૂણકુમાર એલ.સ્વામી વર્ષ ૧૯૮૩ થી ૧૯૮૭ સુધી દેલોલીમાં આયુર્વેદિક દવાખાનામાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. અહીંથી જ તેમની પ્રગતિની શરૂઆત થઈ અને વર્ષ ૨૦૦૮ માં તેમની ગુજરાત રાજ્યના આયુર્વેદિક વિભાગના ડાયરેક્ટર તરીકે નિમણુંક થઈ ત્યારે તેમણે સૌપ્રથમ ગામની મુલાકાત લીધી હતી. આજે પણ તેમણે આ નાતો જાળવી રાખ્યો છે.

**ગામની ચારેબાજુ પાકો રસ્તો છે**

આ ગામ હાલમાં ચારેબાજુ પાકા રસ્તાથી જોડાયેલું છે. હાલમાં દેલોલી- ગમાનપુરા- મીઠા, દેલોલી - પાલજ- બલોલ, દેલોલી- ઉદેલા, રણેલા, દેલોલી- મોટપ, દેલોલી- મગુના-હિંગળાજપુરા, દેલોલી- નુગર, દેલોલી- મગુના- મીઠા પાકા રસ્તાની સુવિધાનો સમાવેશ થાય છે.

## વડાલી નગરપાલિકાને કોંગ્રેસ પક્ષ તરફથી તાળા બંધી કરવામાં આવીઃ પોલીસ દોડી આવી

નરેન્દ્રસીંહ રાઠોડ



પ્રતિનિધી વડાલી

ગતરોજ કોંગ્રેસ દ્વારા મોંઘવારી, ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મામલતદારને આવેદન આપવા કોંગ્રેસ કાર્યકર્તાઓ નગર પાલિકાએ એકત્ર થયા હતા. ત્યારે કાર્યકર્તાઓ દ્વારા નગર પાલીકાના મેન દરવાજો ખંભાતી તાળુ મારી દેતા, નગરપાલિકાના સેવકો, કર્મચારીઓ, તેમજ અરજદારોમાં બુમરાડ થવા પામી હતી. કોંગ્રેસ કાર્યકર્તાઓ ચાવી લઈ જતા રહ્યા હતા. ત્યારે વડાલી પોલીસ દ્વારા મહામહેનતે બહારથી તાળુ તોડી બંધક બનાવેલા નગરસેવકો, કર્મચારીઓ તેમજ અરજદારોને આઝાદ કરવામાં આવ્યા હતા.

નગરપાલીકાના ચીફ ઓફિસર દ્વારા સરકારી મિલકત, તેમજ અરજદારો, કર્મચારીઓને (તાળા) બંધી કરી બંધ કરી દેનાર કોંગ્રેસી કાર્યકર્તાઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

## પાટણમાં ભાજપ દ્વારા પ્રતિમાઓની સફાઈ કરાઈ

પાટણ

સરકારના કાર્યકાળના સુશાસનના ચાર વર્ષ પૂર્ણ થતા પાટણ શહેર યુવા ભાજપ દ્વારા પાટણ શહેરની તમામ પ્રતિમાઓની સફાઈ અભિયાન કામગીરી હાથ ધરી હતી. યુવા ભાજપ દ્વારા આયોજિત શહેરની વિવિધ પ્રતિમાઓની સફાઈ અભિયાન ઝુંબેશમાં સંગઠન પ્રભારી મયંક નાયક, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ, યુવા ભાજપ પ્રમુખ નીલેશ રાજગોર વિવેક પટેલ, ગૌરવ મોદી હેમંત તન્ના હરેશ મોદી રંજન બેન કિરણ ગજ્જર સહિતના યુવા ભાજપના ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢેરાના જર્જરિત બસ સ્ટેન્ડથી પર્યટકો અને દર્શનાર્થીઓ ત્રાહીમામ



ચાણસ્મા

યાત્રાધામ મોઢેરા ખાતે એસટી તંત્ર દ્વારા વર્ષો અગાઉ બનાવવામાં આવેલું બસસ્ટેન્ડ પ્રવાસીઓ માટે કોઈપણ પ્રકારની સુવિધા ન હોવાના કારણે આજે આ બસ સ્ટેન્ડ સ્મશાન વત ભાસી રહ્યું છે. વારંવારની રજુઆત છતાં એસટી તંત્ર દ્વારા લોકોની માગણી ન સંતોષવામાં આવતાં તંત્રની ઉદાસીનતા સામે ફીટકારની લાગણી ફેલાઈ છે. મોઢેરા ગામની જનસંખ્યા આશરે ૭ હજાર કરતા વધારે છે. અહીં શિલ્પ સ્થાપત્ય કલાના અજોડ નમૂનારૂપ સૂર્યમંદિર આવેલું છે. જ્યાં રોજબરોજ દેશ- વિદેશમાં પર્યટકો દર્શન માટે આવે છે. પરંતુ મોઢેરા બસસ્ટેન્ડ વર્ષોથી ખંડિયાર હાલતમાં પડ્યું છે. એસ.ટી. કેન્ટીન બંધ છે. લાઈટ- પાણી કે બેઠક વ્યવસ્થા, પંખાની કોઈ સગવડ નથી. જાહેર મુતરડી અને શૌચાલય બનાવેલ છે. પરંતુ સફાઈ ન થવાના કારણે તેને પણ તાળાં લાગી ગયા છે. અહીંથી રોજબરોજ ૧૦૦ કરતાં પણ વધારે બસોનું સંચાલન થતું હોવા છતાં પ્રાથમિક સુવિધાના અભાવે મુસાફરો ત્રાહિમામ છે. એસટીનું સમયપત્રક પણ મુકવામાં આવતું નથી. બસસ્ટેન્ડમાં કંટ્રોલ પોઈન્ટ શરૂ કરી પાસ અને પાર્સલ સુવિધા આપવામાં આવે તો આ વિસ્તારના ૧૫ કરતાં પણ વધારે ગામલોકોને તેનો લાભ મળી શકે તેમ છે. પરંતુ નબળી નેતાગીરીના કારણે વર્ષો જૂની આ રજૂઆત વહીવટીતંત્રના બહેરા કાને સંભળાતી નથી.

ડેપોની હદમાં બિનઅધિકૃત દબાણો અને રખડતાં ઢોરોના ત્રાસના કારણે વાહનોની આવનજાવન માટે પણ તકલીફ પડે છે. મોઢેરાથી પરત જતી એકપણ બસ સૂર્યમંદિર જતી નથી. પરિણામે પ્રવાસીઓને સૂર્યમંદિર જવા ખાનગી સાધનોનો ઉપયોગ કરવો પડે છે. સૂર્યમંદિરે પણ પીકઅપ સ્ટેન્ડની કોઈપણ સગવડ નથી. દિવસ આથમતાં હાલનું આ બસસ્ટેન્ડ સુવિધા વિના સ્મશાન જેવું ભાસે છે.

# ઊંઝા હાઈવેથી ઈકો કારમાં મુસાફરી કરનાર અમદાવાદના વેપારીના રૂા. ૮૩ હજારની ચોરી

ઊંઝા

ઊંઝા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા કેટલાક વખતથી લૂંટ, ઘરફોડ ચોરી, વાહન ચોરી, અન્ય ચોરીઓ, અપહરણ તેમજ સ્ત્રી સંબંધી ગુનાઓ અને સમાજ વિરોધી બદીઓનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

તાજેતરમાં મધરાતના સુમારે ઊંઝાથી વડોદરા જવા માટે નીકળેલ એક વ્યક્તિને રાજસ્થાનની સ્વીફ્ટ કારમાં બેઠેલા ચાર અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારની અણીએ ધમકી આપી તેમની પાસેથી રોકડ રકમ પડાવી લઈ રસ્તામાં ઉતારી દીધા હતા. આ ગુનાના આરોપીઓની કોઈ ભાળ મળી નથી. ત્યાં ઊંઝા હાઈવે સર્કલથી ઈકો કારમાં મુસાફરી કરતા અમદાવાદના એક વેપારીની સુટકેસમાંથી ઉઘરાણીના ૮૩ હજારની રોકડ રકમની કારમાં જ બેઠેલા ચાર જણાઓ પૈકીનાઓએ ચોરી કરી હોવાનો બનાવ બનેલ છે.વિગત એવી છે કે, અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં રહેતા અને કાંડા ઘડિયાળનો હોલસેલનો વેપાર કરતા વેપારી વિમલકુમાર કિશોરભાઈ વાઢેર ગઈકાલે સાંજના સમયે ઊંઝા હાઈવે સર્કલથી એક સફેદ રંગની નંબર વગરની ઈકો ગાડીમાં બેઠા હતા. ત્યારે તેમની પાસે રહેલ સુટકેસમાં કાંડા ઘડિયાળની ઉઘરાણીના નાણાં આશરે ૮૩૦૦૦ મુકેલ હતા. તે સુટકેશમાંથી ૮૩ હજારની રોકડ રકમની ચોરી થઈ હતી.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે સફેદ કલરની નંબર વગરની ઈકો ગાડીમાં બેઠેલ ડ્રાઈવર બે અજાણ્યા પુરૂષ તથા એક અજાણી સ્ત્રી સહિત ચાર જણાઓ વિરૂધ્ધ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પાટણમાં તબલાની દુકાનમાં નોકરી કરતો યુવાન ૧૧ દિવસથી ગુમ

પાટણ

પાટણ શહેરમાં નોકરી કરતો એક યુવાન તેનું એકટીવા તેના શેઠને રૂા.૧૪૦૦૦ માં વેચીને પોતે રિક્ષા લેવા જાય છે તેવું જણાવી ઘરે અને દુકાનેથી નિકળી ગયો હતો. અને બાદમાં ૧૧ દિવસ પછી પણ ઘરે પરત નહિં આવતા તેના માતા-પિતાએ ઘણી શોધખોળ કરેલ તેમ છતાં નહિં મળતા પિતાએ શહેર એ ડિવીઝન પોલીસ મથકમાં જાણ કરી છેજાણવા મુજબ પાટણ તાલુકાના જામેશ્વર-પાલડી ગામે રહેતો અને પાટણ શહેરના વગવાડી દરવાજા નજીક અંબિકા તબલા સ્ટોરમાં છ વર્ષથી નોકરી કરતો અશોક ત્રિકમભાઈ ચતુરભાઈ (ઉ.વ.૧૭) ગત તા.૨૨ મે ના રોજ પોતાના ઘરેથી નોકરીએ જવાનું કહી નિકળ્યો હતો તે રાત્રે ઘરે પરત ન આવતા તેના પિતાએ માન્યુ કે તે શેઠને દૂધ આપવા ગયો હશે પરંતુ તે ગયો ન હતો છેવટે યુવાનના પિતા શેઠને દૂધ આપવા જતા શેઠ મણીલાલને પૂછતા તેમણે જણાવેલ કે તે પોતાનું એકટીવા વેચીને રિક્ષા લેવા જવાનું કહેતો હતો. એ એકટીવાના ૧૪૦૦૦ રૂપિયા તેને આવ્યા હતા પરંતુ પરત આવ્યો નથી.

# હિંમતનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સાડા સાત વર્ષ બાદ ફરી માતૃસંસ્થા કોંગ્રેસમાં જોડાયા

સતીષ ભટ્ટ




હિંમતનગર

આજથી લગભગ અંદાજિત સાડા સાત વર્ષ પૂર્વે કોંગ્રેસ પાર્ટીને રામરામ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા મૌલેસ સોની ભારતીય જનતા પાર્ટીમાંથી હિંમતનગર નગર પાલિકાની ચૂંટણી લડી અને જીતી હતી અને ત્યારબાદ તેઓ હિંમતનગર નગરપાલિકાના ગટર વ્યવસ્થા સમિતિ ના ચેરમેન તરીકે પણ રહ્યા હતા છેલ્લા કેટલાય સમયથી મૌલેશ સોની અને ભાજપ વચ્ચે અણબનાવ હતો ગત નગરપાલીકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મૌલેશ સોનીને ટિકિટ ન આપી ત્યાર મૌલેશ સોની હિંમતનગર નગરપાલિકા વોર્ડ નંબર એકમાં પોતાના પોતે અપક્ષ ઉમેદવાર તરીકે પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને માત્ર નજીવા મતોથી પરાજિત થયા હતા મૌલેશ સોની ની સાથે-સાથે સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી ગજેન્દ્ર સિંહે રહેવર પણ આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અશ્વિન કોટવાલ ની આગેવાની હેઠળ સાબરકાંઠા જિલ્લાનું એક પ્રતિનિધિમંડળ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડા ને રૂબરૂ મુલાકાત લઈ જિલ્લાના તમામ આગેવાનો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા જિલ્લા કોંગ્રેસના પ્રભારી રાજેન્દ્રભાઈ જોષી તેમજ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ મણીભાઈ પટેલપૂર્વ પ્રમુખ વિપુલભાઈ પટેલ યુવક કોંગ્રેસના પ્રમુખ પ્રિયવદન પટેલ મનીષ ભાલોડીયા મહિલા કોંગ્રેસના નિર્મળાબેન પંચાલ કમળાબેન પરમાર જયોતિબેન દવે જુબેદાબેન પઠાણ ઈમરાન બાદશાહ રિયાઝ સાબુ ગર કાદિર doi રમેશભાઈ માઈનોરીટી ચેરમેન ઈમરાન દાવડા મુદસ્સર વિજાપુરા યુસુફ બચ્ચા નિશાર ભાઈ ચણા વાળા સિકંદર શેખ કોંગ્રેસના વિધાનસભાના ઉમેદવાર કમલેશભાઈ પટેલ બળવંતસિંહ દેવડા હેમંત સોની કુમાર ભટ્ટ તેમજ અસંખ્ય કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં મૌલેશ સોની અને ગજેન્દ્ર સિંહ રહેવર વિધિવત રીતે તેમના ટેકેદારો સાથે કોંગ્રેસમાં જોડાતા હિંમતનગર શહેરમાં કોંગ્રેસ ખૂબ જ મજબૂત સ્થિતિમાં આવી ગઈ છે મૌલેશ સોની આજે ફરીથી કોંગ્રેસમાં પ્રવેશ લેતાં શહેરના કોંગ્રેસી કોર્પોરેટરો અને કાર્યકરોમાં એક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે મૌલેશ સોનીના કોંગ્રેસમાં આવવાથી આગામી દિવસોમાં હિંમતનગર નગરપાલિકામાં યોજાનારી પ્રમુખપદની ચૂંટણીમાં પણ ખૂબ જ રસાકસીભર્યો માહોલ સર્જાય તો નવાઈ નહી કારણ કે ગત નગરપાલિકામાં મૌલેશ સોની અને વિરમ દેસાઈ એન્ડ કંપનીએ બળવો કરાવી ભાજપ પાસેથી સત્તા આંચકી લીધી હતી એ જ મૌલેશ સોની છે જે હિંમતનગર નગરપાલિકામાં ભાજપ ને જોરદાર ઝટકો આપ્યો હતો ફરીથી કોંગ્રેસમાં જોડાતા કોંગ્રેસ શહેરમાં મજબૂત સ્થિતિમાં આવી ગઈ છે જ્યારે જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ગજેન્દ્ર સિંહે રહેવર આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાતા જિલ્લાભરના યુવાનોમાં એક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે ગજેન્દ્ર સિંહે રહેવ ર પણ યુવાનો ઉપર ખૂબ જ પકડ ધરાવે છે તેમના કોંગ્રેસમાં જોડાવાથી આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને પશ્ચિમ પટ્ટામાં ફાયદો થાય તો નવાઈ નહી.

# મીરાં દાતારની હોટલમાં ચા પીતા ફકીર પર તીક્ષ્ણ હથિયારથી હુમલોઃ રૂા. ૮૨૦૦ ની લુંટ

**લઘુમતી કોમના શખ્સોએ હુમલો કર્યો**

ઊંઝા

ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાં દાતારની દરગાહ નજીક હોટલમાં ચા પીવા માટે બેઠેલ એક ગરીબ ફકીર પર ગામના જ ત્રણ શખ્સોએ અચાનક તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી તેની પાસેથી ૮૨૦૦ ની રોકડ રકમ અને મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હોવા બાબતે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ઉનાવા ગામે નવાવાસમાં રહેતા રીક્ષા ચાલક ફકીર ઝાફરશા મહેબૂબશા મોડી સાંજે મીરાં દાતારની દરગાહમાંથી દર્શન કરીને નજીકમાં જ આવેલ એક હોટલ પર ચા પીવા માટે ગયા હતા. જ્યાં હથિયારો સાથે ધસી આવેલ ગામના જ મુસ્લિમ કોમના ત્રણ શખ્સોએ અચાનક ગરીબ ફકીર પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ તેની પાસેથી ૮૨૦૦ ની રોકડ રકમ તથા એક મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત ફકીરને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ઉનાવા પોલીસે જહાંગીરમીયાં રીયાજમીયાં સૈયદ, બહાલમીયાં તથા અબ્દુલશા ફકીરશા ફકીર ત્રણેય રહે. ઉનાવાવાળા વિરૂધ્ધ લૂંટ અને મહાવ્યથાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કહે છે કે, યાત્રાસ્થળ ઉનાવામાં કેટલાક આર્થિક રીતે સક્ષમ મુજાવરોના સંતાનો ગરીબ ફકીરો પર તેમજ અન્ય ગરીબો પર ધાક જમાવવા સિતમ ગુજારતા હોય છે.

**ભાભરમાં શાકભાજી રોડ પર ફેકાયું...પેટ્રોલ - ડીઝલના ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસ અગ્રણીઓની ઉંટલારીમાં રેલી...**

# બનાસકાંઠામાં કોંગ્રેસનું આક્રમક વિરોધ પ્રદર્શન


પાલનપુર


ડીસા


ધાનેરા


વાવ


શિહોરી


ભાભર


થરાદ


વાવ

## પાલનપુર

બનાસકાંઠામાં કોંગ્રેસ દ્વારા ખેડૂતાના વિવિધ પ્રશ્નો અને વધતી જતી મોંઘવારીને લઈને ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂતોને જમીન સંપાદનનું યોગ્ય વળતર મળતું નથી, ખેત ઉપજના પૂરતા અને પોષણક્ષમ ભાવો મળતા નથી, દલિતો પર અત્યાચાર, મોંઘવારી સહિતની સમસ્યા ઓને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપો સાથે આજે બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

જ્યારે દલિતો કે ખેડૂતો સરકાર ના અન્યાય સામે અવાજ ઉઠાવે છે ત્યારે તેઓ પર દમન ગુજારવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. આજે ડીસા, પાલનપુર સહિત સમગ્ર જિલ્લામાં તાલુકા કક્ષાએ કોંગ્રેસે શહેરના મુખ્ય માર્ગો પર રેલી યોજી વિરોધ દર્શાવ્યો હતો. અને બાદમાં મામલતદાર ને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. અને જો સરકાર તાત્કાલિક ખેડૂતોની સમસ્યાઓ નહીં ઉકેલે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવીએ ઉચ્ચારી હતી.

બનાસકાંઠાના ખેડૂતોની જમીન જે રી-સર્વેમાં કપાઈ રહી છે.અને આ જમીનોના યોગ્ય ભાવ ન મળતા ખેડતો ની હાલત દયનિય છે. ત્યારે અગાઉ કોંગ્રેસની સરકારમા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા હતા. જે આ સરકાર મા નથી મળતા જેને લીધે ખેડૂતો પાયમાલ થયા છે જેને લઈ આજે કોંગ્રેસ સાથે મળી ખેડૂત અગ્રણીઓએ ક્લેક્ટરને રજુઆત કરી હોવાનું પ્રદેશ કોંગ્રેસ અગ્રણી વિરજીભાઈ જુડાલે જણાવ્યું હતું.

## ડીસા

ડીસા શહેરમાં આજે શહેર કોંગ્રેસ દ્વારા સરકારના વિરોધમાં ઉગ્ર સુત્રોચ્ચાર તેમજ વિરોધમાં રેલી યોજીને મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.. અને આગામી ત્રણ દિવસ સુધી સરકારનો અલગ અલગ પ્રકારે વિરોધ ચાલુ રાખવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. ડીસામાં આજે કોંગ્રેસે વર્તમાન સરકારને ખેડૂત વિરોધ ગણાવી હતી અને આગામી સમયમાં તેમની સરકાર સત્તા પર આવશે તો ખેડૂતોના દેવા માફ કરવાની વાત કરી હતી.. ત્યારબાદ રેલી સ્વરૂપે ડીસાના સાઈબાબા મંદિરથી નીકળી મામલતદાર કચેરી પહોંચી મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું હતું. આ ઉપરાંત આગામી ત્રણ દિવસ સુધી કોંગ્રેસ સરકાર વિરોધી કાર્યક્રમો આપશે જેમાં ખેડૂતોએ કરેલું ઉત્પાદન રસ્તા પર ફેંકવા સુધીના કાર્યક્રમો આપવાની ચીમકી ઉચ્ચારી છે.

પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની આગેવાની હેઠળ આ પ્રસંગે ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, કોંગ્રેસ સિનિયર આગેવાન ઉમિયા શંકરભાઈ દવે, પ્રદેશ સેવાદળ આગેવાન પ્રકાશભાઈ ભરતીયા, જી.પં. ડેલીગેટ જીતેન્દ્રભાઈ રાજગોર, તા.પં. ડેલીગેટ પ્રવિણભાઈ ઠાકોર, પ્રદેશ યુથ કોંગ્રેસ આગેવાન સંજયભાઈ, જી.પં.ડેલીગેટ જેઠાભાઈ ખેંગારભાઈ ચૌધરી, ડેલીગેટ કલ્યાણભાઈ, જિલ્લા માલધારી સેલના શંભુભાઈ દેસાઈ, કોર્પોરેટ બાબુભાઈ મુકેશભાઈ સોલંકી, શૈલેષ વ્યાસ, પ્રભાતભાઈ દેસાઈ, અમરતભાઈ દેસાઈ, નરેશભાઈ, ગુલાબ માળી, ચમનભાઈ માળી, જોરાભાઈ નાયી તેમજ દિવ્યાબેન પંચાલ સહિત વિશાળ સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો જોડાયા હતા.

## વાવ

ગતરોજ તા. ૮/૬/૧૮ ને શુક્રવારના રોજ વાવ તાલુકા કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ દ્વારા ડીઝલ પેટ્રોલના ભાવવધારો, તેમજ ખેડુતોને પોષણક્ષમ ભાવ, વીજળીના ભાવ વધારાના મુદ્દે વાવ મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું. આ પ્રસંગે યુથ કોંગ્રેસના પ્રમુખ ભૈરવદાન ગઢવી, ઠાકરસીભાઈ રબારી, જયરામભાઈ મકવાણા, વિહાજી રાજપુત (કોંગ્રેસ ડેલીગેટ), દુધાજી રાજપુત (ચોથા નેસડા) વર્ધાજી ગોહિલ (ખી.વાસ), ભેમાભાઈ મકવાણા સહિત બહોળી સંખ્યામાં કાર્યકર મિત્રો હાજર રહ્યા હતા. સુઈગામ મુકામે પણ સુઈગામ તાલુકા કોંગ્રેસ સમિતિ અને યુથ કોંગ્રેસ દ્વારા સુઈગામ મામલતદારને આ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## થરાદ

આગામી ૨૦૧૯ લોકસભાની ચૂંટણીઓને લઇને કોંગ્રેસ દ્વારા ખેડૂતોના પ્રશ્નો બાબતે શુક્રવારથી ત્રણ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે કોંગ્રેસ કાર્યાલય થી થરાદ નગરના મુખ્ય રાજમાર્ગ પર બેનર અને સૂત્રોચ્ચાર સાથેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના અગ્રણી હોદ્દેદારોએ ભાજપ સરકાર વિરોધી સૂત્રોચાર કર્યા બાદ પ્રાંત કચેરીમાં પ્રતિક ધરણાં કરી મામલતદાર જે.સી. ગરાસિયાને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. તેમજ જો તેનું નિરાકરણ નહી આવે તો આગામી કાર્યક્રમો આપવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. મામલતદારે આવેદનપત્ર ઉચ્ચસ્તરે મોકલી આપવાની ખાતરી આપી હતી.કાર્યક્રમમાં કોંગ્રેસના અગ્રણી ડીડી રાજપુત, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અંબાજી સોલંકી, ગુજરાત કોંગ્રેસ પ્રદેશમંત્રી માંગીલાલ પટેલ, પ્રધાનજી ઠાકોર, તુલસીભાઈ ધુમડા, દિલાવર સિંહ વાઘેલા, પ્રવીણભાઈ વરણ, વશરામભાઈ રબારી, જલવા જિલુભા ચૌહાણ સહિત બહોળી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાભર

કેન્દ્રમાં ભાજપની સત્તા આવતાની સાથે મોંઘવારી નામના અજગરી ભરડાએ આમ જનતાનું જીવવું દુષ્કર બનાવી દીધુ છે. દિવસેને દિવસે મોંઘવારી વધી રહી છે. મોંઘવારી દુર કરવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા સતાધારી ભાજપને ભીંસમાં લેવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જેમાં લોકો પણ સાથ આપી રહ્યા છે. વધતી જતી મોંઘવારીના વિરોધ્ધમાં ભાભર ખાતે શુક્રવારે ભાભર-વાવના ધારાસભ્ય ગેનીબેનન ઠાકોરની આગેવાની હેઠળ કોંગ્રસ દ્વારા મોંઘવારીના વિરોધમાં એક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો, ભાભર હાઈવે શ્યામ હોટલ સર્કલ પાસે ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, ભાભર તાલુકા પંચાયતના પ્રમુખ રજનીશ ભાઈ ચૌધરી, જિ.પં. સદસ્ય હરજીભાઈ ચૌધરી, ભાવાજી ઠાકોર, ભાભર તાલુકા કોંગ્રેસ પ્રમુખ વશરામ ભાઈ ઠાકોર,

અનુસંધાન પાના નં.૬

# વાવ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ પદે વરણી

(તા.પ્રતિ.) વાવ

તા. ૮/૬/૧૮ ના રોજ વાવ તાલુકા પંચાયતના સભાખંડમાં પ્રમુખ કાંનજીભાઈ આર. રાજપુતના અધ્યક્ષ સ્થાને કારોબારીની બેઠક મળી હતી. જેમાં કારોબારી અધ્યક્ષની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં ચૂવા બેઠકના તા.પં.સદસ્ય અમરીબેન રામાભાઈ પટેલની કારોબારી અધ્યક્ષ પદે સર્વાનુમતે વરણી કરાઈ હતી. તેમની વરણીને ઉપસ્થિત તમામ સદસ્ય મિત્રો અને અગ્રણીઓએ વધાવી લીધી હતી.

જે પ્રસંગે વાવ તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુત, ઈ.ચાર્જ ટી.ડી.ઓ ભરતભાઈ ત્રિવેદી, વિસ્તરણ અધિકારી પંચાયત શિવરામ ભાઈ પટેલ, બ.કાં. જિલ્લા ભાજપ મંત્રી ટી.પી. રાજપુત, બ.કાં. જિ. યુવા ભાજપ મહામંત્રી રામસેંગભાઈ રાજપુત (કેશરકૃપા), સિદ્ધરાજસિંહ


વિષ્ણુ પરમાર

ચૌહાણ, રાયમલભાઈ ચૌધરી (સરપંચશ્રી મોરીખા), ખેમજીભાઈ પટેલ(ચૂવા સરપંચ), પ્રકાશભાઈ વ્યાસ, કલાભાઈ મકવાણા, ધેંગાભાઈ પરમાર, તેમજ કારોબારીના તમામ સદસ્ય મિત્રો હાજર રહ્યા હતા. તમામ સદસ્ય મિત્રોએ અને અગ્રણીજનોને કારોબારી અધ્યક્ષને ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી મીઠાઈની વહેંચણી કરાઈ હતી.જે પ્રસંગે કારોબારી અધ્યક્ષે પોતાના ઉપર પાર્ટીએ મુકેલા વિશ્વાસને સાર્થક કરી તાલુકાના વહીવટ અને વિકાસને વેગવંતો બનાવવાનું મીડીયા સમક્ષ જણાવ્યું હતું. તેમની વરણીને ચોમેરથી આવકાર સાંપડી રહ્યો છે.

# ભાભર તાલુકાના રોયટા ગામે ખેડૂતના વાડામાં આગ લાગતાં લાખોનું નુકશાન

### ઘાસચારો, ટ્રેક્ટર ઢાળીયુ બળીને ખાક

તા.પ્રતિનિધિ ભાભર

બનાસકાંઠા જિલ્લામાં ઘાસચારામાં આગ લાગવાની અનેક ઘટનાઓ બની છે. જેથી અબોલ પશુઓના માટે આવતો કોળીયો છીનવાઈ રહ્યો છે. એક બાજુ ઘાસચારાની અછત અને બીજી બાજુ ઘાસચારામાં આગ લાગવાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ભાભર તાલુકામાં કાળઝાળ ગરમી વચ્ચે બીજી


(વનરાજસિંહ રાઠોડ)

એક આગ લાગવાની ઘટના સામે આવી છે.

જાણવા મળતી વિગત મુજબ ભાભર તાલુકાના રોયટા ગામના જોહાભાઈ ભેમાભાઈ પટેલના વાડામાં શુક્રવારના સવારે કોઈ અગમ્ય કારણોસર

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં વિશ્વ કલ્યાણ અર્થે આકરી ગરમી વચ્ચે યુવકનું પંચાગ્નિ તપ

ડીસા

બનાસકાંઠાના ડીસા નજીક પાલનપુર હાઈવે પર આવેલા ભોયણ પાસે રામેશ્વર મહાદેવ મંદિર પરિસરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં એક કર્મકાંડી બ્રાહ્મણ યુવક હળાહળ કળિયુગમાં પણ સતયુગની પ્રતિતિ કરાવે તેવુ પંચાગ્ની તપ કરી રહ્યો છે. આ તપ માત્રને માત્ર વિશ્વ કલ્યાણ તેમજ લોકોની સુખાકારી માટે નિઃસ્વાર્થ ભાવે કરાઈ રહ્યું છે.

ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા પંડીત દુષ્યંત ગણેશભાઈ કૌશિક જન્મજાત કર્મકાંડી હોઈ લોકસેવાના ઉમદા આશયથી પુખ્ત વયની ઉંમરથી જ અગીયાર વખત પંચાગ્નિ તપ કરવાનો દૃઢ સંકલ્પ ગુરૂઆજ્ઞાથી કર્યો હતો. જેમના ગુરૂ હેમતજીના આદેશથી ૨૦૧૧ માં જેઠ


(ભરત સુંદેશા)

માસમાં અગનગોળા વરસાવતી ગરમી અને અગ્નિકુંડ વચ્ચે મહાદેવીયા ખાતે આવેલ સોનેશ્વર મહાદેવના સાનિધ્યમાં ૧૯ વર્ષની વયે પંચાગ્ની તપની શરૂઆત કરી હતી. ત્યારબાદ ૨૧ વર્ષની વયે ૨૦૧૩ માં ફરી જેઠ માસના ધોમધખતા તાપમાં અગ્નિ પ્રજવલિત કરી હવન વચ્ચે બેસી મહાદેવીયા અનુસંધાન પાના નં.૬

# હિંમતનગર નજીક કારમાં દારૂની હેરાફેરી કરતા બે ઇસમો ઝડપાયા

પ્રતિનિધિ હિંમતનગર

સાબરકાંઠા પોલીસ અધીક્ષકે જિલ્લામાં પ્રોહીબીશન તથા જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા સૂચન આપેલ હોય અને પ્રોહિ ડ્રાઈવનું આયોજન કરેલ હોય જે સંદર્ભે હિંમતનગર બી ડીવીઝન પો.સ.ઈ. વી.યુ. ગડરીયા તથા ડી સ્ટાફના માણસો આ દિશામાં સખત વોચ તથા પેટ્રોલિંગમાં હતા તે સમય દરમિયાન ગઈકાલે તા૦૭/૦૬/૨૦૧૮ ના રાતના કલાક ૨૨/૦૦ વાગે પો.સબ. ઈન્સ્પેક્ટર વી.યુ. ગડરીયા તથા ડી સ્ટાફના માણસો વિદ્યાનગરી ચાર રસ્તા ખાતે વોચ તથા વાહન ચેકિંગમાં હતા દરમિયાન


સતીશ ભટ્ટ

બાપની હકીકત આધારે એક ઈન્ડિગો કાર નંબર GJ.01.RJ.0242 ની આવતા તેને રોકી તેની ડેકી ખોલાવી જોતા અંદર ભાગે વિદેશી દારૂની ૮૪ બોટલ અનુસંધાન પાના નં.૬

# ભાભરમાંથી બાઇકની ઉઠાંતરી

(પ્રતિ.) ભાભર

છેવાડાના તાલુકા મથક ભાભર ખાતે ચોરીઓનો સીલસીલો યથાવત રીતે આગળ ધપી રહ્યો છે. ગઈ રાત્રે ભાભરમાંથી એક બાઇકની ઉઠાંતરી થઈ ગઇ છે. ભાભરના ખાડિયા વિસ્તારમાં રહેતા નિરવભાઈ ભરતભાઈ ઠક્કરની માલિકીનું બાઈક તેમના ઘર આગળ પાર્ક કરેલ હતું. એ વખતે કોઈ અજાણ્યા શખ્સો G.J.8 - 3700 નંબરના આ સીડી ડીલક્ષ બાઈકની ઉઠાંતરી કરી ગયા હતા.

# દાંતીવાડા ખાતેની મોડલ સ્કૂલમાં વિદ્યાર્થીઓના પ્રવેશનો પ્રશ્ન વકર્યો

### ધો.૯ નો નવો વર્ગ શરૂ કરવાની માંગ

(પ્રતિ.) દાંતીવાડા

ગુજરાત સરકાર દ્વારા તાલુકા મથકે ધો. ૯ થી ૧૨ સુધી મોડલ સ્કુલ બનાવેલ છે. કરોડોના ખર્ચે બનાવેલ મોડલ સ્કુલમાં આ વખતે ધો-૮ અને ૯ માટે ૨૨૮ અરજી આવેલ.


ઈશ્વર રબારી

જેમાંથી મેરીટ પ્રમાણે માત્ર ૨૮ વિદ્યાર્થીઓને એડમીશન મળેલ. બીજા વિદ્યાર્થીઓને

અનુસંધાન પાના નં.૬


## શ્રદ્ધાંજલિ



**સ્વ.પચાણભાઈ હીરાભાઈ રાજપુત**

સ્વ.તા.૦૫/૦૬/૨૦૧૮ (ચાળવા)

તમારા સ્મરણો તેમજ વાત્સલ્યભરી સ્મૃતિ સદાય અમારા હૃદયમાં જીવંત છે, આપનો માયાળુ અને નિસ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી સૌની અભ્યર્થના...

લિ.

**ધી લાખણી તાલુકા ખરીદ વેચાણ સંઘ**

મુ.પો.લાખણી, તા.લાખણી, જિ.બ.કાં.

ચેરમેન : નાંનજીભાઈ તેજાભાઈ પટેલ

વાઈસ ચેરમેન : તેજાભાઈ પચાણભાઈ રાજપુત

મેનેજર : કાન્તીભાઈ ભીખાભાઈ પટેલ

તથા તમામ સભાસદો અને ડીરેક્ટરશ્રીઓ

## બેસણું



સ્વ. ઠાકોર સીતાબેન ભુપતાજી
સ્વ.તા. ૮-૬-૨૦૧૮

અમારા ભાઈશ્રી ભુપતાજી સરદારજી ઠાકોર (વા.ચેરમેન, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરા) ના ધર્મપત્ની સ્વ. ઠાકોર સીતાબેન ભુપતાજીનું તા. ૮-૬-૨૦૧૮ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. ભગવાનને ગમ્યું તે ખરું. સદ્દગતનું બેસણું તા. ૧૪-૬-૨૦૧૮ ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

મું. મંગળપુરા, તા. કાંકરેજ, જિ.બનાસકાંઠા મો. ૯૪૨૭૦ ૫૦૦૮૫

લિ.

ઠાકોર ભુપતાજી સરદારજી (વા.ચેરમેન, એ.પી.એમ.સી.થરા)
ઠાકોર ભાલુજી સરદારજી
ઠાકોર સોમાજી મોહનજી
ઠાકોર જીવણજી ભુપતાજી (પુત્ર)
ઠાકોર ચતરાજી સરદારજી
ઠાકોર ભુદરાજી સરદારજી
ઠાકોર બચુજી સરદારજી
ઠાકોર રમેશજી ભુપતાજી (પુત્ર)
ઠાકોર વિરમાજી ચતરાજી

## હાર્દિક અભિનંદન



એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન પદે માનનીય **શ્રી શંકરભાઈ ચૌધરી** ની બીજી વખત વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન...

લિ.

**માળી રામાભાઈ જગમાલભાઈ**

**માળી ઈશ્વરભાઈ માનસેંગભાઈ**

**ધી ગંભીરપુરા દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી**

મુ.પો.ગંભીરપુરા, તા.વાવ, જિ.બનાસકાંઠા
તથા કમિટિ સભ્યશ્રીઓ

## હાર્દિક અભિનંદન



**શ્રી શંકરભાઈ ચૌધરી**
ચેરમેનશ્રી, બનાસડેરી
પૂર્વ આરોગ્ય મંત્રીશ્રી,
ગુજરાત સરકાર

આપની બનાસડેરીના ચેરમેન પદે થયેલી પુનઃ બિનહરીફ વરણીને આવકારી અભિનંદન પાઠવીએ છીએ, આપ દિન પ્રતિદિન રાજકીય અને સહકારી ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કરો તેવી શુભકામનાઓ સાથે અભિનંદન..

લિ.



**પ્રકાશભાઈ એચ. વ્યાસ**
(માવસરીવાળા)
ઉપપ્રમુખશ્રી, વાવ તાલુકા યુવા ભાજપ
ડે.સરપંચ, માવસરી ગ્રામ પંચાયત, તા.વાવ